
# મિયાં ને મહાદેવનો મેળ પડશે જ પડશે

કાન્તિ શાહ



GJ 891.478
SH 136 M

તેરા સાંઈ તુઝમેં હૈ, જાગ સકે તો જાગ !

# કબીર — મારી આદર્શ મૂર્તિ

કબીરનો હું પ્રશંસક. એનાં અનેક કારણો. તેમાં એક તો એ કે કબીરે હંમેશાં વ્યક્તિની વાત કરી છે. તેરા સાંઈ તુઝમેં હૈ, જાગ સકે તો જાગ !

કબીર સંપ્રદાયોનો વિરોધ કરતા. જો લોકોએ કબીરને નામે સંપ્રદાયો બનાવ્યા હોય, તો એમાં કબીરનું કશું કર્તૃત્વ નથી. અને કેટલાયે ધાર્મિક પંથો કબીરને પોતાના ગણાવતા હોય, એમાંયે કબીર જવાબદાર નથી. એમણે પોતે તો નથી આવું કંઈ કહ્યું, નથી કર્યું.

કબીરનું જીવન અને કવન અનેકતાનું પ્રતિનિધિત્વ કરે છે. તેમાં કયારેય એક ધર્મ, એક માન્યતા, એક પદ્ધતિ યા એક વિચારધારા નહિ પણ અનેક ધર્મો, અનેક વિચારધારાઓ, અનેક પદ્ધતિઓ અને માન્યતાઓ સમાયાં છે.

વર્ષોથી કબીર વારંવાર મારી સામે આવતા રહ્યા, વિવિધ રીતે. ક્યારેક સંગીત દ્વારા. કુમાર ગાંધર્વ જ્યારે કબીરને ગાય, ત્યારે શબ્દો પીગળી જાય. કુમારજીનાં ભજનો ઘણી વાર સાંભળ્યાં, અને મને વિચાર આવ્યો કે એ જો કબીરને ગાઈ શકે, તો મારાથી કબીરને ચીતરી ન શકાય ? હું મારાં કલ્પનો અને કબીરના શબ્દો વચ્ચેના સંબંધને લક્ષ્યમાં રાખી કાર્યરત છું, એવો સંબંધ જે ચિત્રકલા અને લેખનકલા વચ્ચે હોય.

આજે જ્યારે જીવનમાં ભય પેસી ગયો હોય, ત્યારે આપણે કેટલુંક કહેવાનું અને કરવાનું ટાળીએ છીએ. આમ છતાં બોલવું તો જોઈએ, કહેતા રહેવું જોઈએ વારંવાર, જે કોઈ યુક્તિપ્રયુક્તિ હાથ લાગે તેનો ઉપયોગ કરીને. કલાકારો અને સ્વાતંત્ર્યપ્રેમી વ્યક્તિઓની જવાબદારી પૂર્વે કયારેય નહોતી એટલી મોટી આજે છે. જે કહેવું છે તે કહેવાનું —કોઈની કે કશાની વિરુદ્ધ નહિ, પણ માત્ર આપણે જે માનીએ છીએ તે કહેવાનું —ઉત્તરોત્તર વધુ ને વધુ કપરું બનતું જાય છે. આપણા સમય માટે, આ યુગ માટે, એક આદર્શ મૂર્તિની જરૂર છે. મને લાગે છે ત્યાં સુધી કબીર એક સરસ આદર્શ છે. કબીરને ચિત્રિત કરવાના મારા હેતુઓમાંનો એક કંઈક આવો જ છે.

આપણે આપણા ઇતિહાસનું અર્થઘટન કરવાનું છે. વસ્તુઓને અલગ પાડતા અને એક અથવા બીજાની પસંદગીનું દબાણ લાવતા ઇતિહાસના કાટમાળ, જેની હેઠળ આપણે સ્વયં દબાયા છીએ, તેમાંથી પેલા સમન્વયવાદી ઇતિહાસને ખોદીને બહાર કાઢવાનો છે.

**૦ ગુલામ મોહમ્મદ શેખ ૦**

(શ્રીમતી કવિતા સિંહ સાથેના વાર્તાલાપમાંથી સારવીને)

# મિયાં ને મહાદેવનો મેળ પડશે જ પડશે

કાન્તિ શાહ

યજ્ઞ પ્રકાશન

ભૂમિપુત્ર હુજરાતપાગા વડોદરા ૩૯૦ ૦૦૧

MIYAN NE MAHADEVNO MEL PADSEJ PADSE

૩૦ રૂપિયા

GnJ
891.478
Sk 136 M
INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 130262
Date 9-9-2010
SIMLA

આવરણ : ગુલામ મોહંમદ શેખ

પ્રથમ આવૃત્તિ
એપ્રિલ ૨૦૦૫ : પ્રત ૧૦૦૦
પુનર્મુદ્રણ
જુલાઈ ૨૦૦૬ : પ્રત ૫૦૦

પ્રકાશક
જગદીશ શાહ
યજ્ઞ પ્રકાશન સમિતિ હુજરાતપાગા વડોદરા ૩૯૦ ૦૦૧

મુદ્રક
મધુ પેકેજિંગ કારેલીબાગ વડોદરા ૩૯૦ ૦૧૮

---

## અ નુ ક્ર મ


| | | |
|---|---|---|
| | એક જમીં પર રહિયે | ૩ |
| ૧ | મિયાં ને મહાદેવનો મેળ પડશે જ પડશે | ૭ |
| ૨ | ભારતીય મુસ્લિમોને ઉદ્દેશીને | ૧૨ |
| ૩ | થોડુંક હિંદુઓને પણ | ૧૯ |
| ૪ | ઇસ્લામ, અમારો ઇસ્લામ — ભારત, અમારી ભૂમિ | ૨૬ |
| ૫ | પૃથ્વીના પટ ઉપર આવો દેશ બીજે ક્યાં છે ? | ૩૩ |
| ૬ | એક જ ધરતીનાં સંતાનોનો અતૂટ નાતો | ૩૯ |
| ૭ | સહિયારી પ્રાચીન સંસ્કૃતિની નક્કર જમીન | ૪૬ |
| ૮ | તાજગીભરી નિરામય હવાનો સ્પર્શ | ૫૩ |
| ૯ | આપણો સનાતન વારસો | ૬૧ |
| ૧૦ | સમાપન વેળાએ એક સમગ્ર નજર | ૬૬ |
| ૧૧ | મિયાં ને મહાદેવ મેળ પાડ્યા વિના રહી જ કેમ શકે ? | ૭૪ |

# એક જમીં પર રહિયે !

**બે** પુસ્તકો હાથમાં આવ્યાં. તેનો થોડોક પરિચય અહીં કરાવ્યો છે. બંને આ

Library IIAS, Shimla
GJ 891.478 SH 136 M
00130262

. તેમાં બંનેનાં અંતરની કાંઈક ઝાંખી મળે છે :

કે દિલ મેં હોતા હૈ. યહ એક ઐસી કમજોરી હૈ, જિસસે કતા હૈ ?'' (પાન ૮)

જો વિશ્વના નકશામાં આ પૃથ્વીના પટ ઉપર ? '' (પાન ૩૮)

''આપણે સહુ એક જ ધરતીનાં સંતાન. જ્યારે લોહીનો નાતો નથી તૂટી શકતો, તો ધરતીનો નાતોયે કેમ તૂટી શકે ?'' (પાન ૪૫)

''ભારતીય મુસ્લિમનો પહેલો નાતો ભારત સાથે. માતૃભૂમિ પ્રત્યેની વફાદારી એ કાંઈ ઇસ્લામની વિરુદ્ધની વાત નથી. પયગંબરે કહ્યું છે તેમ —'વતન પ્રત્યેનો પ્રેમ ધર્મનિષ્ઠાનો જ એક ભાગ છે.' આવો પ્રેમ ભારતીય મુસ્લિમો જેટલો વધુ કેળવશે, તેટલું એમની અને હિંદુઓની વચ્ચે ઊભું થઈ ગયેલું અળગાપણું ભૂંસાતું જશે.'' (પાન ૧૭)

''ભારતનો સમજદાર મુસલમાન એ વાત સમજે છે કે ભારતમાં હિંદુઓ સાથે રહેવાથી ભારતીય મુસલમાનની દૃષ્ટિમાં ને વિચારમાં વ્યાપકતા આવી છે તથા ભાવનાના સ્તરે તેનું ધૈર્ય વધ્યું છે, કેમ કે બીજા દેશોમાં એક જ ધર્મ, એક જ સંસ્કૃતિ, એક જ ભાષાવાળાઓ સાથે રહેવાથી અહીં જે લાભ મળે છે તે નથી મળી શકતો. હિંદુ ધર્મમાં એક ભગવાનની ઉપાસનાને બદલે અનેક ભગવાનો મનાય છે, તેને કારણે કટ્ટરતા ને સંકીર્ણતા ઘણી દૂર થાય છે. જમીન ઉપરવાળાની, બંદા ખુદાના, એ જ ચિંતન ભારતની માટીનો ગુણ હતો. જેણે સિંધુ નદી પાર કરી, તે ભારતનો થઈને રહ્યો. તેણે મોહબ્બત કરતાં શીખી અને શીખવી પણ. આ જ એકતા અંગ્રેજોને ગળાના કાંટાની જેમ ખૂંચી. તેથી અંગ્રેજોએ આ એકતાને તોડી, અને જતાં-જતાં દેશના ભાગલા પાડી જઈને એક સામાજિક વિખવાદ તેઓ આપણા માથે મારી ગયા છે.'' (પાન ૫૨)

''આ દેશના ભાગલા એ સૌથી વધુમાં વધુ અનર્થકારક માનવીય દુર્ઘટના છે.'' (પાન ૧૩)

''હિંદુ ને મુસલમાન આ દેશમાં હજાર વરસથી સાથે રહેતા આવ્યા છે અને હજીયે સાથે જ રહેવાના છે. અહીં એમની સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિ પાંગરી છે. દ્વિ-રાષ્ટ્રની થિયરી અને દેશના ભાગલા એ હિમાલય જેવડી મોટી ગંભીર ભૂલ હતી.'' (પાન ૧૫)

''સરદાર પટેલે કહેલું કે નદીનાં પાણીને જુદાં કરી શકાતાં નથી, તેમ હિંદુઓ અને મુસ્લિમોને પણ જુદા કરી શકાય તેમ નથી. આપણી વચ્ચે ભેદભાવ કરતાં સમાનતા જ ઘણી-ઘણી વધારે છે.'' (પાન ૧૮)

''દેશના ભાગલા કેવળ મુસલમાનોને કારણે જ પડ્યા છે ? તેમાં હિંદુ-મુસ્લિમ બંનેની ભૂલ નહીં હોય ? શું બધો દોષ મુસલમાનોનો જ હતો ? અને માન્યું કે કદાચ એમ હોય

પણ ખરું, તોયે દરેક ગુનાની સજા કેવળ એક વાર અપાય છે; એક જ ગુનાની સજા વારંવાર અપાતી હોય એવું તો કયાંય કદી જાણ્યું નથી !'' (પાન ૩૯)

''આપણે બધા જ આ હિંદુસ્તાન દેશના રહેવાસીઓ હિમાલયમાંથી નીકળેલી ગંગાનું પાણી પીએ છીએ. જ્યાં ગંગા નથી વહેતી, ત્યાંના લોકો ગંગાજળ લઈને પોતાના ઘરમાં રાખે છે. આ ધરતીનું જ જાડું-ઝીણું અનાજ આપણે સહુ ખાઈએ છીએ. એક જ આસમાન નીચે સૂઈએ-જાગીએ છીએ. એક જ સૂરજ-ચાંદના પ્રકાશથી જીવીએ છીએ. તો પછી એકબીજાથી આટલાં બધાં અળગાં કેમ થઈ જઈએ છીએ ? વચ્ચ-વચ્ચે એકબીજા પ્રત્યે આટલાં ક્રૂર ને નિર્દયી કેમ બની જઈએ છીએ ?'' (પાન ૩૫)

''વાસ્તવમાં, ખરી ચૂક ત્યાં થાય છે કે આપણે લોકો ન તો આપણી ભૂલોને સહિયારી માની શકીએ છીએ, ન તેનું પ્રાયશ્ચિત્ત પણ સાથે મળીને કરવાની શક્તિ ભેળી કરી શકીએ છીએ. બલ્કે, આપણે આપણી બધી જ શક્તિ એબીજાને નીચા દેખાડવામાં જ લગાડી દઈએ છીએ. આરોપ-પ્રતિ આરોપની જાળમાંથી કયારે આપણને મુકત કરી શકીશું ? કયારે આપણે સમજી શકીશું કે માનવીય ગૂંચો માનવીય ઉપાયોથી જ ઉકેલી શકાશે ? જ્યારે આપણે સહુએ સાથે જ જીવવાનું છે, ત્યારે આપણે આપણી વચ્ચે નાહકની તાણભરી સ્થિતિ શું કામ ઊભી કરતા રહીએ છીએ ? તાણભરી ઉગ્ર અભિવ્યક્તિઓ આપણી સર્જનશક્તિને નિચોવી નાખે છે.'' (પાન ૩૮)

''એકબીજાનો થોડોક ખ્યાલ રાખીએ, એકબીજાની થોડીક ઇજ્જત રાખતા થઈએ, એકબીજા વિશેની સાચી સમજ કેળવીએ. કેવી અજબ વાત છે કે માણસ માણસથી ડરતો રહે, પોતાની જ નસ્લ વિરુદ્ધ સાવ નકામી ને બેહૂદી વાતો પોતાના દિમાગમાં ભરતો રહે ! આવું શું કામ ? આપણે સહુ હિંદુસ્તાનના જ બાશિન્દા, આપણી વચ્ચે ભેદની દીવાલ શું કામ ? ધર્મ જુદો હોય તો હોય, પણ આપણી સંસ્કૃતિ તો એક જ છે ને !'' (પાન ૪૪)

''હિંદુ ને મુસ્લિમ બંનેએ રાષ્ટ્રના હિતને નજર સામે રાખીને પોતપોતાના આચરણનું ઝીણવટથી અવલોકન કરવું પડશે. આપણે એકબીજાને કેટલા ઓળખીએ છીએ ? અને એકબીજાને ઓળખતા જ નથી, તો એકબીજાને સમજી તો કેવી રીતે શકવાના ? તેથી સ્તો એકબીજા પ્રત્યે વાત-વાતમાં સળગી ઊઠીએ છીએ. એકબીજાને નુકસાન પહોંચાડવામાં પાછું વળીને જોતા નથી. એકબીજાની હજારો બૂરાઈઓ જ હમેશાં શોધતા ફરીએ છીએ. આપણને ખબર નથી કે આમ કરીને આપણે એકબીજા ઉપર પ્રહાર કરતા નથી, પણ આપણી પોતાની જ જડ ખોદી રહ્યા છીએ, આપણા પોતાના જ દેશને કમજોર બનાવી રહ્યા છીએ, આપણા પોતાનાઓ પ્રત્યે જ ઘૃણા કરવાનું શીખવી રહ્યા છીએ. આમાં વાત દૃષ્ટિની છે, મોહબ્બતની છે, સમજદારીની છે, સહિયારા સહજીવનની સભાનતાની છે.'' (પાન ૩૭)

''બાકી, હિંદુ ધર્મ એટલો સાંકડો નથી કે મુસલમાનોને ઊભા રહેવાની જગ્યા ન દે, અને ઇસ્લામ ધર્મ એટલો કટ્ટર નથી કે હિંદુઓને પોતાની સાથે ન રાખી શકે.'' (પાન ૪૪)

''મુસ્લિમોએ પોતાનામાં જે કાંઈ ખોટું ને ખરાબ હોય, તેને કાઢી નાખવાનું શીખવું જોઈએ તથા હિંદુઓએ ઇસ્લામમાં જેટલું સારું ને ઉમદા જણાય તેને માન ને આદર આપવાનું

શીખવું જોઈએ. એક વાર આટલું થશે, તો પૂર્વગ્રહ અને અવિશ્વાસનાં જાળાં સાફ થઈ જશે, અને ખરેખર હૃદયોનો સંગમ થશે. સૂફી શાયર જલાલુદ્દીન રુમીએ કહ્યું છે : તને અહીં લોકોનાં હૃદયોને જોડવા મોકલ્યો છે, તોડવા નહીં.'' (પાન ૩૦)

''ઇસ્લામનું એક વિકૃત સ્વરૂપ ઊભું થયું છે, તેને ભૂંસી નાખીને ઇસ્લામને તેના અસલ સ્વરૂપમાં ઓળખવાની આજે તાતી જરૂર છે.'' (પાન ૩૦)

''નગ્ન હકીકત એ છે કે ભારતની ભૂમિ અને ભારતની સંસ્કૃતિ સાથેનો ઇસ્લામનો સંબંધ પયગંબરના ગયા બાદ લગભગ તુરતના જ અરસામાં શરૂ થઈ ગયેલો છે, અને તે સંબંધ તલવારનો નહીં, પ્રજાજીવન સાથેના તાલમેળનો સંબંધ છે. ઇસ્લામ અહીંના પ્રજાજીવન સાથે અને અહીંની સંસ્કૃતિ સાથે ઓતપ્રોત થતો ગયો હતો. પરંતુ ભારતભૂમિ સાથેના ઇસ્લામના આ પ્રથમ સંપર્કનો ૫૦૦ વરસનો ઇતિહાસ કોણ લખે ? ઇતિહાસ તો લખાય બાદશાહોનો ને લૂંટારાઓનો ને વિજેતાઓનો !'' (પાન ૩૨)

''મુસલમાન એટલે ઝઘડાળુ, વાત-વાતમાં ચાકુ ઉછાળનારો, 'ઇસ્લામ ખતરમાં'ના નારા પોકારનારો. મુસલમાન એટલે સૂતળી બૉમ્બ રાખનારો, દાઉદ અને લાદેનનો સાગરિત. બસ, આટલી જ ઓળખ આજે મુસલમાનની બચી છે ! આવી સદંતર ખોટી છાપ ભૂંસીને મુસલમાનની સાચી છાપ ફરી કેમ ઊભી કરવી ? ઇસ્લામ વાસ્તવમાં એક સાચો મુસલમાન કોને કહે છે ? અરે, ઇસ્લ઼ામ જૂઠ, ફરેબ, બેઈમાનીને તો ધિક્કારે જ છે, પણ એટલે સુધી કહે છે કે કોઈનુંયે દિલ તોડવું એ કાબાને તોડવા બરાબર છે.'' (પાન ૩૬)

''ઇસ્લામને તેના પુરાતન આદિકાલીન ઉજ્જવળ સ્વરૂપમાં ફરી દુનિયા સમક્ષ પ્રગટ કરવાની જરૂર છે. ઇસ્લામના ઉપાસકોએ પોતાના વહેવાર-વર્તન દ્વારા ઇસ્લામના ઉજ્જવળ ઉદ્‌ભવકાળને પાછો લાવીને અનુકંપા ને કરુણાભાવનાં સાક્ષાત્ દર્શન કરાવવાં જોઈએ. ઇસ્લામના અનેક મહાન સંતો ને ફિલસૂફોએ, કવિઓ ને વિજ્ઞાનીઓએ જ્યાં વેરભાવ હતો ત્યાં બંધુભાવની અને જ્યાં સંઘર્ષ હતો ત્યાં સહકારની ભાવના ફેલાવી છે. ભારતના મુસ્લિમોએ પણ આજે પોતાના ઉદાહરણ દ્વારા ઇસ્લામનો સહિષ્ણુતા અને બંધુભાવનો સંદેશ સગુણ સાકાર સ્વરૂપમાં રજૂ કરવાનો છે તથા સહુ કોઈ બિન-મુસ્લિમોને ખાતરી આપવાની છે કે અમારો ધર્મ 'જીવો અને જીવવા દો'માં જ માને છે.'' (પાન ૧૭)

''કુરાન માત્ર મુસ્લિમો માટે જ નથી, દુનિયા આખી માટે છે. કુરાન-શરીફમાં દરેક જગ્યાએ આલમ (દુનિયા)ને સંબોધિત કરી છે, મુસલમાનને નહીં. પણ પાછળથી તેના અર્થઘટનમાં સંકીર્ણતા આવી ગઈ. કુરાનની પહેલી આયતમાં છે કે બધા ઇન્સાન એક ઉમ્મત (જમાત, પરિવાર)ના છે. એટલે કુરાન બધા માટે છે, માત્ર મુસલમાનોના એક સમુદાય-વિશેષ માટે નહીં.'' (પાન ૬૩)

''ભારતીય મુસલમાને બેવડી ભૂમિકા ભજવવાની છે. તેણે બહેતર ઇન્સાન અને બહેતર ભારતીય નાગરિક બનવાનું છે. ભારત જ એમની માતૃભૂમિ છે. તેની દસ પેઢીનાં મુરદાં આ જ જમીનમાં દફનાવાયાં છે. દુનિયામાં એમની ઓળખ 'ભારતીય મુસલમાન' તરીકેની જ છે.'' (પાન ૬૪)

"મુસલમાનોના કહેવાતા નેતાઓ તો એમને ખોટે માર્ગે જ દોરતા રહ્યા છે. તેને બદલે ભારતના મુસ્લિમોએ પોતાના હિંદુ દેશબંધુઓ સાથે સુમેળનો ને સહકારનો માર્ગ અપનાવવો જોઈએ. હિંદુઓ સાથે સમજદારીનો એક સેતુ ઊભો કરવો જોઈએ અને રાષ્ટ્રીય મધ્ય પ્રવાહમાં ભળીને પોતાનું યથાયોગ્ય યોગદાન આપતા રહેવું જોઈએ. સાથે મળીને કામ કરવું અને રાષ્ટ્ર માટે મૂડી રૂપ બનવું, તેમાં જ આપણું ભવિષ્ય છે." (પાન ૧૫)

"હિંદુઓ અને મુસલમાનો વચ્ચે સેંકડો વરસથી સહિયારું સહજીવન પાંગરતું આવ્યું છે. બંને એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. એ જ આ દેશની એકતાને કાયમ રાખશે. ભારતીય સંસ્કૃતિમાં બંને કોમ વચ્ચેના સહિયારા સહજીવનનાં મૂળિયાં એટલાં ઊંડાં છે કે છેવટે આપણું રાષ્ટ્રીય એકત્વ અખંડિત જ રહેવાનું છે." (પાન ૧૦)

"ઇકબાલે ગાયું છે કે 'કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી'. આ સંસ્કૃતિમાં એવું કાંઈક છે, જે તેને કાયમ ટકાવી રાખે છે. આ 'કાંઈક' શું છે, તે આપણે સહુએ બરાબર સમજવાનું છે અને તેને જાળવી રાખવાનું છે. આપણો આ સનાતન વારસો છે. ખરા-ખોટાના ઝમેલામાં ન પડો. એકતા કેમ પુષ્ટ થાય, એ જ જુઓ." (પાન ૬૫)

"રાજકારણે અત્યાર સુધીમાં બહુ ઝેર જ ઝેર ઘોળ્યે રાખ્યું છે. આ બધા રાજકારણીઓને કહી દઈએ કે અમને અંદરોઅંદર લડાવી મારવાનો તમારો ધંધો હવે બંધ કરો. કોઈ બીજો સારો કામધંધો શોધી લો. બીજાનાં ગળાં કાપવાનું ને કપાવવાનું બંધ કરો. બસ, હવે બહુ થઈ ગયું !" (પાન ૩૬)

—આ બંને મુસ્લિમ બિરાદરોએ રાજકારણથી સદંતર દૂર રહીને જ આ સવાલની છણાવટ કરી છે. એમની હૃદયસ્પર્શી નિખાલસ છણાવટ આપણા મનમાં ભરાયેલા રાજકારણી કચરાને સાફ કરી નાખીને આપણને એક નવી જ તાજગીભરી નિરામય હવાનો અહ્લાદક સ્પર્શ કરાવી જાય છે. આ બંને પુસ્તકો એક નવી હવા અને સ્નેહ-સૌહાર્દનું તેમ જ આત્મીય સમજદારીનું એક એવું વાતાવરણ ઊભું કરી આપે છે કે જેથી આપણે આ પ્રશ્નની ઢાંચાઢાળ ચર્ચામાંથી બહાર નીકળી જઈએ છીએ. આ બંને બિરાદરો હિંદુ-મુસ્લિમ વિખવાદની વાતને રાજકારણના આટાપાટામાંથી, કટ્ટરવાદની કલુષિતતામાંથી તેમ જ તાર્કિક ને બૌદ્ધિક વિવાદોમાંથી બહાર કાઢી લઈને આપણને નવેસરથી નવી ઢબે વિચારવા પ્રેરે છે. બંનેનું ધ્રુપદ છે, હિંદુ-મુસ્લિમ એકતા અને ભારતની સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિ.

અને આ એકતાની ને આ સહિયારી સંસ્કૃતિની સગુણ સાકાર મૂર્તિ રૂપ કબીરને સર્વથા સમુચિતપણે આપણી સામે મૂકી આપ્યા છે, ગુજરાતના ગૌરવ સમા આપણા સ્નેહી મિત્ર ગુલામ મોહમ્મદ શેખે. શબ્દના તેમજ રંગરેખાના એક ગણ્યમાન્ય કળાકાર એવા આપણા શેખભાઈએ કબીરને રંગરેખા દ્વારા તેમ જ શબ્દ દ્વારા આપણી સામે હાજરાહજૂર કરી દીધા છે. મિયાં ને મહાદેવના મેળ માટે કબીર એક આદર્શ મૂર્તિ છે. છેલ્લો શબ્દ કબીરને જ કહેવા દઈએ –

*વહી મહાદેવ વહી મહંમદ, બ્રહ્મા-આદમ કહિયે*
*કોઈ હિંદૂ કોઈ તુરક કહાવૈ, એક જમીં પર રહિયે.*

વડોદરા, ૧ એપ્રિલ ૨૦૦૫

**– કાન્તિ શાહ**

# ૧

# મિયાં ને મહાદેવનો મેળ પડશે જ પડશે

'**મિયાં**નો ને મહાદેવનો કદાપિ મેળ ખાય નહીં !' —આવું ક્યારેક ક્યાંક સાંભળું છું, ત્યારે બુદ્ધિને ને હૃદયને ઘડીક ખાલી ચઢી જાય છે, વિચારની ને પ્રેમની શક્તિની કાંઈક કુંઠા અનુભવાય છે. શું આ હિંદુ-મુસ્લિમ એકતાની વાત, શું આ બંનેની સહિયારી સુમિશ્રિત સંસ્કૃતિની વાત ફિફાં ખાંડવા જેવી છે ? કયા આધારે, કઈ આસ્થાના બળે, કોના બળ-બૂતા ઉપર આ મથામણ આપણે કરી રહ્યા છીએ ? શું આ બધું વૃથા છે ? ખરે જ, અંતરમાં ખોવાઈ જવાય છે. સામાન્ય સધિયારા કે તર્ક કે બુદ્ધિ કરતાં કાંઈક વિશેષની ત્યારે જરૂર જણાય છે.

હા, રામકૃષ્ણ પરમહંસ ત્યારે મન:ચક્ષુ સામે આવીને ઊભે છે. મિયાંના ને મહાદેવના આદ્ય ધર્મ-પ્રણેતાઓના એકત્વની સાખ તેઓ કોઈ દલીલથી કે તર્કથી નહીં, પોતાના રોમરોમની સાક્ષાત્ અનુભૂતિથી પૂરે છે. એ સાક્ષાત્કાર કદાપિ મિથ્યા ન હોઈ શકે. મહાત્મા ગાંધી આવીને નજર સામે ખડા થઈ જાય છે. હિંદુ-મુસ્લિમ એકતા બાબત એ મહાત્માનેય આવો જ આત્મ-પ્રત્યય હતો. તેના વિના આવો આર્ત પોકાર ઉદ્ભવે જ શી રીતે કે —"આ દેશના ભાગલા મારા શરીરના vivisection —જીવતોજીવત વહેરામણ સમાન, વિચ્છેદન સમાન હશે." અને એવું ભીષણ વિચ્છેદન સહન કરી લેવું પડ્યું, તે પછીયે એ મહાત્માનું દિલ તો કહેતું જ રહ્યું :

"હજી તો રાજકારણનો હું કક્કોયે નહોતો જાણતો ત્યારથી મારી ઊગતી જુવાનીમાં મેં કોમી એકતાનું સપનું જોયેલું. હજી મારી આથમતી જિંદગીમાં આ સપનાને હું સાકાર થતું અનુભવીશ, તો નાના બાળકની જેમ નાચી ઊઠીશ. આવા સપનાને સાકાર કરવા પોતાના પ્રાણ પણ કોણ ન્યોચ્છાવર ન કરી દે ?" અને ખરે જ, અંતે પોતાના પ્રાણ પણ ન્યોચ્છાવર કરીને એ ચાલ્યા ગયા. એવા મહાત્માનું આવું સપનું મિથ્યા શી રીતે હોઈ શકે ?

આવા મહાન આત્માઓનું પાવનકારી સ્મરણ થાય છે, અને અંતરમાં અનેરી પ્રેરણા અનુભવાય છે. અંદરથી રણકો ઊઠે છે કે કોમી એકતાની આ વાત હરગિજ વૃથા નથી, હરગિજ મિથ્યા નથી; તેથી એમના પ્રત્યેના ઋણ-ફેડન માટે જ નહીં,

બલ્કે એમની વાતને આગળ ચલાવવામાં આપણો યત્કિંચિત્ ફાળો આપી જવામાં જ આપણુંયે જીવન-સાફલ્ય છે તથા માનવજાતનું કલ્યાણ છે, એમ માનીને આ મથામણ અવિરત અખંડ ચાલુ રાખવાની છે.

અને છતાં ક્યારેક-ક્યારેક મનમાં જરૂર થઈ આવે છે —આ ભગીરથ મથામણમાં આપણે કેટલા ? આજુબાજુનું આખુંયે વાતાવરણ કેટલું બધું કલુષિત થઈ ગયું છે ! વિપરીત પરિબળો કેટલાં બધાં બળૂકાં થઈ જઈને કેવા કેવા વિઘાતક ખેલ ખેલી રહ્યાં છે ! આમાં આપણી તતૂડી ક્યાં વાગશે ?

આવી મન:સ્થિતિ વચ્ચે હમણાં બે પુસ્તકો હાથમાં આવ્યાં, જેમણે હૃદયમાં નવો ઉત્સાહ ભરી દીધો તથા આ મથામણ માટે અનેરી હામ આપી. અંતરમાં એવી પ્રતીતિ થઈ કે આપણે એકલા નથી, કાંઈ કેટલાંયે જાણ્યાં-અજાણ્યાં માનવહૈયાં આવું જ કાંઈક ઝંખે છે, આવું જ કાંઈક થાય તે માટે તલસે છે તથા પોતપોતાની રીતે આ માટે યત્કિંચિત્ મથતાં રહ્યાં છે.

પહેલું પુસ્તક હાથમાં આવ્યું, બહેન નાસિરા શર્માનું—'રાષ્ટ્ર ઔર મુસલમાન.' (૨૦૦૩માં પ્રકાશિત થયું છે.) ૧૯૪૮માં ઇલાહાબાદમાં જન્મેલાં નાસિરા પ્રસિદ્ધ હિંદી લેખિકા છે. એક બ્રાહ્મણ પ્રાધ્યાપકને પરણ્યાં છે. બંનેનું દાંપત્ય જીવન બહુ સુખી છે. નાસિરાને મુસલમાન હોવાનો ગર્વ છે, ઇસ્લામનો અને ઇસ્લામી સંસ્કૃતિનો એમનો ઊંડો અભ્યાસ છે. સાથે જ તેઓ કહે છે : ''વતન કા પ્યાર હર દેશવાસી કે દિલમેં હોતા હૈ. યહ એક ઐસી કમજોરી હૈ, જિસસે ભારતીય મુસલમાન કૈસે બચા રહ સકતા હૈ ? ઉસકી પહચાન હિંદુસ્તાની હૈ, જિસ પર હર ભારતીય મુસ્લિમ કો ગર્વ હૈ.''

આવી ભારતીયતાના ગર્વ સાથે આપણી આ ભગિની પુસ્તકના 'અર્પણ'માં જ હકકપૂર્વક આપણને —પોતાના હમ-વતનોને ચીમકી આપી જાય છે : ''ઉન્હેં, જિન્હેં મુસલમાનોં સે સખ્ત નફરત હૈ.... ઔર ઉન સબકો, જો મુસલમાનોં કો જાનને ઔર સમઝને કે ઇચ્છુક હૈં !''

ખરે જ, આ પુસ્તક મુસલમાનોને જાણવા-સમજવામાં ઘણું ઉપયોગી થાય તેવું છે. પરંતુ તે વિશે હવે પછીથી.

બીજું પુસ્તક હાથમાં આવ્યું, રફીક ઝકરિયાનું 'Indian Muslims — Where have they gone wrong ?' (ભારતીય મુસલમાનો —તેઓ કયાં ચૂકયા ?) ઑગસ્ટ ૨૦૦૪માં પ્રકાશિત થયું અને સપ્ટેમ્બરમાં ફરી છપાવવું પડ્યું. ઝકરિયા આ પુસ્તક અર્પણ કરે છે : ''જાણ્યા-અજાણ્યા એવા સહુ હિંમતવાન ભારતવાસીઓને, જેઓ હિંદુ-મુસ્લિમ એકતાના મિશનમાં પરોવાયેલા છે, પણ આજે કાંઈક મોહભંગ ને આશાભંગ થયા છે.'' આની સાથે લેખકે નીચે ઉમેર્યું છે કે, સ્થાપિત હિતો તેમજ કોમી તાકાતો એમના માર્ગમાં અનેકાનેક નડતરો ઊભી કરે છે, એમની નિંદા કરે છે, એમને વખોડી કાઢે છે, એમનું કર્યું-કારવ્યું

ધૂળમાં મેળવી દે છે અને એમની વાતને ગૂંગળાવી નાખે છે. પરંતુ આની સામે હરગિજ ઝૂકી જવાનું નથી. અંગ્રેજ કવિ શેલીની કાવ્યપંક્તિઓ લેખક ટાંકે છે, જેમાં કવિએ કહ્યું છે કે આ બધાની સામે સિંહની જેમ ઊભા થઈ જાઓ, You are many — they are few) (તમે અનેક છો, તેઓ થોડાક છે).

હિંદુ-મુસ્લિમ એકતા ઝકરિયાના હૈયામાં નાનપણથી વસેલી છે. એમના જીવનની એ એક અત્યંત ઉત્કટ ભાવના છે. તેમાં એમને અવિચલ નિષ્ઠા છે. આઝાદીના આંદોલન વખતે ગાંધીજીએ દેશમાં હિંદુ-મુસ્લિમ એકતાનું જે વાતાવરણ ઊભું કરેલું, તે એમણે કિશોરાવસ્થામાં મુગ્ધ હૃદયે ઝીલેલું. હજી ભણતા હતા ત્યારે પોતાના કેટલાક દોસ્તોને લઈને ૧૯૩૭માં પુણેમાં તેઓ ગાંધીજીને પહેલવહેલી વાર મળ્યા. ત્યારે એમણે ગાંધીજીને પૂછેલું, ''હિંદુ અને મુસ્લિમોને એક કરવા તમે શું કરશો ?'' એક ક્ષણનાયે વિલંબ વિના ગાંધીજીએ જવાબ આપ્યો : ''હું તેના માટે મારા પ્રાણ આપવાયે તૈયાર છું.'' અને અંતે ગાંધીજીએ પ્રાણ આપ્યાયે ખરા.

આ વાત ઝકરિયાના દિલમાં એકદમ વસી ગઈ છે. હિંદુ-મુસ્લિમ એકતા એમના જીવનનું મિશન બની ગઈ છે. આ મિશન માટે અવિરત મથતા રહેવા તેઓ કટિબદ્ધ છે. આ પુસ્તકના પાને પાને અભિવ્યકત થતી એમની આ તડપન આપણા હૃદયને સ્પર્શી જાય છે.

ઝકરિયાએ નાની વયે ૧૯૪૨માં ગાંધીજીના 'ભારત છોડો' આંદોલનમાં પણ ભાગ લીધેલો અને ધરપકડ વહોરેલી. વિદ્યાર્થીકાળથી જ તેઓ ઝીણાની 'બે રાષ્ટ્રની થિયરી'ના ઘોર વિરોધી રહ્યા છે. હજી એમનું ભણવાનું પૂરું નહોતું થયું અને પીએચ.ડી.ની. ડીગ્રી માટે તથા બેરિસ્ટર થવા લંડનમાં હતા, ત્યારે દેશના ભાગલા પડ્યા, દેશમાં કોમી દાવાનળ ફાટી નીકળ્યો, દસેક લાખ હિંદુ-મુસ્લિમોની કરપીણ કતલ થઈ, દોઢેક કરોડ માણસોને પોતાના વતનમાંથી ઊખડી જઈને સરહદની એક બાજુથી બીજી બાજુ હિજરત કરી જવી પડી અને છેવટે ગાંધીજીની હત્યા થઈ. એમણે લખ્યું છે : ''વિદેશમાં રહ્યે-રહ્યે આ બધી ભયંકર હૃદય-વિદારક ખબરો મારા હૃદયને કચડી-મચડી નાખતી હતી. હું એકદમ ભાંગી પડ્યો, આકુળ-વ્યાકુળ થઈ ગયો, કેટલીયે રાતો સુધી હું ઊંઘી શક્યો નહીં. મારું હિંદુ-મુસ્લિમ એકતાનું મિશન છિન્ન-ભિન્ન ને વેરણ-છેરણ થઈ ગયું હતું. તેને પુનર્જીવિત કરી શકવાની આશા મેં લગભગ ગુમાવી દીધી હતી.''

તેમ છતાં ભારત પાછા ફર્યા બાદ એમણે ફરી હામ ભીડીને દઢ સંકલ્પપૂર્વક આને જ પોતાના જીવનનું મુખ્ય મિશન બનાવી દીધું. આ પુસ્તક એ એમની હિંદુ-મુસ્લિમ એકતા માટેની એકધારી અવિરત મથામણનો દસ્તાવેજ છે. તેના વિશે આપણે વિગતે આગળ જોઈશું. આજે પણ લગીરે થાકયા વિના એમની આ મથામણ ચાલુ જ છે. તેમણે હજી આશા ગુમાવી નથી.

આ પુસ્તકની 'ભૂમિકા'માં એમણે કહ્યું છે : ''હિંદુઓ અને મુસલમાનો વચ્ચે સેંકડો વરસથી સહિયારું સહજીવન પાંગરતું આવ્યું છે. બંને એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. એ જ આ દેશની એકતાને કાયમ રાખશે. એ આશાને જીવતી રાખવાના મારા એક ઉત્કટ પ્રયાસ રૂપે જ આ પુસ્તક છે. જો કે મારે સ્વીકારવું જોઈએ કે તાજેતરના બનાવોએ, ખાસ કરીને અયોધ્યામાંની અને ગુજરાતમાંની ઘટનાઓએ, મારી આ આશાને જબ્બર ધક્કો પહોંચાડ્યો છે. તેમ છતાં હું માનું છું કે ભારતીય સંસ્કૃતિમાં બંને કોમ વચ્ચેના સહિયારા સહજીવનનાં મૂળિયાં એટલાં ઊંડાં છે કે છેવટે આપણું રાષ્ટ્રીય એકત્વ અખંડિત જ રહેવાનું છે.''

હમણાં માર્ચ ૨૦૦૩માં અલિગઢ યુનિવર્સિટીમાં એમણે ડૉ. ઝાકિરહુસેન સ્મૃતિ વ્યાખ્યાન આપ્યું, તેમાં એમણે કબૂલ કર્યું કે હિંદુ-મુસ્લિમ સંબંધો અગાઉ કયારેય નહીં એટલા આજે વણસી ગયા છે. અત્યારે એ તેની નીચેમાં નીચેની સપાટીએ પહોંચી ગયા છે. પરંતુ ત્યારે આપણે ડૉ. ઝાકિરહુસેન જેવાને યાદ કરીને આપણી કોશિશ અવિરત ચાલુ રાખવી પડશે. દેશના ભાગલા પડ્યા તે વખતની અત્યંત વિષમ પરિસ્થિતિમાંયે ઝાકિર સાહેબ છેલ્લી ઘડી સુધી કોમી એકતા માટે ઝઝૂમ્યા હતા. ઝકરિયાએ પોતાના વ્યાખ્યાનમાં ઝાકિરસાહેબનું તે વખતનું એક વક્તવ્ય ટાંક્યું હતું, જેમાં એમનું વલોવાતું હૈયું વ્યકત થયું હતું.

૧૯૪૬ના તે ભયંકર દિવસો હતા. કોમી વિખવાદ તેની ચરમસીમાએ હતો. ઝીણાએ 'સીધાં પગલાં'ની હાકલ કરી હતી, જેના પરિણામે કલકત્તામાં ભીષણ હત્યાકાંડ સર્જાયો હતો. આવા વાતાવરણ વચ્ચે ઝાકિરસાહેબે એક બાજુ જવાહરલાલ નહેરુ અને મૌલાના આઝાદ તથા બીજી બાજુ મહમદઅલી ઝીણા અને લિયાકતઅલીખાન, એમ ચારેયને એક જ મંચ ઉપર ભેળા કર્યા હતા. પ્રસંગ હતો, ગાંધીજી અને અલીભાઈઓ વગેરે દ્વારા સ્થપાયેલ જામિયા મિલિયા ઇસ્લામિયાની રજત જયંતીનો. તે પ્રસંગે પોતાના સ્વાગત પ્રવચનમાં ડૉ. ઝાકિરહુસેને આ દેશનેતાઓ સમક્ષ પોતાની હૃદય-વિદારક વ્યથા ઠાલવી :

''તમે બધા રાજકીય આસમાનના તેજસ્વી સિતારાઓ છો. હજારો નહીં બલ્કે, લાખોનાં હૈયાંમાં તમારા માટે પ્રેમ ને આદર છે. આ પ્રસંગે ગહનતમ વ્યથા સાથે તમારી સમક્ષ કેળવણીના ક્ષેત્રમાં કામ કરતા અમારા જેવા સામાન્ય દેશસેવકોનાં દિલનો વલોપાત હું વ્યકત કરવા માગું છું. આજે દેશમાં જે કોમી દાવાનળ સળગી રહ્યો છે, તેની વચ્ચે બાગ ઉગાડવા અને બાગની માવજત કરવા જેવું અમારું આ કેળવણીનું કામ નરી મૂર્ખામી જેવું લાગે છે. જે ધરતીમાં ખાનદાની ને માનવતા અંકુરિત થાય છે, તે ધરતીને જ આ દાવાનળ ભુંજી નાખીને અનુર્વર બનાવી નાખે છે તો પછી તેમાં નેક, ઇમાનદાર, સદ્ગુણી ને સંતુલિત વ્યક્તિત્વવાળાં માનવપુષ્પો શી રીતે ખીલી શકશે ? માણસનો વ્યવહાર આજે જ્યારે પશુ કરતાંયે વધારે નીચી કક્ષાએ ઊતરી ગયો છે, ત્યારે માણસના નૈતિક સ્વભાવની દુહાઈ અમે કઈ રીતે દઈ શકીશું ? ચારે કોર જ્યારે બર્બરતા વ્યાપેલી છે, ત્યારે સંસ્કૃતિનું રખોપું અમે શી રીતે કરવાના ? એ સંસ્કૃતિની રક્ષા કરવાની તાલીમ અમે શી રીતે આપી શકવાના ?

જંગલી જાનવરોની દુનિયા જેવી આ દુનિયા બની ગઈ છે, ત્યારે માનવીય મૂલ્યોનું રખવાળું અમે કઈ રીતે કરી શકવાના ? આ શબ્દો તમને કદાચ કઠોર લાગશે, આકરા લાગશે, પણ આકરામાં આકરા શબ્દોયે આજે આપણી ચારે કોર જે પરિસ્થિતિ પ્રવર્તી રહી છે, તેને વર્ણવવા માટે બહુ નરમ પડે તેમ છે. અમારો વ્યવસાય જ એવો છે, જેમાં બાળકો માટે પ્રેમ ને આદર કેળવવો અનિવાર્ય છે. પરંતુ જ્યારે અમે સાંભળીએ છીએ કે માણસના માથે પાશવિક ઝનૂન સવાર થઈ જાય છે ત્યારે તે નિર્દોષ બાળકોનેય છોડતા નથી, ત્યારે અમારાં હૈયાં જે વેદના-વ્યથા અનુભવે છે, તે હું તમને કેવી રીતે જણાવું ? કોઈ કવિએ કહ્યું છે કે દરેક બાળક જન્મે છે, તે પોતાની સાથે ઈશ્વરનો એવો સંદેશો લાવે છે કે જેણે હજી માનવજાત માટે હાથ ધોઈ નાખ્યા નથી; પરંતુ આપણા દેશમાં માનવ-સ્વભાવ પોતાનામાંની આશા સમૂળગી ગુમાવી બેઠો છે કે આ કળીઓને ખીલે તે પહેલાં જ મસળી નાખવા માગે છે ? ભગવાનને ખાતર તમે સહુ ભેળા થાઓ અને આ દાવાનળને ઓલવી નાખો ! કોણે આ દાવાનળ સળગાવ્યો, કેવી રીતે તે સળગ્યો, તેની તપાસ કરવાનો અને તેનો નિર્ણય કરવાનો અત્યારે સમય નથી. આ દાવાનળ સળગી રહ્યો છે, તેને તત્કાળ ઠારી નાખવાનો છે. આ બચશે કે તે બચશે, તેનો કોઈ સવાલ નથી. આજે સવાલ હોય તો તે એટલો જ કે આપણને સુસંસ્કૃત માનવ-જીવન ખપે છે કે જંગલી જાનવરોની પાશવતા ? ભગવાનને ખાતર, આ દેશમાં અત્યારે સુસભ્ય માનવ-જીવનના પાયા જ સમૂળગા ઉખેડાઈ રહ્યા છે, એવા સર્વનાશને રોકો !''

ઝકરિયાએ કહ્યું કે આજે દેશ ફરી આવી પરિસ્થિતિમાં મુકાઈ ગયો છે, ત્યારે ડૉ૰ ઝાકિરહુસેન જેવાનું ઉદાહરણ આપણને પ્રેરણા રૂપ બની રહે એવું છે. કોમી એકતા માટે ઝાકિરસાહેબ જેવી રીતે મથ્યા તેમ આપણે પણ મથતા રહેવાનું છે.

આમ, બહેન નાસિરા શર્મા અને ભાઈ રફીક ઝકરિયાનાં આ બંને પુસ્તકો આજને તબકકે આપણને બહુ જ ઉપયોગી થાય તેવાં છે. તેનો વિસ્તૃત પરિચય આપણે હવે પછી કરીશું. મિયાં ને મહાદેવનો મેળ પડશે જ પડશે, એવી હૈયાધારણ એ અપાવી જાય છે.

# ૨

# ભારતીય મુસ્લિમોને ઉદ્દેશીને

**આજ**ના તબક્કે કોમી વિખવાદના સવાલ બાબત શાંતિથી ને સ્વસ્થતાથી વિચારવા માગતા સહુ કોઈએ રફીક ઝકરિયાનું આ પુસ્તક અવશ્ય વાંચવું જોઈએ. કોમી વિખવાદ બાબત તેમાં ઘણી ઊંડી, વ્યાપક, સ્વસ્થ ને તટસ્થ છણાવટ થયેલી છે. તેમાં તીવ્ર ને ઉત્કટ ભાવના છે, ઊંડી અનુકંપા ને સંવેદનશીલતા છે, કોઈ પ્રકારના આવેશ કે આવેગ વિનાનું તટસ્થ અવલોકન છે તથા સ્વસ્થ ને સૌહાર્દપૂર્ણ નિદાન છે. પુસ્તકનું ધ્રુપદ છે, હિંદુ-મુસ્લિમ એકતા, બેઉની સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિ, સર્વધર્મ સમભાવ અને વ્યાપક માનવતાવાદ. હિંદુ-મુસ્લિમ એકતા એ એમના માટે જીવનનું મિશન છે. તેથી તેના વિશે જ્યાં-જ્યાં કહેવાયું છે, ત્યાં-ત્યાં તીવ્ર ઉત્કટ ભાવના સાથે જ કહેવાયું છે. અને તે આપણા હૃદયને સ્પર્શી જાય છે. પોતાની કોમ પ્રત્યે અને ધર્મ પ્રત્યે એમને ગાઢ પ્રેમ છે. ભારતની સામાન્ય મુસલમાન પ્રજા આજે જે સ્થિતિમાં છે, તે માટે એમના મનમાં ભારોભાર વેદના ને વ્યથા છે. તેથી તેના વિશે જે કાંઈ કહેવાયું છે, તે તીવ્ર અનુકંપા ને સંવેદનશીલતા સાથે કહેવાયું છે. પુસ્તકમાં એમણે જે કાંઈ કહ્યું છે, તે my country and my community —'મારો દેશ અને મારી કોમ'—ની ઉત્કટ લાગણી સાથે કહ્યું છે, અને તેની નિખાલસતા આપણાં મન-મગજને સ્પર્શી જાય એવી છે.

કશાયે આવેશ કે આવેગ વિના લેખક આજનાં અત્યંત ડહોળાઈ ગયેલા વાતાવરણમાંયે આ બાબતની સ્વસ્થ ને નીતરી છણાવટ કરી શક્યા છે. તેમાં ન કડવાશ છે, ન સખત આલોચના કે ટીકા-ટીપ્પણ છે, ન દોષારોપણ છે. અને છતાં જે કહેવું છે, તે એમણે પૂરેપૂરી મક્કમતાથી ને સ્પષ્ટતાથી અસંદિગ્ધપણે કહી દીધું છે. અને તે આ બાબત વિશે શાંતિથી ને સ્વસ્થતાથી વિચારવા માગતા સહુ કોઈને માટે ઘણું ઉપયોગી થઈ પડે તેવું છે.

પહેલી વાત એમને કહેવી છે, તે ભારતના મુસલમાનોને કહેવી છે. આપણે ક્યાં ચૂક્યા ? થોડું અંતરનિરીક્ષણ કરીએ અને ભૂલો જણાય તે સુધારીએ. છેલ્લી આખીયે સદીમાં ભૂલોની પરંપરા ચાલી છે, અને તેનાં અત્યંત માઠાં પરિણામો અત્યારે આજની પેઢી ભોગવી રહી છે. સૌથી ખરાબમાં ખરાબ જે થયું, તે દેશના ભાગલા. બહુ ધર્મચુસ્ત નહીં એવા તથા

જેને ઇસ્લામ વિશે પણ ઝાઝી ગતાગમ નહોતી એવા એક મુસ્લિમ —મહમદઅલી ઝીણાએ આ ઉપખંડના મુસલમાનોની ધાર્મિક લાગણીઓને ઉશ્કેરી મૂકીને એમનામાં ભારે ઉન્માદ જન્માવી દીધો. પોતાની અત્યંત વિઘાતક એવી દ્વિ-રાષ્ટ્રની થિયરી આગળ કરીને તેમણે માત્ર આ દેશના જ ભાગલા ન પાડ્યા, પરંતુ આ આખા ઉપખંડમાં સંયુક્તપણે વસતી ચેતનવંતી મુસ્લિમ કોમનાયે ભાગલા પાડ્યા. આ ઉપખંડના મુસલમાનો પહેલાં બે અને પછી ત્રણ ભાગમાં— ભારત,પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં વહેંચાઈ ગયા.

આ દેશના ભાગલા એ સૌથી વધુમાં વધુ અનર્થકારક માનવીય દુર્ઘટના છે. આ બે કોમ સાથે રહી જ ન શકે, એવું સ્થાપિત કરી દઈને આ ભાગલા પડ્યા. બંને કોમ વચ્ચે અગાઉ મતભેદો હતા જ નહીં એમ નહીં, પરંતુ મહાત્મા ગાંધીએ ભગીરથ પ્રયાસ કરીને બંને કોમને એકબીજાની ઘણી નિકટ આણી દીધી હતી. અંગ્રેજોએ 'ફૂટ પડાવો અને રાજ કરો'ની ફૂટનીતિ અપનાવીને આ એકતાને છિન્નભિન્ન કરી નાખવાના અધમ કારસા રચ્યા. અથવા ખરું તો એ છે કે આપણે અંદરોઅંદર ફૂટ પાડી અને અંગ્રેજોએ આપણા પર રાજ કર્યું. બંને કોમના કટ્ટરવાદી તત્ત્વોએ પરસ્પર નફરતનું ને અવિશ્વાસનું વાતાવરણ જન્માવ્યું, જેને લીધે આપણા સહુની માતૃભૂમિનું, ગાંધીજીના શબ્દોમાં કહીએ તો, vivisection — જીવતો જીવત વહેરામણ થયું.

આ જે ભાગલા પડ્યા, તેને માટે આપણે, ભારતમાં રહી ગયેલા મુસલમાનો જ મારી દષ્ટિએ વધારે જવાબદાર છીએ. કારણ કે નવાઈ લાગે છતાં એ એક હકીકત છે કે શરૂઆતમાં મુસ્લિમ બહુલ વસ્તી ધરાવતા ઉત્તરના પ્રાંતો પાકિસ્તાન માટે એટલા ઉત્સાહી નહોતા, જેટલા આપણે બીજાઓ હતા. આપણે જ ઝીણાને વધુ ટેકો આપ્યો હતો. ત્યારે મૌલાના આઝાદ અને મૌલાના મૌદુદી જેવા પાક મુસ્લિમ નેતાઓએ આપણને ઘણા રોકયા હતા, ચેતવ્યા હતા. એ બંને તો ઇસ્લામના પરમ ઉપાસક ને જાણકાર હતા. છતાં આપણે એમનું ન સાંભળ્યું અને જેને ઇસ્લામ સાથે ઝાઝી લેવાદેવા નહોતી તથા જે નમાજેય નહોતા પઢતા એવા મહમદઅલી ઝીણાની પાછળ આપણે ગયા !

ખરેખર તો આપણે આ બંને કોમ વચ્ચે સુમેળ સધાય એવું વાતાવરણ ઊભું કરવાની જરૂર હતી, હિંદુઓના મનમાં કોઈ પૂર્વગ્રંથિ હોય તો તે ભૂંસી નાખવાની જરૂર હતી. આપણે એવો વિશ્વાસ જન્માવવાનો હતો કે હિંદુઓ સાથે સ્પર્ધા કરનારો અમારો કોઈ અલગ મુસ્લિમ રાષ્ટ્રવાદ છે નહીં, અમે પણ તમારા જેવા જ આ ભૂમિના સમાન બાશિન્દા છીએ. પરંતુ આપણે તો ઝીણાની દ્વિ-રાષ્ટ્રવાદની થિયરીને જ વધુ ને વધુ ઘૂંટી. પરિણામે, દેશના કમનસીબ ભાગલા પડ્યા.

વધુ કમનસીબી તો એ થઈ કે પાકિસ્તાન તો થવાનું હતું તે થઈ ગયું અને ભારતમાંના મુસલમાનોએ હવે પોતાનું ભાવિ પોતે જ ઘડવાનું હતું, ત્યારે પણ તેઓ નક્કર વાસ્તવિકતાને નહીં ઓળખી શકયા તથા હિંદુઓ સાથેનો એનો એ જૂનો સંઘર્ષનો માર્ગ ચાલુ રાખ્યો. એમના

કહેવાતા નેતાઓએ તેમ જ કટ્ટરપંથીઓએ જાણ્યે-અજાણ્યે ઘણી ભૂલો કરી. પરિણામે, બંને કોમ વચ્ચે દૂરીભાવ, નફરત ને અવિશ્વાસ વધતાં રહ્યાં.

આમ, હિંદુ-મુસ્લિમ કોમ વચ્ચેના સંબંધો વધુ ને વધુ વણસતા ગયા. રાજકારણે આમાં સૌથી વધુ નપાવટ ભાગ ભજવ્યો. અગાઉ અંગ્રેજોએ જે કરેલું, તે જ હવે રાજકીય પક્ષોએ કર્યું. સામાન્ય પ્રજા તો એમના હાથમાંનાં પ્યાદાં માત્ર બની ગઈ. બધા જ રાજકીય પક્ષોએ પ્રજાને પોતાની વૉટબૅન્ક તરીકે જ જોઈ. બંને બાજુનાં કટ્ટર તત્ત્વોને જ એમણે થાબડ્યા કર્યાં અને બહેકાવ્યા કર્યાં. આપણા દેશે પોતાનું જે આગવું બિન-સાંપ્રદાયિક માળખું ઊભું કરેલું, તેને આનાથી વધુ ને વધુ હાનિ પહોંચતી ગઈ. વાતાવરણ વધુ ને વધુ વિષમય બનતું ગયું.

આનાં સૌથી વધારે વિઘાતક પરિણામો ભારતમાં વસતી સામાન્ય મુસ્લિમ પ્રજાને ભોગવવાનાં આવ્યાં. મોટા ભાગની મુસ્લિમ પ્રજા બહુ જ ગરીબ છે. સખત મહેનત-મજૂરી કરી માંડ-માંડ પોતાનું પેટિયું રળીને જીવે છે. તેમાં વળી કટ્ટર હિંદુ કોમવાદ માથું ઊંચકતો ગયો. તેણે મુસ્લિમો વિરુદ્ધ દેશવ્યાપી ઝુંબેશ જ ઉપાડી ! એમના ધર્મ વિશે જાતજાતની ગેરસમજો ફેલાવાઈ. એમની ધાર્મિક પરંપરાઓને, એમની સંસ્કૃતિને, ઇતિહાસ વગેરેને સાવ વિકૃત સ્વરૂપમાં રજૂ કરાયા. આ બધું હિંદુ-મુસ્લિમ એકતાને છિન્નભિન્ન કરતું રહ્યું, બંનેના સહિયારા સહજીવનના પોતને રફેદફે કરતું રહ્યું.

મુસ્લિમોના કહેવાતા નેતાઓ અને રાહબરોએ તો પરિસ્થિતિને વધુ ગૂંચવવામાં ને વણસાવવામાં જ પોતાનો ફાળો આપ્યો. તેઓ પોતાનાં સ્થાપિત હિતો ખાતર સામાન્ય મુસ્લિમ પ્રજાને ગેરમાર્ગે જ દોરતા રહ્યા. મેં અને મારા જેવા બીજા કેટલાકોએ પણ કોમી એખલાસ જાળવી રાખવા માટે ઘણા પ્રયત્નો કર્યાં. ખાસ કરીને ભારતના મુસલમાનોને અને આ બધા નેતાઓને હું કહેતો રહ્યો કે તમારું માનસ અને વિચારવાની પદ્ધતિ બદલો તથા સંઘર્ષનું વલણ છોડો. બંને કોમ વચ્ચે ધિક્કારની લાગણી વધતી રહે, તેમાં કોઈનું ભલું નથી.

પરંતુ મને જોઈતો સાથ ન મળ્યો. મારી વાત કાને ન ધરાઈ. ભાગલા પછી આ આખાયે ગાળા દરમ્યાન ભારતમાં હિંદુ-મુસ્લિમ એકતા માટે હું સતત મથતો રહ્યો, મારું હૈયું ઠાલવતો રહ્યો, પરિસ્થિતિ બગડતી જતી હતી તે વિશે મારી વેદના-વ્યથા પ્રગટ કરતો રહ્યો. પરંતુ ભાગલા પહેલાં મૌલાના આઝાદ જેવાઓએ જેવી લાચારી ને નિરુપાયતા અનુભવી હતી, તેવી જ લાચારી અનુભવવાનું મારા ભાગેય આવ્યું. મૌલાના સાહેબે તે વખતે જે રીતે પોતાના દિલનો વલોપાત ઠાલવ્યો હતો, એવો જ વલોપાત મેં પણ અનુભવ્યો.

ભાગલા બાદ ત્રસ્ત ને હતાશ ભારતીય મુસલમાનો એમની પાસે ગયા, ત્યારે મૌલાના આઝાદે પોતાના ભગ્ન હૃદયના ઉદ્‌ગારો એમની સમક્ષ ઠાલવતાં કહેલું : ''ત્યારે મેં તમને ચેતવ્યા હતા, ઢંઢોળ્યા હતા, પણ તમે મારી જીભ કાપી લીધી. મેં કલમ હાથમાં લીધી,

તો તમે મારા હાથ કાપી નાખ્યા. હું ખોટે નહીં, સાચે માર્ગ આગળ વધવા માગતો હતો, તમે મારા પગ કાપી નાખ્યા. મેં પાછા વળવા પ્રયત્ન કર્યો, અને તમે મારી પીઠ પર ઘા કર્યો. આટલાં વરસોથી કુટિલ રાજકીય રમતોની નિરર્થકતા તરફ હું તમારું ધ્યાન દોરતો આવ્યો છું, પણ તમે મારી ઘોર ઉપેક્ષા જ કર્યે રાખી છે.''

ભાગલા પછી પણ આવું જ બન્યું. અને તેથી આજે ભારતના મુસ્લિમો ફરી આવી બેહાલ ને વિષમ પરિસ્થિતિમાં આવી મુકાયા છે. આજે વાતાવરણ અત્યંત વિષમય બની ગયું છે. હિંદુ-મુસ્લિમ વચ્ચેનો સદ્ભાવ સાવ નીચલી સપાટીએ પહોંચી ગયો છે. સામાન્ય હિંદુના મનમાં મુસલમાનો વિશે અનેક પૂર્વગ્રહો ઘર કરી ગયા છે. કટ્ટરવાદીઓએ મુસલમાનની એક એવી છાપ હિંદુ માનસમાં ઊભી કરી દીધી છે કે સામાન્ય હિંદુને ભારતીય મુસલમાન પોતાનાથી સાવ અળગો જ લાગે છે. મુસલમાન એટલે દાઢીધારી, ટોપીધારી, બુરખાધારી, એટલે કે હિંદુ કરતાં તદ્દન જુદો. તેમાં વળી જેહાદીઓએ તો દાટ વાળ્યો છે. એમનાં આતંકવાદી દુષ્કૃત્યોએ હિંદુ-મુસ્લિમ સંબંધો ઉપર મરણતોલ ફટકો માર્યો છે. તેને લીધે બંને કોમ વચ્ચે એક બહુ મોટો માનસિક અંતરાય ઊભો થઈ ગયો છે. આ જેહાદીઓ અને આતંકવાદીઓ ઇસ્લામની ઉજ્જવળ છબીને તો બટ્ટો લગાવી જ રહ્યા છે, પણ ભારતના મુસલમાનોનેય જબ્બર નુકસાન પહોંચાડી રહ્યા છે. સામાન્ય હિંદુ આજે દરેક મુસલમાન તરફ સાશંક નજરે જોતો થઈ ગયો છે. તે એમ જ માની લે છે કે આ મુસલમાન કાં તો પેલા જેહાદી સાથે જોડાયેલો છે, કાં કમ સે કમ તેના પ્રત્યે સહાનુભૂતિ ધરાવી રહ્યો છે.

આ કમનસીબ પરિસ્થિતિને ધરમૂળથી પલટાવવી જ પડશે, તે વાત ઉપર વારંવાર ભાર મૂકીને ઝકરિયા ભારતીય મુસ્લિમોને કહે છે કે આવી જેહાદ અને આવો આતંકવાદ ઇસ્લામનાં બધાં જ મૂલ્યોથી બિલકુલ વિરુદ્ધ છે. માટે તેને સખતમાં સખત શબ્દોમાં વખોડી કાઢો તથા તેની સાથે મુસલમાનો કે ઇસ્લામને કશું લાગતું વળગતું નથી, એમ જાહેર કરી દો.

આ સાથે રફીક ઝકરિયા ભારતના મુસલમાનોને સમજાવી-સમજાવીને કહે છે કે હિંદુ ને મુસલમાન આ દેશમાં હજાર વરસથી સાથે રહેતા આવ્યા છે અને હજીયે સાથે જ રહેવાના છે. અહીં એમની સહિયારી સુમિશ્રિત સંસ્કૃતિ પાંગરી છે. દ્વિ-રાષ્ટ્રની થિયરી અને દેશના ભાગલા એ હિમાલય જેવડી મોટી ગંભીર ભૂલ હતી. અને તેને લીધે ભારતની સામાન્ય મુસ્લિમ પ્રજાને જ સૌથી વધારે સહન કરવાનું આવ્યું છે. મુસલમાનોના કહેવાતા નેતાઓ તો એમને ખોટે માર્ગે જ દોરતા રહ્યા છે. તેને બદલે ભારતના મુસ્લિમોએ પોતાના હિંદુ દેશબંધુઓ સાથે સુમેળનો ને સહકારનો માર્ગ અપનાવવો જોઈએ. હિંદુઓ સાથે સમજદારીનો એક સેતુ ઊભો કરવો જોઈએ અને રાષ્ટ્રીય મધ્ય પ્રવાહમાં ભળીને પોતાનું યથાયોગ્ય યોગદાન આપતા રહેવું જોઈએ. રાષ્ટ્રીય પ્રવાહથી અળગા રહીને એકલા ચાલવા જશો તો ગુમાવવાનું આપણને જ આવશે. સાથે મળીને કામ કરવું અને રાષ્ટ્ર માટે મૂડી રૂપ બનવું, તેમાં જ આપણું ભવિષ્ય છે.

આપણી બે કોમ વચ્ચે ફૂટ તો રાજકારણીઓ અને કેટલાક કટ્ટરપંથીઓ પડાવે છે. બાકી, બંને કોમ સદીઓથી સાથે રહેતી આવી છે. ગામોમાં ને શહેરોમાં બંનેનું સહિયારું પ્રજાજીવન પાંગરતું રહ્યું છે. બંને એકબીજા સાથે હળેભળે છે, એકબીજાના તહેવાર-ઉત્સવોમાં ભાગ લે છે, બંનેની રહેણીકરણી પણ લગભગ સરખી છે. બંને એકબીજાનાં સુખ-દુઃખમાં ભાગ લેતા આવ્યા છે તથા શાંતિથી ને સુલેહ-સંપથી રહેતા આવ્યા છે. વચ્ચે-વચ્ચે દંગા-હુલ્લડો થઈ જાય છે, ત્યારે જરૂર વિક્ષેપ ઊભો થાય છે, પરંતુ સામાન્ય પ્રજાજીવન તો ફરી પાછું શાંતિથી ને સુમેળથી ચાલતું થઈ જાય છે.

ઝકરિયાએ મુસ્લિમોને નવા જમાના અનુસાર જરૂરી સુધારા અપનાવી લેવાનીયે હાકલ કરી છે. પર્સનલ લૉ વગેરેમાં સુધારા શું કામ ન થાય ? તલાક વગેરેની જરીપુરાણી રીતરસમોને શું કામ વળગી રહેવાય ? શાહબાનુના કિસ્સામાં મુસ્લિમ નેતાઓએ જે શરમજનક વલણ અપનાવ્યું, તેનાથી મુસ્લિમ કોમને બટ્ટો જ લાગ્યો છે. અન્ય મુસ્લિમ દેશો ઘણા સુધારા અપનાવી લેતા થયા છે, તો ભારતના મુસ્લિમો પણ તેવું કેમ ન કરે ? જમાના સાથે તાલ મેળવવો હોય અને અર્થપૂર્ણ જીવન જીવવું હોય, તો જરીપુરાણું ઘણું છોડવું પડશે.

લેખકે મુસ્લિમ યુવકોને કહ્યું છે કે આજના જમાનામાં શિક્ષણથી મોટી બીજી કોઈ જેહાદ નથી. આધુનિક શિક્ષણ મેળવીને ખૂબ આગળ વધો. દરેક ક્ષેત્રમાં એવી પારંગતતા કેળવો કે તમે કોઈનીયે સામે સ્પર્ધામાં ઊભા રહી શકો. બીજી બધી રાહતો ને અનામતો વગેરે તો તમને કાયમ પછાત જ રાખશે. તમે પોતે કુશળતા કેળવો અને બધાં ક્ષેત્રોમાં આગળ આવો. પોતાના પગભર થયા વિના પ્રગતિ ન કરી શકાય.

ભારતના મુસલમાનોને ઉદ્દેશીને ઝકરિયા એક પાયાની વાત એ કરે છે કે મુસ્લિમોની વૈશ્વિક બિરાદરીની વાત કરવી, એ વાસ્તવિકતા નથી. વિશ્વભરના મુસ્લિમો એક થયા હોય અને એમનો કોઈ સંયુક્ત મોરચો રચાયો હોય, એવું આજ સુધી કયારેય બન્યું નથી. બલ્કે, ઇતિહાસ તો એમ કહી જાય છે કે મુસ્લિમોએ બિન-મુસ્લિમોને માર્યા હોય તેના કરતાં મુસ્લિમોને જ વધારે માર્યા છે. દરેક મુસ્લિમ દેશ પોતપોતાના રાષ્ટ્રીય હિતનું જ વધારે વિચારતો હોય એમ જણાય છે. તેથી ભારતના મુસલમાનોએ બહારના દેશો તરફ નજર નાખવાને બદલે ભારતમાં જ ઓતપ્રોત થઈને એક પ્રગતિશીલ કોમ તરીકે પોતાનો વિકાસ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ભારતના મુસ્લિમોનું સ્થાન ભારતમાં જ છે, અને એમણે માત્ર ભૌતિક રીતે જ નહીં, ભાવાત્મક રીતે પણ ભારત સાથે જ પોતાની જાતને સાંકળવી જોઈએ. અહીં રહીને રાષ્ટ્રીય પ્રવાહના જ એક ભાગ રૂપ બની જવામાં ખચકાટ અનુભવવો, એ બેવકૂફીભર્યું છે, અને આપણું જ અહિત કરનારું છે.

ઇસ્લામને વફાદાર રહેવું અને ઇસ્લામમાં શ્રદ્ધા રાખવી, તેનો અર્થ હરગિજ એવો નથી કે ભારતીયતા કરતાં બહારની વસ્તુઓને વધારે પોતીકી માનવી. દુનિયામાં આજે ૫૦

જેટલા મુસ્લિમ દેશો હશે. પણ તે દરેક દેશની પ્રજાની પોતપોતાની જુદી જુદી ખાસિયતો છે, જીવનપદ્ધતિ છે, રીતરિવાજો છે, જુદી જુદી ભાષા છે, વેશભૂષા છે, સંસ્કૃતિ છે. હા, કેટલીક ધાર્મિક બાબતો સમાન છે, પણ તે સિવાય તો દરેકની પોતપોતાની આગવી ઓળખ છે. ભારતના મુસલમાનનું સામ્ય અહીંના જ બીજા ભારતવાસીઓ સાથે છે, તેના કરતાં આરબ મુસલમાન કે ઈરાની મુસલમાન કે મધ્ય એશિયાના બીજા કોઈ મુસલમાન સાથે ચોક્કસ ઓછું જ છે. માટે ભારતીય મુસ્લિમનો પહેલો નાતો ભારત સાથે. માતૃભૂમિ પ્રત્યેની વફાદારી એ કાંઈ ઇસ્લામની વિરુદ્ધની વાત નથી. પયગંબરે કહ્યું છે તેમ —''વતન પ્રત્યેનો પ્રેમ ધર્મનિષ્ઠાનો જ એક ભાગ છે.'' આવો પ્રેમ ભારતીય મુસ્લિમો જેટલો વધુ કેળવશે, તેટલું એમની અને હિંદુઓની વચ્ચે ઊભું થઈ ગયેલું અળગાપણું ભુંસાતું જશે. માટે 'આપણાવાળા' અને 'પેલાવાળા'ની ભાષા જ છોડો. તો જ ગાંધીજી પોતાના છેલ્લા શ્વાસ સુધી જે કહેતા રહેલા તેવો 'હૃદયોનો સંગમ' આપણી બંને કોમ વચ્ચે સાધી શકાશે.

હિંદુ-મુસ્લિમ એકતા માટેના પોતાના મિશન પ્રત્યેની લેખકની એકનિષ્ઠા આમાં સુપેરે પ્રગટ થઈ રહી છે. તેમ છતાં તાજેતરની વરવી ઘટનાઓએ એમના ઋજુ હૃદયને ભારે ચોટ પહોંચાડી છે. એટલે એમને પણ કબૂલ કરવું પડે છે કે આજના અતિશય વિપરીત વાતાવરણમાં આ બધું કરવું બહુ-બહુ મુશ્કેલ છે. પરંતુ ગમે તેટલી પ્રતિકૂળ ને વિષમ પરિસ્થિતિ છતાં ભારતીય મુસ્લિમોની સલામતી અને સમૃદ્ધિ માટેનો આ એકમાત્ર માર્ગ છે. હિંદુ-મુસ્લિમ એકતા જ આ દેશમાં એમને સલામતી જ નહીં, સમૃદ્ધિયે અપાવી શકશે.

રફીકભાઈ ભારે હૈયે નોંધે છે કે આજે મુસ્લિમો પ્રત્યે ચારેકોર નફરત જ નફરત ફેલાવાઈ રહી છે. તેમ છતાં મુસ્લિમોએ જ આગળ આવીને કોમી સંવાદિતા માટે મૈત્રીનો ને સાથ-સહકારનો હાથ લંબાવવો જોઈએ. વ્યક્તિગત સ્તરે હિંદુઓ સાથે વધુ ને વધુ સંપર્ક કેળવવા જોઈએ તથા ઇસ્લામ વિશેની એમના મનમાંની ગ્રંથિઓ તેમજ ગેરસમજો નાબૂદ કરવી જોઈએ. ખાસ પ્રયત્ન કરીને એમની સાથે નવા સેતુ ઊભા કરવા જોઈએ. નફરત અને દ્વેષને માત્ર પ્રેમ દ્વારા જ જીતી લઈ શકાય.

ઇસ્લામ સામે આજે ગેરસમજભર્યો ભ્રામક પ્રચાર થઈ રહ્યો છે, તે જોતાં ઇસ્લામને તેના પુરાતન આદિકાલીન ઉજ્જવળ સ્વરૂપમાં ફરી દુનિયા સમક્ષ પ્રગટ કરવાની જરૂર છે. ઇસ્લામના ઉપાસકોએ પોતાના વહેવાર-વર્તન દ્વારા ઇસ્લામના ઉજ્જવળ ઉદ્ભવકાળને પાછો લાવીને અનુકંપા ને કરુણાભાવનાં સાક્ષાત્ દર્શન કરાવવાં જોઈએ. ઇસ્લામના અનેક મહાન સંતો ને ફિલસૂફોએ, કવિઓ ને વિજ્ઞાનીઓએ જ્યાં વેરભાવ હતો ત્યાં બંધુભાવની અને જ્યાં સંઘર્ષ હતો ત્યાં સહકારની ભાવના ફેલાવી છે. ભારતના મુસ્લિમોએ પણ આજે પોતાના ઉદાહરણ દ્વારા ઇસ્લામનો સહિષ્ણુતા અને બંધુભાવનો સંદેશ સગુણ સાકાર સ્વરૂપમાં રજૂ કરવાનો છે તથા સહુ કોઈ બિન-મુસ્લિમોને ખાતરી આપવાની છે કે અમારો ધર્મ 'જીવો અને જીવવા દો'માં જ માને છે.

કટ્ટર કોમવાદી હિંદુઓ દ્વારા મુસ્લિમો પ્રત્યે ધિક્કાર ને નફરતની લાગણી ભલે ને રાજકીય હેતુસર ફેલાવાઈ રહી હોય, પરંતુ તેનો મુકાબલો આપણે સદ્‌ભાવ દ્વારા એમનો વિશ્વાસ જીતીને જ કરી શકીશું. આપણે એમને એવી ખાતરી અપાવવાની સતત કોશિશ કરવી જોઈએ કે આપણા તરફથી એમણે કશોયે ભય રાખવાની જરૂર નથી. આપણા હૃદયમાં એમના માટે કોઈ દુશ્મનાવટ નથી. આપણે બહારના મુસ્લિમો સાથે મળીને એમની સામે કોઈ ષડ્‌યંત્ર રચી રહ્યા નથી. આપણે પણ હિંદુઓ જેવા આ જ ધરતીનાં સંતાનો છીએ, અને તેનું આપણને ગૌરવ છે. ભૂતકાળના કેટલાક મુસ્લિમ શાસકો અને આજના થોડાક થઈ બેઠેલા મુસ્લિમ નેતાઓનાં દુષ્કૃત્યોને કારણે હિંદુઓ એ નક્કર વાસ્તવિકતાને ભૂલી ન જાય કે આપણી બંને કોમ વચ્ચેનો સંબંધ ઘણો જૂનો છે અને ઘણો મજબૂત છે તથા ગમે તેટલા વિષમ સંજોગો છતાં તે એમ તૂટી જઈ શકે તેવો નથી. સરદાર પટેલે કહેલું કે નદીનાં પાણીને જુદાં કરી શકાતાં નથી, તેમ હિંદુઓ અને મુસ્લિમોને પણ જુદા કરી શકાય તેમ નથી. આપણી વચ્ચે ભેદભાવ કરતાં સમાનતા જ ઘણી-ઘણી વધારે છે. આવી પાકી ખાતરી આપણે હિંદુઓને અપાવવાની છે.

હું કબૂલ કરું છું કે આ કામ ઘણું બધું અઘરું છે. કોમવાદી હિંદુઓના માનસમાં આજે મુસ્લિમો પ્રત્યેના દ્વેષ ને ધિક્કારની લાગણી એટલી બધી ઘૂંટાઈ ચૂકી છે કે એમના પૂર્વગ્રહો કાંઈ સહેલાઈથી ભૂંસી નાખી શકાશે નહીં. ભારોભાર શંકાઓ અને કુશંકાઓ છે. વાતાવરણ અત્યંત વિષમય બની ગયું છે. અને છતાં હું ફરી-ફરીને કહું છું કે મુસ્લિમોએ જ આગળ આવીને સદ્‌ભાવ ને સમજદારીના નવા સેતુઓ રચવા પડશે.

ક્યારેક મને પૂછવામાં આવે છે કે હું મુસ્લિમોને જ આવું કેમ કહ્યા કરું છું ? હિંદુઓને કેમ કાંઈ નથી કહેતો ? આ વિશે મારું કહેવું એટલું જ છે કે એક વાર જો હું મારા હિંદુભાઈઓને એટલો વિશ્વાસ દેવડાવી શકું કે મુસ્લિમોના દિલમાં એમના માટે કોઈ દુર્ભાવ નથી, તો તેઓ સામેથી આવીને મુસ્લિમોને ભેટશે. મને આવી શ્રદ્ધા છે.

જો કે આને લીધે કેટલાક મને કાયર કહે છે અને કહે છે કે હું મુસલમાનોને શરણાગતિ સ્વીકારી લેવાનું કહી રહ્યો છું. મને એમ પણ કહેવામાં આવ્યું કે હું મર્દે મુજાહિદના મિજાજને ઠંડો પાડી દઈને ભારતના મુસલમાનોને હિંદુઓના ગુલામ બનાવી રહ્યો છું. પરંતુ હું હરગિજ આવું માનતો નથી. મારી હાકલ શરણાગતિ માટેની નહીં પણ સહકાર ને સહયોગ માટેની છે, મારી હાકલ સંઘર્ષને બદલે પરસ્પર આપ-લે માટેની છે, મારી હાકલ અળગાપણા ને પરાયાપણાને બદલે સ્નેહ-સદ્‌ભાવ ને સહિષ્ણુતાની છે, મારી હાકલ ખ્વાબમાં રાચવાને બદલે વાસ્તવિકતાની છે. વિવેક જ વીરતાની ચઢિયાતી નિશાની છે.

— આખાયે પુસ્તકમાં ભાઈ રફીક ઝકરિયાએ ભારતીય મુસ્લિમોને ઉદ્દેશીને જે કહેવાનું છે, તેનો સાર આટલો છે. તે સિવાય આપણને સહુને જે કહેવાનું છે, તે હવે પછી જોઈશું.

# ૩

# થોડુંક હિંદુઓને પણ

રફીક ઝકરિયાએ ભારતના મુસલમાનોને આટલી વાત સાફ સાફ કહેવાની સાથોસાથ થોડુંક હિંદુઓને પણ કહ્યું છે. આખા પુસ્તકમાં હિંદુઓને ઉદ્દેશીને જે કહેવાયું છે, તેનો ટૂંક સાર આવો છે—

હિંદુઓએ આ વાત બરાબર સમજવી જોઈએ કે એમના ૧૫ કરોડ જેટલા દેશબાંધવોને કંગાલિયત ને વિષાદના કળણમાંથી બહાર ખેંચી કાઢવા તથા એમને વિકાસની અને વૃદ્ધિની સમાન તક પૂરી પાડવી, એ હિંદુઓના પોતાના હિતમાં છે. એમણે ભારતીય મુસ્લિમોને પોતાના ભાગીદાર માનવા જોઈએ, જિંદગીમાં આગળ વધવા માટે એમને પ્રોત્સાહન આપવું જોઈએ. એમના પ્રત્યે પૂર્વગ્રહો તેમજ શંકા-કુશંકાઓ સેવ્યા કરવાથી તો નુકસાન જ નુકસાન છે. નફરત ને વેરભાવ કોઈ પણ રાષ્ટ્રને પ્રગતિના માર્ગે લઈ જઈ શકે નહીં. આવા અવિચારી વલણને કારણે આજ સુધીમાં બહુ બધું નુકસાન આપણા રાષ્ટ્રને થઈ જ ચૂક્યું છે. ખરું જોતાં, આપણી બંને કોમો એકબીજા સાથે એટલી બધી સંકળાયેલી છે કે બંનેએ એકબીજા સાથે પૂરેપૂરા સાથ-સહકારથી જ ચાલવું જોઈએ, એકબીજાને સહાય કરવી જોઈએ. બંને વચ્ચેનો બંધુભાવ, બંને વચ્ચેની ગાઢ બિરાદરી રાષ્ટ્રના વિકાસ માટે તેમ જ રાષ્ટ્રના એકીકરણ માટે અત્યંત જરૂરી છે. આપણા રાષ્ટ્રને મજબૂત ને સમૃદ્ધ કરવા માટે બંનેએ એકબીજાને મદદ કરવાની છે.

ઝકરિયા કહે છે કે, ખાતરીપૂર્વક માનજો કે મને 'હિંદુરાજ'નો લગીરે ભય નથી, જો તે રાજ ખરું 'રામ રાજ્ય' હોય અથવા તો શિવાજીની સુશાસનની કલ્પના મુજબનું રાજ હોય કે સ્વામી વિવેકાનંદની વૈશ્વિક બિરાદરીની ફિલસૂફી મુજબનું તે રાજ હોય. રાજ કોનું હોય તે મહત્ત્વનું નથી, પણ તેની પાછળની દૃષ્ટિ તેમ જ વિચારસરણી મહત્ત્વની છે તથા ન્યાયપૂર્ણ વ્યવહારની તેમ જ નિષ્પક્ષતાની ભાવના મહત્ત્વની છે.

આજે કોમવાદી પરિબળો દ્વારા શિવાજીના અને વિવેકાનંદના નામનો જે દુરુપયોગ થઈ રહ્યો છે, તેની સામે ઝકરિયાએ સખત વાંધો લીધો છે. શિવાજી વિશે તેમ જ વિવેકાનંદ વિશે આજે બિલકુલ ખોટી ને વિકૃત રજૂઆત થઈ રહી છે. શિવાજી કટ્ટર કોમવાદી હતો

અને ઇસ્લામનો વિરોધી હતો, એ સદંતર જુઠાણું છે. બલ્કે, શિવાજીની સેનામાં તો અત્યંત મહત્ત્વનાં સ્થાને મુસ્લિમ સરદારો હતા. આગ્રાની કેદમાંથી પોતાના જાનના ભોગે પણ શિવાજીને છોડાવનાર તેનો અત્યંત વિશ્વાસુ અંગરક્ષક એક મુસલમાન મદાની મહેતર જ હતો. સુપ્રસિદ્ધ ઇતિહાસવેત્તા જદુનાથ સરકારે કહ્યું કે અન્ય કોઈપણ મધ્યયુગીન શાસક કરતાં શિવાજીનો દષ્ટિકોણ વધારે ધર્મનિરપેક્ષ હતો. કોઈ પણ પ્રદેશ એ જીતતો, તો ત્યાંની મસ્જિદો ને દરગાહોનું રક્ષણ થાય તેની એ ખાસ કાળજી રાખતો. અન્ય વિખ્યાત ઇતિહાસવેત્તા સરદેસાઈએ નોંધ્યું છે કે શિવાજીએ પોતાની રાજધાની રાયગઢમાં પોતાના મહેલ સામે એક મંદિરની સાથોસાથ એક મસ્જિદ પણ બંધાવી હતી. લોકમાન્ય તિલકે પણ કહ્યું છે કે શિવાજી સામ્રાજ્યની ને કુશાસનની વિરુદ્ધ હતો, મુસ્લિમોની વિરુદ્ધ નહીં. કોઈ પણ જાતના જાતિના કે ધર્મના ભેદભાવ વિના એ પોતાની પ્રજાની સ્વતંત્રતા માટે હમેશાં લડ્યો હતો. અન્ય મરાઠી વિદ્વાન રાનડેએ પણ કહ્યું છે કે, શિવાજીમાં તમને હિંદુધર્મ અને ઇસ્લામ વચ્ચેનો સુમેળ તેની પરાકાષ્ઠાએ જોવા મળે છે.

સ્વામી વિવેકાનંદના નામનોયે હિંદુ કોમવાદીઓ આજે જે સદંતર દુરુપયોગ કરી રહ્યા છે, તે વિશે પણ ઝકરિયાએ પોતાની વેદના-વ્યથા ઠાલવી છે. સ્વામી વિવેકાનંદ જેવા પ્રખર માનવતાવાદીનીયે કોમવાદના તથા આક્રમક ને લડાઈખોર હિંદુત્વના પુરસ્કર્તા તરીકે આવી વિકૃત રજૂઆત ! આ પણ સદંતર જુઠાણું છે. વિવેકાનંદના વિચારોનો ને કાર્યોનો મેં જે અભ્યાસ કર્યો છે, તેના પરથી તો સ્વામીજી હિંદુ-મુસ્લિમ વચ્ચે અત્યંત ગાઢ સંબંધો વિકસે તેના પ્રખર હિમાયતી હતા. એમનું હિંદુત્વ કોઈ પણ ધર્મની વિરુદ્ધ હતું જ નહીં. હિંદુ અને મુસ્લિમ કોમમાં જે કાંઈ શ્રેષ્ઠ હોય તેનો સમન્વય થાય, તેમાં જ ભારતનું ઉજ્જવળ ભવિષ્ય છે, એમ તેઓ માનતા. સિસ્ટર નિવેદિતાએ નોંધ્યું છે કે આવા સમન્વયની પ્રક્રિયા ભારતમાં મુગલ શાસન દરમ્યાન ચાલેલી. તે વિશે તથા મુગલ કાળના કલાત્મક વારસા વિશે સ્વામીજીના મનમાં બહુ આદર હતો.

સ્વામી વિવેકાનંદે ત્યાં સુધી કહ્યું છે કે વેદાંતની વિચારધારા ગમે તેટલી સુંદર ને અદ્‌ભુત ભલે હોય, વ્યવહારુ ઇસ્લામ ધર્મની સહાયતા વિના આ વિચારધારા જનસાધારણ માટે સાવ નિરર્થક છે. આપણી માતૃભૂમિ કે જ્યાં હિંદુ અને ઇસ્લામ એવા બે મહાન ધર્મોનું મિલન થયું છે, ત્યાં વેદાંતનું મગજ અને ઇસ્લામનું શરીર, એમ બેઉનો મેળ થશે, તો જ કાંઈક આશા છે. મારાં મનોચક્ષુ સમક્ષ આજના સંઘર્ષ અને અંધાધૂંધીમાંથી વેદાંતી મગજ અને ઇસ્લામી દેહવાળા ભવ્ય ને અજેય એવા ભાવિ હિંદને ઊભું થતું હું જોઈ રહ્યો છું.

ભારત ઉપર સદીઓ સુધી મુસ્લિમ શાસન રહ્યું, તે વિશે અફસોસ ને ટીકા કરનારાઓને ઉદ્દેશીને સ્વામીજીએ કહેલું કે હિંદુસ્તાન ઉપરનું મુસલમાન શાસન આ ભૂમિના ગરીબ, વંચિત ને કચડાયેલા વર્ગ માટે તો મુક્તિ બનીને આવ્યું. ભારતના ગરીબોમાંથી આટલા બધા મુસલમાન શા માટે છે ? તેમને બળજબરીથી વટલાવવામાં આવ્યા હતા, એમ કહેવું અર્થ વગરનું છે. જમીનદારો અને પુરોહિતોના સકંજામાંથી મુક્તિ મેળવવા માટે જ એમણે ધર્માંતર કર્યું છે.

ટૂંકમાં, વિવેકાનંદ તો તંતોતંત માનવતાવાદી હતા. કોઈ પણ ધર્મ વિશે એમના મનમાં લગીરે દુર્ભાવ હોઈ જ ન શકે. તેમણે તો ત્યાં સુધી કહ્યું કે એક ધર્મ કરતાં બીજો ધર્મ ચઢિયાતો છે, એવી વાત જ ન કરશો. અને અન્ય ધર્મો પ્રત્યે અમે 'સહિષ્ણુતા' દાખવીએ છીએ, એમ કહેવુંયે ખોટું છે. તેમાં ઈશ્વરની નિંદાની ગંધ આવે છે. મારે શું કામ સહિષ્ણુ થવું જોઈએ ? સહિષ્ણુ થવાનો અર્થ તો એ થયો કે તમે ખોટા છો, છતાં હું તમને સહન કરી લઉં છું. મારા ગુરુ રામકૃષ્ણ પરમહંસે તો બધા જ ધર્મોને સાચા માન્યા છે, સરખા માન્યા છે.

મુસ્લિમ ધર્મના ઘણા મૌલવીઓ સાથે સ્વામીજીએ બૌદ્ધિક ચર્ચા કરેલી અને કહ્યું હતું કે આને લીધે મારી આધ્યાત્મિક ક્ષિતિજ વ્યાપક બની છે. એમણે કુરાન પણ વાંચેલું અને 'એક બૌદ્ધિક ને આધ્યાત્મિક ભંડાર' રૂપે તેની પ્રશંસા કરેલી.

હિંદુત્વનાં સર્વોત્તમ પ્રફુલ્લિત પુષ્પોમાંના એક એવા આવા સ્વામી વિવેકાનંદ જેવાનીયે કેટલાક કોમવાદીઓ ખોટી ને વિકૃત રજૂઆત કરી રહ્યા છે, તે કેવડી મોટી કમનસીબી છે ! —આવી વ્યથા વ્યકત કરીને ઝકરિયા એવોયે અફસોસ વ્યકત કરે છે કે હિંદુ-મુસ્લિમ વચ્ચેનો અંતરાય દૂર કરવા માટે તથા મુસ્લિમોને ભારતીય મુખ્ય પ્રવાહના એક અવિભાજ્ય ભાગ રૂપે પ્રસ્થાપિત કરવા માટે પોતાનું બધું જ કરી છૂટેલા એવા આવા સ્વામી વિવેકાનંદ વિશે જાણવાની ઝાઝી દરકાર ભારતના મુસલમાનોએ નથી કરી, તે પણ ભારે દુ:ખદ બાબત છે.

રફીક ઝકરિયાનું કહેવું છે કે હિંદુઓ આજે નફરત ને દુશ્મનાવટના વિષ-વર્તુળમાં અટવાઈ ગયા છે અને તેમાંથી બહાર નીકળવું એમને માટે મુશ્કેલ થઈ પડ્યું છે. પરંતુ તેઓ ભૂલી જાય છે કે આ દેશમાં લાંબા સમય સુધી મુસ્લિમ શાસન રહ્યું, જે દરમ્યાન કેટલાક ભાન ભૂલેલા બાદશાહોએ મંદિરોયે તોડ્યાં અને મૂર્તિઓયે ભાંગી, અને તેમ છતાં આ આખાયે ગાળા દરમ્યાન એકંદરે આ બે કોમ વચ્ચે દુશ્મનાવટ રહી હોય, એવો એક પણ દાખલો ઇતિહાસમાં શોધ્યો જડતો નથી. માત્ર અંગ્રેજો અહીં આવ્યા તે પછી જ એમણે પોતાનું રાજ મજબૂત કરવા આ બે કોમને લડાવી મારવાના હેતુથી આવી દુશ્મનાવટની વાત ઊભી કરી અને ફેલાવી. અને તેથી અંગ્રેજોના હિંદુસ્તાનમાં આવ્યા બાદ જ આ બંને કોમના સંબંધોમાં તરડ ઊભી થઈ છે અને કડવાશ જન્મી છે. માટે અંગ્રેજોની ઊભી કરેલી આ ભ્રમજાળમાંથી હવે બહાર નીકળી જઈએ અને બંને કોમ વચ્ચે સ્નેહ-સૌહાર્દ ને સમજદારીના સંબંધો ફરી વિકસાવીએ.

ધર્માંધ કોમવાદનાં કેવાં વિઘાતક દુષ્પરિણામો આવી શકે છે, તેનું જીવતું જાગતું ઉદાહરણ પાકિસ્તાનનું આપણી આંખ સામે જ છે. તેનાથી ભારતમાંના હિંદુ કોમવાદીઓએ ચેતી જવું જોઈએ. 'હિંદુ રાષ્ટ્ર'નું એમનું ધ્યેય આ દેશને ફરી અંધકારભર્યા મધ્ય યુગ તરફ તાણી જશે. તે કદી પાર પડવાનું નથી. આજે સરદાર પટેલને તેઓ બહુ યાદ કરે છે અને આગળ કરે છે. પરંતુ હકીકત એ છે કે સરદાર પટેલે તો 'હિંદુ રાષ્ટ્ર'ના ધ્યેયને 'પેલો ગાંડો તુક્કો' કહીને સાવ હસી કાઢ્યું હતું ! બહુમતી કોમ તરીકે હિંદુઓએ યાદ રાખવું જોઈએ



Acc. No. 130262
Date

કે નફરત ને ધિક્કારનો આવો વ્યાપક ફેલાવો તો છેવટે એમને નૈતિક રીતે નીચા પાડશે, એમની નૈતિક શક્તિનો ક્ષય કરશે. તથા સરવાળે રાષ્ટ્રની પ્રગતિને કુંઠિત કરશે.

ઝકરિયા આખાયે પુસ્તકમાં એ વાત વારંવાર ઘૂંટતા રહ્યા છે કે આ બંને કોમ સદીઓથી અહીં સાથે રહેતી આવી છે અને અહીં એમની સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિ પાંગરી છે. એક જગ્યાએ કુણાલ બસુને ટાંકીને તેઓ કહે છે કે, "હું ગમે તેટલો પ્રયત્ન કરું તોયે હિંદુ અને મુસ્લિમે સાથે-સાથે જે એક સરખાં કલ્પના-ઉડ્ડયનો ને મનોરાજ્યો, સંવેદનાઓ ને અનુભૂતિઓ, ઊંડાં સ્પંદનો વગેરે સેવ્યાં છે, તેમને હું જુદાં કઈ રીતે પાડી શકું ? રુમી અને કાલિદાસ સાથે-સાથે ન હોય, તો વિરહ કેટલો બધો સ્પંદન-શૂન્ય થઈ પડે ! શકુંતલાની ઝલક વિના લયલા કેટલી બધી બાવરી-બાવરી લાગે ! તોરણયુકત પર્સિયન કમાનથી મઢાયેલો ન હોય, તો સ્તુપ કેવો સામાન્ય લાગે ! પંચતંત્ર અને તુતીનામાની બોધકથાઓ વગર નૈતિકતા કેવી મામૂલી થઈ પડે ! શું હું ઊગતા સૂર્યને ભૂલીને બીજના ચાંદની કલ્પના કરી શકું ? બધું એકમેક સાથે કેટલું બધું સુમિશ્રિત થઈ ગયું છે, એકમેક સાથે કેટલું બધું રસાઈ ગયું છે ! તેમાંનું કાંઈ પણ અખિલાઈને ખંડિત કર્યા વિના હું દૂર ન કરી શકું, હરગિજ ન કરી શકું."

હિંદુ ને મુસ્લિમ બંને એક જ પરિવારના છે. બંનેના પૂર્વજો અહીં જ જન્મ્યા છે, બંને પણ અહીં જ જન્મ્યા છે. ધર્મ બંનેને દઢ બંધનથી બાંધે, છૂટા ન પાડે. ભારતનો મુસલમાન ઇલોરા ને અજંતાના કલાવૈભવ માટે તથા હિંદુ તાજમહાલની સુંદરતા ને ભવ્યતા માટે ગર્વ લીધા વિના રહી જ ન શકે. આ બધી આપણી સહિયારી વિરાસત છે.

'મુસ્લિમોનાં મૂળિયાં આ ભૂમિમાં નથી' —એવી વાતનો લેખક તીવ્ર લાગણીપૂર્વક અને હૃદય ઉપરની માર્મિક ચોટ સાથે ઇન્કાર કરે છે. ઉમા ભારતીએ એક વાર લેખકને વાતવાતમાં કહી દીધું : "આ તમે લોકો વળી ગંગા-જમુનાની સંસ્કૃતિની વાતો શું કરતા હશો ? તમને મુસલમાનોને તે વળી ગંગા કે જમુના સાથે શી લેવાદેવા ? તમારે માટે એ નકરી નદીઓ જ છે, જ્યારે અમારા માટે તો એ પૂજાનાં પવિત્ર સ્થળો છે !"

આને લીધે ઝકરિયા જેવાના હૃદયને કેવી ચોટ પહોંચી હશે ! ઝકરિયા કહે છે કે હજાર વરસથી આ બંને કોમ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાઈ ગઈ છે. બંનેનું સહિયારું સહજીવન અને સહિયારી સંસ્કૃતિ આ ધરતીમાં પાંગરી છે. સંગીત, કળા, સ્થાપત્ય વગેરેમાં બંનેનો સુભગ સમન્વય થયેલો છે. તદુપરાંત, બંને ધર્મોના પવિત્ર પુરુષો વચ્ચેના ગૂઢ સંપર્કને પરિણામે ભક્તિનું એવું અભિયાન જન્મ્યું છે, જેને લીધે બંને કોમો આધ્યાત્મિક દષ્ટિએ પણ એકમેકની નજીક આવી છે.

અને છતાં 'મુસ્લિમોનાં મૂળિયાં આ ભૂમિમાં નથી' —એ વાત ફરી-ફરીને કહેવાતી રહી છે. વીર સાવરકરે પોતાના પુસ્તક 'હિંદુત્વ'માં આવું જ વલણ અપનાવેલું, જે આજે ભાજપનુંયે મુખ્ય સૂત્ર થઈ પડ્યું છે. આજે નાયપોલ જેવા પણ આનું સમર્થન કરે છે ! એ બધાનું કહેવું છે કે મુસ્લિમોની પુણ્યભૂમિ તો ભારતની બહાર છે, એટલે તેઓ આ ભારતભૂમિના શી રીતે ગણાય ?

ત્યારે ઝકરિયા પ્રાંજલપણે એમ પૂછે છે કે અંગ્રેજો ખ્રિસ્તી ધર્મ પ્રત્યે, ઈશુ કે મોઝેઝ પ્રત્યે નિષ્ઠા ધરાવે છે. પરંતુ ઈશુ ને મોઝેઝ બંને યુરોપના કોઈ પણ ભાગમાં જન્મ્યા નહોતા. એકની ભાષા હીબ્રૂ હતી અને બીજાની ભાષા અરામૈક. ખ્રિસ્તીઓ અને યહૂદીઓનાં પવિત્ર ધામો, એમની પુણ્યભૂમિ પણ મધ્ય એશિયામાં જેરુસાલેમમાં છે. એમનો પવિત્ર ગ્રંથ બાઈબલ પણ મૂળ હીબ્રૂમાં લખાયેલો છે. પરંતુ અંગ્રેજોને કે યુરોપના અન્ય ખ્રિસ્તીઓને કોઈ એમ કહેતું નથી કે તમારી પુણ્યભૂમિ તો બહાર છે અને તમે આ ભૂમિના નહીં પણ બહારની ભૂમિના ધર્મ અને ધર્મપુરુષ પ્રત્યે નિષ્ઠા ધરાવો છો. માત્ર ભારતના મુસલમાનો સાથે જ આવો ગેરવર્તાવ કરવામાં આવે છે, અને તે એમના પ્રત્યે ખોટી નફરત કે દુશ્મનાવટ ઊભી કરવા માટે. આ ભારોભાર અન્યાય છે. ભારતના મુસ્લિમોને જેટલું ઇસ્લામ સાથે લાગેવળગે છે, તેટલું જ આ ભારતભૂમિ સાથે પણ લાગેવળગે છે. તેઓ પણ હિંદુઓ જેવા જ આ ભૂમિનાં સંતાનો છે, ભલે ને એમની ધર્મનિષ્ઠાનું સ્થાન બહાર હોય ! ગુરુ ગોલવલકર એમ શું કામ કહે કે તમે અમારામાં ભળી જાઓ તો જ ભારતીય ગણાઓ, અને નહીં તો તમે પરદેશી, આ રાષ્ટ્રના નહીં ! કેવી વાહિયાત વાત છે ! અમે ભારતીય મુસ્લિમો અમારા ધર્મ ઇસ્લામ પ્રત્યે પૂરેપૂરી દઢ નિષ્ઠા ધરાવીએ છીએ અને તેની સાથોસાથ અમારી માતૃભૂમિ એવા ભારત પ્રત્યે પણ એવી જ પૂરેપૂરી દઢ નિષ્ઠા ધરાવીએ છીએ. અમે મુસ્લિમ પણ છીએ અને ભારતીય પણ છીએ. જેમ એક અંગ્રેજ ઇંગ્લંડની ભૂમિનો પણ છે અને ખ્રિસ્તી પણ છે, અને એની પુણ્યભૂમિ ઇંગ્લંડની બહાર જેરુસાલેમમાં પણ છે. આમાં વિરોધાભાસ ક્યાં છે ?

અરે, મારા ભાઈ ! અમને આ ભૂમિ પ્રત્યે અને આ ભૂમિનાં અન્યધર્મી સંતાનો પ્રત્યે તેમ જ એમના ધર્મ પ્રત્યે પણ પ્રેમ છે. પુસ્તકમાં ઝકરિયાએ સૈયદ અહમદનું એક કથન ટાંક્યું છે, જેમાં એમણે ભાવપૂર્વક કહ્યું છે : ''મારા હિંદુ બાંધવો તેમ જ મારા મુસલમાન બાંધવો, બંને એક જ હવા પોતાના શ્વાસમાં લે છે, પવિત્ર ગંગા અને જમુનાનું પાણી બંને પીએ છે, ભગવાનની દેણ સમી આ ધરતીમાં પાકે છે તે અન્ન ખાય છે, બંને સાથે જ જીવે છે ને મરે છે. મુસ્લિમોએ હિંદુઓના અનેક રીતરિવાજો અપનાવી લીધા છે અને હિંદુઓ ઉપર પણ મુસ્લિમોના રીતરિવાજો ને રીતભાતોની ઘેરી અસર પડી છે. માત્ર ધર્મને બાદ કરતાં બંને વચ્ચે કોઈ ઝાઝો ફરક નથી. બંને એક જ ભૂમિના છે, એક જ દેશના છે. અને આ દેશની પ્રગતિ તો જ શક્ય છે, જો આપણા બંનેનાં હૃદયનું મિલન થશે અને આપણી બંનેની વચ્ચે પરસ્પર સ્નેહ, સૌહાર્દ ને સહાનુભૂતિ હશે. મેં હમેશાં કહ્યું છે કે ભારતની ભૂમિ નવોઢા નારી જેવી છે, જેની બે ખૂબસૂરત સુમધુર આંખો છે —હિંદુ અને મુસલમાન.''

ઝકરિયાએ એક ઉર્દૂ શાયરની પંક્તિઓ ટાંકી છે કે, ''અમે આ દેશના બાગને અમારા લોહીથી સીંચ્યો છે. છતાં વિધિની વક્રતા તો જુઓ, અમને દેશદ્રોહી કહીને ધિક્કારવામાં આવે છે !''

'મુસ્લિમો હમેશાં અળગા ને અળગા જ રહ્યા છે અને એમણે હિંદુઓના ધર્મ, સંસ્કૃતિ વગેરેમાં કદી રસ નથી લીધો' —આવું જે કહેવાય છે, તેનોયે ઝકરિયાએ ઘોર

વિરોધ કર્યો છે. આ નર્યું અજ્ઞાન છે, બિલકુલ ગેરસમજ છે. આ ગેરસમજ ભૂંસવા અને અજ્ઞાન દૂર કરવા ઝકરિયાએ પુસ્તકમાં અનેક ઉદાહરણો રજૂ કર્યાં છે. એમણે કહ્યું છે કે હિંદુ ધર્મ અને હિંદુ સંસ્કૃતિ વિશેનું સાહિત્ય ઉર્દૂ ભાષામાં પુષ્કળ છે એટલું જ નહીં, પણ તે ઘણી ઊંચી ગુણવત્તાનું પણ છે. વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, ગીતા વગેરેના અનુવાદો ઉર્દૂમાં મળે છે. ગાયત્રી મંત્રનો ઉર્દૂમાં પદ્ય અનુવાદ થયેલો છે. ઉર્દૂ લેખકો અને કવિઓનું સૌથી વહાલું પ્રીતિપાત્ર છે, કૃષ્ણ. ઉર્દૂમાં નહીં નહીં તોયે ૬૦ જેટલા ગીતાના ગદ્ય-પદ્ય અનુવાદો પ્રાપ્ત છે. ગીતા જો પહેલવહેલી કોઈ વિદેશી ભાષામાં અનુવાદિત થઈ હોય, તો તે પર્શિયન ભાષામાં થઈ હતી, અને તે અનુવાદ અકબર બાદશાહે પોતાના નવરત્નોમાંના એક એવા ફૈઝી પાસે કરાવ્યો હતો. હજી તાજેતરમાં પાકિસ્તાનના સુપ્રસિદ્ધ વિદ્વાન અને ફિલસૂફ ડૉ. ખલીફા અબ્દુલ હકીમે ગીતાનો પદ્ય ઉર્દૂ અનુવાદ કર્યો છે, જેને મુંબઈના ભારતીય વિદ્યાભવને પ્રકાશિત કર્યો છે. ઉર્દૂ શાયરો તો કૃષ્ણના ઘેલા છે. મૌલાના હસરત મુહાનીએ ગાયું છે, કૃષ્ણની વાંસળીના પ્રત્યેક સૂરમાં શાશ્વત જીવનનો સંદેશ છે. સિમદ અકબરાબાદી કૃષ્ણનો મહિમા ગાતાં કહે છે, પોતાની મધુર મુરલીના નાદે કૃષ્ણ પ્રેમનાં ગીત વહેવડાવે છે. કયારેક પયગંબર રૂપે, તો કયારેક ગોવાળિયા રૂપે માનવ-હૃદયમાં પ્રેમ, પ્રેમ ને પ્રેમ પ્રસરાવીને કૃષ્ણે ભારતની ભૂમિને પોતાની સૂરાવલિઓથી ગુંજવી દીધી છે.

મુસલમાનો પર લગાવાતા ઇલ્જામ બાબત પોતાના તરફે આટલી કેફિયત રજૂ કરી દઈને લેખક હળવેકથી પૂછે છે —''આની સરખામણીમાં પયગંબર મહમદ અને એમના સાથીદારોનો મહિમા ગાતું સાહિત્ય હિંદી તેમ જ ભારતની અન્ય ભાષાઓમાં કેટલું છે ?'' આનો આપણે શો જવાબ આપીશું ? સામાન્ય હિંદુનું મુસ્લિમો અને એમના ધર્મ તેમ જ સંસ્કૃતિ અંગેનું અજ્ઞાન અગાધ છે. અને છતાં મુસ્લિમો માટેની એની ફરિયાદો અને એમના ઉપરના એના આરોપો પણ એટલા જ અગણિત છે.

ઝકરિયા હજી આપણને બીજી કેટલીક હકીકતોથીયે વાકેફ કરે છે. શાહજહાંના દીકરા દારા શિકોહે ઉપનિષદોનો પર્શિયન ભાષામાં અનુવાદ કરેલો તથા હિંદુ ધર્મ અને ઇસ્લામનાં સમાન તત્ત્વો દર્શાવીને 'મજમા-ઉલ-બેહરાં' નામનો ગ્રંથ લખેલો, જેનો અર્થ થાય છે — 'બે મહાસાગરોનો સંગમ.' મુગલકાળમાં જ ઇસ્લામના એક મહાન સંત મિર્ઝા મઝહરે મુસ્લિમોને અનુરોધ કરેલો કે રામ ને કૃષ્ણને ઈશ્વરના પયગંબર માનવા.

ઇકબાલ તો ઇસ્લામનો એક પ્રમાણભૂત પ્રવકતા મનાય છે. તેણે હિંદુ આધ્યાત્મિક નેતાઓએ તેમ જ સંતો-મહાત્માઓએ વિશ્વમાં પ્રબુદ્ધતા લાવવામાં જે મહત્ત્વની ભૂમિકા ભજવી છે તથા માનવજાત ઉપર એમના ઉપદેશોનો જે પ્રભાવ પડ્યો છે, તેનું ચોટદાર આલેખન કર્યું છે. રામને તેણે ઈમામે હિંદ કહ્યા છે. કૃષ્ણે આધ્યાત્મિક સાધના માટે કર્મ છોડવાની નહીં પણ અનાસક્તિપૂર્વક કર્મ કરવાની જે વાત કરી છે, તેનો ઇકલાબે બહુ મહિમા કર્યો છે. ઇકબાલે તો હિમાલય ને ગંગા ને ગાયત્રીનાં મુકત કંઠે ગાન ગાયાં છે.

'સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા' તો એ ગાઈ જ ગયો છે. 'મઝહબ નહીં સિખાતા, આપસમેં બૈર રખના' પણ ઇકબાલે જ ગાયું.

અન્ય મુસ્લિમ કવિઓએ પણ હિંદુ દેવદેવીઓ, હોળી, દશેરા, ગણેશોત્સવ જેવા હિંદુ તહેવારો, અજંતા-ઇલોરા વગેરે ઉપર કાવ્યો રચ્યાં છે. ગાલિબે કાશીનો આધ્યાત્મિક મહિમા ગાતું લાંબું કાવ્ય લખ્યું છે. કાશીને 'હિંદનું કાબા' કહ્યું છે. હિંદુ ધાર્મિક ગ્રંથોનો મૂળ મર્મ પકડવા ખાતર ઘણા મુસ્લિમ વિદ્વાનો ખાસ સંસ્કૃત શીખ્યા છે. આ ઉપરાંત, હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતમાં મુસ્લિમ ઉસ્તાદોના વિશિષ્ટ પ્રદાન અંગે તો લેખકે એક આખું માહિતીસભર પ્રકરણ આપ્યું છે.

ઝકરિયા કહે છે કે આ બધું જોઈને હિંદુ-મુસ્લિમ એકતા અંગેની મારી નિષ્ઠા એકદમ પાકી થઈ ગઈ છે. ગાંધીજીએ જોયેલું સપનું મિથ્યા નહોતું. તે સાકાર થઈને જ રહેશે.

દેશને ગુલામીમાંથી છોડાવવા મુસ્લિમોએ આઝાદીની લડતમાં જે આગળ પડતો ભાગ ભજવેલો, તેનુંયે ઝકરિયાએ વિગતવાર સરસ બયાન આપ્યું છે. ગાંધીજીના ૧૯૨૦-૨૧ના અસહકારના આંદોલન વખતે તો ખિલાફત ચળવળ પણ સાથે હતી. ત્યારે જેલમાં જનારાઓમાં અને પોતાની મિલકત જપ્ત થઈ જવા દેનારાઓમાં હિંદુઓ કરતાં મુસ્લિમોની સંખ્યા વધારે હતી. સરકારી નોકરી અને સ્કૂલ-કૉલેજ છોડી દેનારાઓમાં મુસ્લિમોની સંખ્યા હિંદુઓ જેટલી હતી. ત્યાર બાદ ૧૯૩૦ના અને ૧૯૪૨ના આંદોલનોમાં ખિલાફત જેવી ધાર્મિક અપીલ ન હોવા છતાં આંદોલનમાં ભાગ લઈને જેલ જનારાઓમાં મુસ્લિમોની સંખ્યા કુલ સંખ્યાના ત્રીજા ભાગ કરતાં ઓછી નહોતી જ. ૧૯૦૬માં જ્યારે ઢાકામાં મુસ્લિમ લીગની સ્થાપના થઈ, ત્યારે રાષ્ટ્રીય ભાવનાવાળા મુસ્લિમ યુવકોએ તે જ વખતે કલકત્તામાં સમાંતર સંમેલન કરીને હિંદુઓ સાથે મળીને આઝાદીની ચળવળમાં ભાગ લેવાનો ઠરાવ કરેલો. ગાંધીજી સાથે રહીને છેવટ સુધી આઝાદીના આંદોલનમાં ભાગ લેનારા રાષ્ટ્રીય મુસ્લિમ નેતાઓની પ્રવૃત્તિનું વિગતવાર વર્ણન લેખકે કર્યું છે. તેમાં બદરુદ્દીન તૈયબજી, રહમતુલ્લા સયાની, અબ્બાસ તૈયબજી, અલામા શીબીનોમાની, મૌલાના નદવી, મઝહરુલ હક, ડૉ. અન્સારી, હકીમ અજમલ ખાન, મૌલાના અબુલ કલામ આઝાદ, ખાન અબ્દુલ ગફારખાન, મૌલાના મદાની, રફી અહમદ કિડવાઈ, અલ્લાહ બક્ષ, ડૉ. ઝાકિરહુસેન વગેરે વગેરેની એક ખાસ્સી લાંબી યાદી છે. આની સામે આજે મુસ્લિમોને દેશદ્રોહી ઠેરવી દઈ 'હિંદુરાષ્ટ્ર'ની બાંગ પોકારનારાઓએ અંતર-નિરીક્ષણ કરીને પોતે આ આઝાદીના આંદોલનમાં ક્યાં હતા અને પોતે દેશને ગુલામીમાંથી છોડાવવા માટે શો ભોગ આપેલો, તેનો ગંભીરતાથી વિચાર કરવો જોઈએ.

ખેર, ઝકરિયાએ ભારે હૈયે નોંધ્યું છે કે આ દેશની આઝાદી માટે ભોગ આપવામાં મુસ્લિમોએ પાછી પાની નથી કરી. પરંતુ દુર્ભાગ્યે ઝીણાની દ્વિરાષ્ટ્રની થિયરીને કારણે તથા તેને લીધે ઊભા થયેલા ધર્માંધ ઉન્માદને લીધે પડેલા દેશના ભાગલાને કારણે આ બધું જ ધોવાઈ ગયું અને આ દેશમાં મુસ્લિમો માટેની એક સાવ જ ખોટી ને વિકૃત છાપ ઊભી થઈ ગઈ ! આ કેવડું મોટું દુર્દૈવ છે !

## ૪

# ઈસ્લામ, અમારો ઈસ્લામ — ભારત, અમારી ભૂમિ

**ભાર**તમાં જ નહીં, દુનિયામાંયે આજે મુસ્લિમો વિશે અને એમના ધર્મ ઇસ્લામ વિશે સાવ ખોટી ને વિકૃત છાપ ઊભી થઈ ગઈ છે, તે માટે ઝકરિયાના દિલમાં ભારોભાર વેદના છે, અને તે આ પુસ્તકમાં ઠેર ઠેર વ્યકત થઈ છે. આ ખોટી છાપ દૂર કરવા એમણે બહુ પ્રયત્ન કર્યો છે. અલ્લામા ઇકબાલને ટાંકીને લેખક કહે છે કે બિન-મુસ્લિમો 'ઐતિહાસિક ઇસ્લામ'ને જ ઇસ્લામ માનીને ચાલે છે,' ધાર્મિક ઇસ્લામ' પ્રત્યે તેઓ ધ્યાન જ નથી દેતા. પરંતુ વાસ્તવમાં ઇસ્લામના ઇતિહાસ અને ઇસ્લામના ધર્મ વચ્ચે આસમાન-જમીનનો ફરક છે. તેમાંયે વળી આજે ભારતમાં કટ્ટર કોમવાદી હિંદુઓને તો ન ઇસ્લામના ઇતિહાસનું ખરું જ્ઞાન છે, ન ઇસ્લામના ધર્મનું. તેમને તો બસ મુસ્લિમો વિશે જુઠ્ઠી અફવાઓ ફેલાવવામાં અને તેમાં જ રાચ્યા કરવામાં રસ છે, ખરેખર હકીકત શી છે, તે જાણવાની એમને કશી પડી નથી !

તેથી ઇસ્લામ વિશેની બધી ગેરસમજો દૂર કરવાની આજે તાતી જરૂર છે. ઝકરિયાએ સુપ્રસિદ્ધ માનવતાવાદી ચિંતક એમ.એન.રોયને યાદ કર્યા છે. એમણે પોતાના 'ધ હિંદુ-મુસ્લિમ પ્રોબ્લેમ' (હિંદુ-મુસ્લિમ સમસ્યા) પુસ્તકમાં કહ્યું છે : ''ઇસ્લામે જે ઐતિહાસિક ભૂમિકા ભજવી છે તથા વૈશ્વિક નવજાગૃતિમાં તેમ જ માનવ-સંસ્કૃતિમાં ઇસ્લામે જે મહત્ત્વનો ફાળો આપ્યો છે, તે વિશે ઉચિત સમજણ કેળવવાની આપણને, અને તેમાંયે ખાસ કરીને હિંદુઓને આજે અત્યંત જરૂર છે. .....બે કોમો એક જ દેશમાં સેંકડો વરસથી સાથે રહેતી હોય અને છતાં એકબીજાની સંસ્કૃતિ બાબત આટલું બધું ઓછું જ્ઞાન ને માન ધરાવતી હોય, એવો બીજો દાખલો દુનિયામાં તમને નહીં જડે. ઇસ્લામ વિશે આજે હિંદુઓમાં કેટલું બધું અજ્ઞાન છે ! અને તેનાં કેટલાં બધાં દુષ્પરિણામો આજે આપણે ભોગવી રહ્યાં છીએ ! આ અભિગમમાં ધરમૂળથી પરિવર્તન લાવ્યા વિના કોમી વિખવાદનો સવાલ કદાપિ ઉકેલી શકાશે નહીં. .....બીજી બાજુ, પોતે જે ધર્મની ઉપાસના કરે છે, તે ધર્મે દુનિયાના રંગમંચ ઉપર કેવી ભવ્ય ભૂમિકા અદા કરી છે, તેનું આજના બહુ ઓછા મુસ્લિમોને ભાન હશે. .....આમ, માનવ-ઇતિહાસના આ ચિરસ્મરણીય પ્રકરણમાંથી હિંદુઓ અને મુસલમાનો, બંનેને પ્રેરણા મળશે અને બંનેને

લાભ થશે. ઇસ્લામના અનન્ય ફાળા વિશેનું સમ્યક્ જ્ઞાન હિંદુઓને એમની ગર્વિષ્ઠ આત્મ-તુષ્ટિમાંથી બહાર કાઢશે તથા આજના મુસ્લિમોને એમના સંકુચિત માનસમાંથી બહાર કાઢશે. મુસ્લિમોને પોતાના ધર્મના અસલ સ્વરૂપનો પરિચય કરાવશે.''

ઝકરિયા કહે છે કે, આજે દુનિયામાં માનવજાતની કુલ વસ્તીની ચોથા ભાગની વસ્તી મુસ્લિમોની છે, પરંતુ તેઓ આજે સૌથી વધુ ગરીબ, સૌથી વધુ પછાત અને સૌથી વધુ વંચિત છે. તેમાં વળી કેટલાક જેહાદના નામે ખોટા મારગે ચઢી ગયા છે, તેથી મુસ્લિમોને જ ભારે નુકસાન થઈ રહ્યું છે. એમનાં આતંકવાદી કૃત્યો કુરાનના ઉપદેશથી બિલકુલ વિરુદ્ધ છે તથા ઇસ્લામના અને પયગંબરના નામને ભારે બટ્ટો લગાડી રહ્યાં છે. પયગંબરે તો આવીને પોતાની આસપાસની દુનિયાને સાવ પલટી નાખી હતી, લોકોની જીવવાની અને વિચારવાની પદ્ધતિમાં ક્રાંતિકારી પરિવર્તન આણ્યું હતું તથા એમના માનસને ધરમૂળથી બદલી નાખ્યું હતું. તેથી રેશનાલિઝમના અગ્રેસર એવા વીનવૂડ રીડે કહ્યું છે કે મહમદ પયગંબર પોતાના જમાનાથી ઘણા બધા આગળ હતા. એમણે ગરીબોને, પીડિતોને, વંચિતોને બધે ઊંચા આણ્યા. એમણે માનવ-જીવનને સર્વોત્તમ પવિત્રતા બક્ષી. એમણે એક એવા આંદોલનનો પ્રારંભ કર્યો કે જેથી દુનિયાના જુદા જુદા ભાગોમાં જ્ઞાન, વિજ્ઞાન, કળાનાં વિવિધ ક્ષેત્રોમાં નવજાગૃતિનો પ્રકાશ ફેલાયો. પયગંબરે આ બધું એવા જમાનામાં કર્યું કે જ્યારે યુરોપ તો હજી અંધકારમાં સબડતું હતું !

જાણીતા અંગ્રેજ લેખક એચ૰ જી૰ વેલ્સે પણ ઇસ્લામને તે જમાનાની સર્વશ્રેષ્ઠ સામાજિક ને રાજકીય વ્યવસ્થા પૂરી પાડવા માટે બિરદાવ્યો છે. વેલ્સે કહ્યું છે : ''તે વખતે ચારે કોર લોકો રાજકીય દૃષ્ટિએ ભારે કંગાળ ને બેહાલ અવસ્થામાં હતા. શાસકો લોકોને લૂંટતા હતા, કચડતા હતા, એમના ઉપર જુલમ કરતા હતા. લોકો અશિક્ષિત હતા, અસંગઠિત હતા અને અજ્ઞાનમાં સબડતા હતા. સ્વાર્થી ને અવિચારી શાસકોનો સામાન્ય પ્રજા સાથે કોઈ સંપર્ક નહોતો, એમને સામાન્ય લોકોની કાંઈ પડી નહોતી. આવા સંજોગોમાં ઇસ્લામ દુનિયામાં ત્યાર સુધીના સૌથી વધુ વ્યાપક, સૌથી વધુ તાજગીભર્યા અને સૌથી વધુ સ્વચ્છ રાજકીય વિચાર તરીકે આવ્યો તથા સામાન્ય લોકોનો સૌથી મોટો ઉદ્ધારક બન્યો.''

સુપ્રસિદ્ધ ઇતિહાસવિદ્ બર્નાર્ડ લુઈએ પણ નોંધ્યું છે : ''ઘણી સદીઓ સુધી ઇસ્લામનું જગત માનવ-પ્રગતિ અને માનવ-સિદ્ધિઓમાં આગળની હરોળમાં હતું. દુનિયામાં તે સર્વોચ્ચ લશ્કરી અને આર્થિક સત્તારૂપ હતું તથા માનવ-સંસ્કૃતિના કળા ને વિજ્ઞાનના ક્ષેત્રમાં અગ્રસ્થાને હતું. તે વખતે ખ્રિસ્તી યુરોપ તો હજી એક અજાણ્યો પ્રદેશ હતો અને બર્બરતાના અંધારયુગમાં જીવતો હતો.''

આખાયે પુસ્તકમાં ઝકરિયાએ ઇસ્લામને તેના પરમોજ્જ્વલ સાચા સ્વરૂપમાં આપણી સામે રજૂ કરવાનો અવિરતપણે અથાક પ્રયાસ કર્યો છે. તેઓ પોતે ઇસ્લામના અનન્ય ઉપાસક

છે અને કુરાનના ઊંડા અભ્યાસુ ને જાણકાર છે. કુરાન વિશેની અને મુસ્લિમો વિશેની જાતજાતની ખોટી માન્યતાઓ અને ગેરસમજો દૂર કરવાનો એમણે ભરસક પ્રયાસ કર્યો છે. આપણા માજી વડા પ્રધાન અટલવિહારી વાજપેયીના નિકટના સલાહકાર રહેલા એવા સુધીન્દ્ર કુલકર્ણીએ એક વાર ૧૯૯૪માં એમના વિશે 'બ્લિટ્ઝ'માં લખેલું : ''ડૉ. ઝકરિયા એક ચુસ્ત ધર્મપરાયણ અને પોતાના ધર્મ વિશે ગૌરવ ધરાવનારા મુસલમાન છે. ઇસ્લામના વિદ્વાન પંડિત છે. હિંદુ માનસમાં ઇસ્લામ વિશે અને મુસ્લિમો વિશે જે કેટલીક ખોટી છાપ રૂઢ થઈ ગઈ છે, તેને કુરાનના પ્રમાણભૂત આધારો ટાંકીને ભૂંસી નાખવાનો એમનો પ્રયાસ છે. આ ખોટી છાપ જ બંને કોમ વચ્ચેના વિખવાદના મૂળમાં છે. દરેક બાબત વિશે કુરાનની આયાતો દેખાડીને તેઓ સમજાવે છે કે ખોટી ઘર કરી ગયેલી માન્યતાઓ કરતાં ઇસ્લામની ભૂમિકા કેટલી જુદી છે.''

ઝકરિયા કહે છે કે કુરાનમાં કુલ ૬૦૦૦ કરતાંયે વધારે આયાતો છે અને ૧૧૪ પ્રકરણો છે. પ્રકરણો પણ બહુ નાનાં-મોટાં છે. પહેલા પ્રકરણમાં માત્ર ૭ આયાતો છે, જ્યારે બીજું પ્રકરણ ૨૮૬ આયાતોનું છે. ખાસ ધ્યાનમાં રાખવાની વાત એ છે કે આ બધી આયાતો પયગંબરને કાંઈ એકીસાથે એકીવખતે કહેવાયેલી નથી, પણ વખતોવખત ખાસ્સા ૨૩ વરસના લાંબા ગાળા દરમ્યાન પ્રસંગોપાત્ત કહેવાયેલી છે. આમાંની ઘણી આયાતો ખાસ અમુક પ્રસંગે અમુક પડકારને પહોંચી વળવા માટે કહેવાઈ છે, કે જ્યારે પયગંબર જીવન-મરણના સંઘર્ષનો સામનો કરી રહ્યા હતા. દરેક પ્રસંગને અનુરૂપ આયાતો મોકલાઈ. એટલે ખરું જોતાં તો જે-તે પ્રસંગે પયગંબરે જે-તે પડકારનો સામનો કેવી રીતે કરવો, તેનું માર્ગદર્શન જે-તે આયાતમાં અપાયેલું છે. તેને તેના સંદર્ભ વિના લેવા જઈએ, તો તેનો ખોટો અર્થ પણ થઈ જાય. દરેક આયાત કાંઈ સર્વ સંજોગોમાં લાગુ પડે તેવી ન પણ હોય, તે માત્ર અમુક સંજોગ પૂરતી જ હોય.

આમ, કુરાનની આયાતોને છૂટીછવાયી નહીં, પણ ઇસ્લામના મૂળભૂત સંદેશના સંદર્ભમાં સમગ્રપણે જ જોવી જોઈએ. ઉપરાંત, તે વખતનો સામાજિક-ઐતિહાસિક સંદર્ભ પણ હંમેશાં ધ્યાનમાં રખાવો જોઈએ. આ રીતે જોઈએ તો કુરાનમાં ચોખ્ખું કહ્યું છે કે ધર્મની બાબતમાં બળજબરીને કદાપિ કોઈ સ્થાન નથી અને છતાં એ વાતની ના પાડી શકાય તેમ નથી કે કેટલાક મુસ્લિમ શાસકોએ ઇસ્લામને તલવાર દ્વારા ફેલાવવાનો પ્રયત્ન કર્યો છે. એમણે મંદિરો ને ગિરિજાઘરો તોડ્યાં છે, મૂર્તિઓ ભાંગી છે, પરંતુ આ બધું જ કુરાનની વિરુદ્ધ થયું છે.

મહંમદ પયગંબર જ્યારે ઉચ્ચ સત્તાસ્થાને હતા, ત્યારે એક આયાતમાં ખુદાએ એમને કહ્યું કે તે લોકો ઇસ્લામનો સ્વીકાર કરે તો સારું જ છે, પણ જો તેઓ ઇસ્લામનો સ્વીકાર ન કરે, તો તારું કર્તવ્ય માત્ર સંદેશો પહોંચાડવા પૂરતું જ છે. એવી જ રીતે સુરાહ અલ-હજમાં કોઈનાયે પૂજાસ્થાનનો નાશ કરવાની મનાઈ કરવામાં આવી છે. જે કોઈ મુસ્લિમ શાસકોએ મંદિરો વગેરે તોડ્યાં છે, એમણે કુરાનની વિરુદ્ધ કામ કર્યું છે. ખુદાની નજરમાં

તેઓ પાપી છે, પછી તે મહમદ ગઝની હોય કે ઔરંગઝેબ હોય. કુરાનમાં અન્ય ધર્મીઓને પોતપોતાના ધર્મ મુજબ પૂજા-અર્ચના કરવાની સ્વતંત્રતા માટે તથા એમનાં જીવન તેમજ માલ-મિલકતની રક્ષા માટે સ્પષ્ટપણે બાંહેધરી અપાઈ છે. તેમાં મુસ્લિમોને કહેવામાં આવ્યું છે કે તેઓ જો એક પણ નિર્દોષ માણસની હત્યા કરશે, તો જઘન્ય પાપ માટે ગુનેગાર ગણાશે અને એમણે આખીયે માનવજાતની હત્યા કરી છે, એમ ગણાશે.

એ ખરું કે ઇસ્લામ મૂર્તિપૂજામાં નથી માનતો, પણ તેનો અર્થ એ નહીં કે ઇસ્લામ મૂર્તિભંજક છે. પયગંબર સાહેબ વિજયી થઈને કાબામાં પ્રવેશ્યા, ત્યારે એમણે ત્યાંથી બધી મૂર્તિઓ ખસેડી લીધી હતી, પરંતુ એ તો એટલા વાસ્તે કે ત્યાં બધા મુસલમાન થઈ ગયેલા તેથી હવે મૂર્તિઓની ત્યાં જરૂર નહોતી, પરંતુ એમણે કયારેય કોઈ મૂર્તિ તોડી નહોતી. મદીના પણ જ્યારે એમના કબજામાં આવ્યું, ત્યારે મૂર્તિપૂજક અરબો પ્રત્યે તેઓનો વર્તાવ પૂરેપૂરો સહિષ્ણુતાભર્યો જ રહ્યો હતો. બીજા ખલીફા ઉમરે પણ અન્ય ધર્મીઓનાં ધર્મસ્થાનોની પવિત્રતા પૂરેપૂરી જળવાઈ રહે તેની ખાસ કાળજી રાખી હતી. પયગંબરે નાજરથના ખ્રિસ્તીઓ જોગ જે જાહેરનામું બહાર પાડેલું, તેમાંયે સ્પષ્ટ જણાવેલું કે કોઈ પણ મૂર્તિનો કે ક્રોસનો નાશ કરવામાં આવશે નહીં તથા એમના ધર્મ પ્રમાણે આચરણ કરવામાં કોઈ બાધા નાખવામાં આવશે નહીં. બળજબરીથી કોઈનુંયે ધર્માંતર કરાવવાની પયગંબરે ચોખ્ખી ના પાડી છે. એમણે કહ્યું કે કોઈનીયે પાસે જો હું બળજબરીથી ઇસ્લામનો સ્વીકાર કરાવીશ, તો ખુદા મારા પર ખફા થશે.

કુરાનમાં મુસ્લિમોને લડવાની રજા આપી છે, તે માત્ર પોતાના સંરક્ષણ પૂરતી જ, કોઈના ઉપર આક્રમણ કરવા માટે નહીં. એમને વારંવાર ચેતવવામાં આવ્યા છે કે કોઈનાયે અધિકારો ઉપર તરાપ મારશો નહીં અને જિતાયેલા પ્રત્યે પણ ઉદારતાથી અને દયાભાવથી વર્તજો. વળી, કહ્યું છે કે "અલ્લાહને આક્રમકો ગમતા નથી." જેહાદની વાત છે, તે પણ મુખ્ય તો અનિષ્ટ માટેનાં પ્રલોભનો સામે લડવાની છે. જે ગૌણ જેહાદ છે, તે જયારે તમારા ઉપર આક્રમણ થાય અથવા તો વતનમાં ભ્રષ્ટાચાર ફેલાય, તેની સામે લડવાની છે.

કુરાને અને પયગંબરે મુસ્લિમ બિરાદરીની વાત કરી છે તે પણ કોઈ સંકીર્ણ કે આક્રમક સ્વરૂપની નહીં, પણ વ્યાપક માનવ બિરાદરીના ભાગ રૂપે જ. કુરાન અને પયગંબર આખીયે માનવજાતને એક જ માને છે.

કુરાનમાં માનવજાતના એકત્વની પવિત્રતા ઉપર વારંવાર ભાર મૂકવામાં આવ્યો છે. ઉપાસનાની વિવિધતાને કુરાને માન્ય કરી છે. કુરાન કહે છે કે તમારે સ્પર્ધા કરવી હોય તો સત્કર્મો કરવાની બાબતમાં કરો ને કે કોણ વધારે સત્કર્મો કરે છે. તમે કોઈના કાજી ન બનો. અલ્લાહે દરેક પ્રજા માટે રસૂલો મોકલ્યા છે, કે જેથી પોતપોતાની ભાષામાં અલ્લાહનો સંદેશો બધે પહોંચે. ઇસ્લામ નહીં નહીં તો આવા ૧,૨૪,૦૦૦ રસૂલોને માન્ય કરે છે. ઇસ્લામના

ઘણા વિદ્વાનોએ મધ્યયુગમાંયે નોંધ્યું હતું કે રામ અને કૃષ્ણ અલ્લાહના આવા ખાસ પસંદગી પામેલા પયગંબરોમાંના હતા. કુરાન પયગંબરો વચ્ચે કોઈ ભેદ પાડવાની ના પાડે છે તથા સર્વ પયગંબરો પ્રત્યે સમાન આદર ધરાવવાનું કહે છે. મુસ્લિમો એમ માને છે કે મહંમદ પયગંબર આ કડીમાંના છેલ્લા પયગંબર હતા, જેમણે આજ સુધીમાં આવી ગયેલા સર્વ પયગંબરોને ઈશ્વર તરફથી આપવામાં આવેલા સત્યનું પ્રતિપાદન કર્યું છે.

મહંમદ પયગંબર સહિષ્ણુતાની અને દયાભાવની મૂર્તિ હતા. એમને નિરુપાયે કેટલીક લડાઈઓ લડવી પડી હતી, પણ તેઓ કાંઈ લડાકુ નહોતા. એ બધી જ લડાઈઓ એમના ઉપર થયેલા આક્રમણો સામે સ્વ-બચાવ માટે એમને લડવી પડી હતી અને એ બધી લડાઈઓમાં બંને પક્ષે મળીને ૫૦૦ કરતાં વધારે માણસોની ખુવારી થઈ નહોતી. એમણે પોતાના પ્રતિપક્ષીઓ અને દુશ્મનો પ્રત્યે પણ હમેશાં ક્ષમાભાવ જ દાખવ્યો હતો. મુસ્લિમોએ મક્કા કબજે કર્યું અને મહંમદ પયગંબર મક્કામાં પ્રવેશ્યા, ત્યારે સૌથી પહેલું કામ એમણે બધા જ દુશ્મનોને માફી આપવાનું કર્યું હતું. બધાએ એમને પજવવામાં કાંઈ બાકી રાખ્યું નહોતું. એ લોકોએ એમની ઠેકડી ઉડાવી હતી, એમની સાથે જાતજાતનું ગેરવર્તન કર્યું હતું, એમની હત્યા કરવાનીયે કોશિશ કરી હતી, પરંતુ પયગંબરે એમને સહુને માફ કરી દીધા. એમના વિરોધી નેતા અબુ સુફિયાનની પત્નીએ તો જંગલી વાઘણની જેમ પયગંબરના કાકાનું પેટ ચીરી નાખીને એમનું કાળજું બહાર કાઢ્યું હતું. હવે પોતાનું શુંયે થશે, માનીને એ થરથરી રહી હતી, પણ પયગંબરે એનેય માફ કરી દીધી. ઝકરિયા વેદનાપૂર્વક નોંધે છે કે આવા પયગંબર સાહેબના નામે અને એમના ધર્મના નામે આજે કેટલાક માર્ગ ભૂલેલા ધર્મ-ઝનૂનીઓ કેવાં કેવાં નરાધમ આચરણો કરી રહ્યા છે ! ઇસ્લામનો આ નર્યો દ્રોહ છે !

કુરાનના નામે આજે હવે બહુપત્નીત્વનો બચાવ કરવાનું ખોટું છે. કુટુંબ-નિયોજનની વાત સામે ઇસ્લામનો વિરોધ નથી. ત્રણ વાર તલાકની પ્રથા માટે કુરાનમાં કોઈ આધાર નથી. —આ બધી વાત પણ ઝકરિયાએ સાફ-સાફ કહી દીધી છે.

આમ, ઇસ્લામનો તેના અસલ પરમોજ્જ્વલ સ્વરૂપમાં લેખકે આપણને પરિચય કરાવ્યો છે. દુર્ભાગ્યે, કેટલાક મુસ્લિમ બાદશાહોનાં દુષ્કૃત્યોના રંગે રંગાયેલા ઇતિહાસને આપણે ઇસ્લામ સાથે જોડી દીધો છે. તેને લીધે ઇસ્લામનું એક વિકૃત સ્વરૂપ આપણી આંખ સામે ઊભું થયું છે. તેને ભૂંસી નાખીને ઇસ્લામને તેના અસલ સ્વરૂપમાં ઓળખવાની આજે તાતી જરૂર છે. ઝકરિયા છેવટે અત્યંત આજીજીપૂર્વક અનુરોધ કરે છે કે મુસ્લિમોએ પોતાનામાં જે કાંઈ ખોટું ને ખરાબ હોય, તેને કાઢી નાખવાનું શીખવું જોઈએ તથા હિંદુઓએ ઇસ્લામમાં જેટલું સારું ને ઉમદા જણાય તેને માન ને આદર આપવાનું શીખવું જોઈએ. એક વાર આટલું થશે, તો પૂર્વગ્રહ અને અવિશ્વાસનાં જાળાં સાફ થઈ જશે, અને ખરેખર હૃદયોનો સંગમ થશે. સૂફી શાયર જલાલુદ્દીન રુમીએ કહ્યું છે : ''તને અહીં લોકોનાં હૃદયોને જોડવા મોકલ્યો છે, તોડવા નહીં.''

ઇસ્લામના પ્રસારમાં સૂફીઓએ બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. મુસ્લિમો અને બિન-મુસ્લિમો વચ્ચે હૃદયનો સેતુ નિર્માણ કરવામાં એમની ભૂમિકા અમોલી રહી છે. એ સૂફીઓમાંયે જલાલુદ્દીન રુમીનું નામ અગ્રસ્થાને છે. એમની 'મસનવી'ને શ્રદ્ધાળુઓ દુનિયાભરમાં પર્શિયન ભાષામાંના કુરાન રૂપે આદરભાવથી જુએ છે. રુમીએ પ્રેમ ને સદ્ભાવનાં જ ગાન ગાયાં છે.

રુમી ખુદાનો આદમી હતો. તેને મન ધર્મ-ધર્મ વચ્ચે, કોમ-કોમ વચ્ચે કોઈ ભેદભાવ નહોતો. તેને લઈને કેટલાક રૂઢિચુસ્ત મુલ્લા વગેરે એની ધર્મનિષ્ઠા બાબત શંકા લાવતા. એક વાર એમણે એને પૂછ્યું, ''તારો ધર્મ કયો છે ? તું કયા સંપ્રદાયમાં, કયા પંથમાં માને છે ?''

રુમી બોલ્યો, ''હું તો બધા જ સંપ્રદાયોમાં ને બધા જ પંથોમાં માનું છું.''

એટલે તે લોકોએ ગુસ્સે થઈને કહ્યું, ''ત્યારે તો હવે શંકા જ નથી કે તું એક નાસ્તિક છે.''

રુમીએ જવાબ આપ્યો : ''કદાચ તમે સાચા છો, પરંતુ મારી નાસ્તિકતા એટલી બધી વ્યાપક છે કે તેને અલ્લાહના આશીર્વાદ છે !''

રુમીના ઇસ્લામમાં ધિક્કારને કે નફરતને, વેરઝેરને કે આક્રમણને કોઈ સ્થાન નહોતું. એણે તો દિલ દઈને ગાયા જ કર્યું : ''ઓ મુસલમાનો ! હું શું કરું ? મારા કપાળે હું કોઈ જાતનું લેબલ લગાડી શકતો નથી. ન તો હું આ પંથનો છું કે ન હું તે પંથનો છું, કે ન તો હું તમારા જેવો મુસ્લિમ છું. કોઈ કોમી કે કોઈ રાષ્ટ્રીય સંબંધનું આકર્ષણ હું અનુભવતો નથી. ન તો હું પૂર્વનો છું, ન પશ્ચિમનો અને તેમ છતાં તમારે મારો પંથ જ જાણવો હોય, તો લો કહું, મારો છે પ્રેમપંથ. હું પ્રેમનો પ્રેમી છું. મારો પ્રેમ બધા જ પંથોને પાર કરી જાય છે.''

ઇસ્લામ ચારે કોર ફેલાયો, તે આવા પ્રેમપંથીઓને કારણે જ ફેલાયો. ભારતની ભૂમિ પર આવા પ્રેમપંથીઓ જ પહેલા આવ્યા. અહીં લૂંટારાઓ આવ્યા અને બાદશાહો ને સમ્રાટો આવ્યા, તેનાં સેંકડો વરસ પહેલાં અહીં ભારતની ભૂમિ પર ઇસવીસન સાતમી સદીમાં આવા ઇસ્લામી પ્રેમપંથીઓ અને મુસ્લિમ આરબ વેપારીઓ આવ્યા. મહંમદ પયગંબર ગયા ઈ૰સ૰ ૬૩૨માં. ત્યાર બાદ લગભગ તુરતના જ અરસામાં આ બધા અહીં આવ્યા અને આવ્યા ત્યારે પયગંબરનો પ્રેમનો ને શાંતિનો સંદેશો પોતાની સાથે લઈને આવ્યા. અહીંના સમાજ સાથે તેઓ હળી-મળી ગયા. તેઓ સ્થાનિક ભાષાઓ શીખ્યા, સ્થાનિક રહેણીકરણી ને રીતરિવાજો અને તળપદા સંસ્કારો તેઓ અપનાવતા ગયા. સાથે જ અહીંની પ્રજાને પણ તેઓ પોતાનો રંગ લગાડતા ગયા. ઇસ્લામનો સંદેશ આ રીતે આ ભૂમિમાં પ્રસરતો ગયો.

મુસ્લિમ રાજાઓનાં રાજ અહીં સ્થપાયાં, તે તો ઇસ્લામના સંદેશના આવા આગમન પછી પૂરી પાંચ સદીઓ બાદ. ત્યાં સુધી ઇસ્લામ અહીંના પ્રજાજીવન સાથે અને અહીંની

સંસ્કૃતિ સાથે ઓતપ્રોત થતો ગયો હતો, પરંતુ ભારતભૂમિ સાથેના ઇસ્લામના આ પ્રથમ સંપર્કનો ૫૦૦ વરસનો ઇતિહાસ કોણ લખે ? અને આજે કોણ જાણે ? ઇતિહાસ તો લખાય બાદશાહોનો ને લૂંટારાઓનો ને વિજેતાઓનો ! પરંતુ નગ્ન હકીકત એ છે કે ભારતની ભૂમિ અને ભારતની સંસ્કૃતિ સાથેનો ઇસ્લામનો સંબંધ પયગંબરના ગયા બાદ લગભગ તુરતના જ અરસામાં શરૂ થઈ ગયેલો છે અને તે સંબંધ તલવારનો નહીં, પ્રજાજીવન સાથેના તાલમેળનો સંબંધ છે.

માટે ભારતીય મુસ્લિમનો ચહેરો તમારી આંખ સામે લાવવો હોય, તો તે પોતાને મુસ્લિમ કહેવડાવતા લૂંટારાઓ ને બાદશાહોના હાથે દોરાયેલો નહીં, પણ સૂફી સંતો ને શાયરોના જીવન-કવન દ્વારા દોરાયેલો તમારી આંખ સામે લાવજો. આ પુસ્તકની પ્રસ્તાવના લખી છે, 'ધ એશિયન એજ'ના તંત્રી શ્રી એમ. જે. અકબરે. એમણે તેમાં ચાર ઉર્દૂ શાયરોને યાદ કર્યા છે : અમીર ખુશરો, મિર્ઝા ગાલિબ, અકબર અલ્લાહાબાદી અને મહંમદ ઈકબાલ. આ ચારેય જેટલા ઇસ્લામ સાથે ઓતપ્રોત હતા, એટલા જ ભારતીય ભૂમિ તેમ જ ભારતીય સંસ્કૃતિ સાથે પણ ઓતપ્રોત હતા. ખુશરો એક એવો સૂફી શાયર હતો, જેણે ભારતીય મુસ્લિમની છબી એક મુસ્લિમ તરીકે અને તેટલી જ એક ભારતીય તરીકે આલેખી છે. એ પોતે તુર્ક વંશનો હતો, અને તેમ છતાં ગર્વથી કહેતો કે ભારતીય સંગીતે મને ભારતીય બનાવી દીધો. ભારતીય શાસ્ત્રીય સંગીતે મારા હૃદયને અને મારા આત્માને પ્રજ્વલિત કરી દીધાં છે.

એમ. જે. અકબર કહે છે કે અહીંના મુસ્લિમોના અહીંની ભૂમિ સાથેના સંબંધની આ સુરેખ અભિવ્યક્તિ છે. એમને તલવારે અહીં ભારતમાં નથી રાખ્યા, પણ અહીંની ધરતીએ અને આ ધરતીના ગાયને એમને અહીં રાખ્યા છે. ઝકરિયાના આ પુસ્તકનો મુખ્ય સવાલ છે : ભારતીય મુસ્લિમો કયાં ચૂકયા ? અને ઝકરિયાએ તેનો સાફ-સાફ જવાબ આપ્યો છે : જ્યાં-જ્યાં અને જ્યારે-જ્યારે તેઓ પોતાના ભારતીય મૂળને ભૂલ્યા. કદાચ છેલ્લો શબ્દ અકબર અલ્લાહાબાદીને કહેવા દો :

**પામાલ હૈં મગર હૈં સાબિત કદમ વફા મેં**
**હમ મિસ્લ-એ-સંગ-એ-દાર કે ઇસ આસ્તાં પર હૈં**

— ભલે પાયમાલ થઈ ગયા, પણ અમે અમારી વફાદારીમાં સાબૂત છીએ. અમે અમારી ભૂમિના ઉંબરની સંગીન શિલા છીએ.

# ૫

# પૃથ્વીના પટ ઉપર આવો દેશ બીજો ક્યાં છે ?

બહેન નાસિરા શર્માનું પુસ્તક હિંદુ-મુસ્લિમ પ્રશ્ન બાબત સાવ જુદી જ ભાત પાડતું પુસ્તક છે. તે વધુ ઊંડું છે, વધુ મર્મસ્પર્શી છે. તે ચીલાચાલુ ઢબે નથી લખાયું, ઘરગથ્થુ ઢબે લખાયું છે, નારીસહજ સંવેદના સાથે લખાયું છે. આપણું કોઈક નિકટનું સ્વજન પાસે બેસીને પોતાની દાસ્તાન રજૂ કરતું હોય, આપણને પ્રેમપૂર્વક સમજાવવા મથતું હોય, આપણને ઢંઢોળીને ઊંડું ચિંતન કરવા પ્રેરતું હોય, એવી લાગણી આ પુસ્તક આપણામાં જન્માવી જાય છે. લેખિકા વાચક સાથે આત્મીય સંવાદ ઊભો કરી શક્યાં છે. જાણે તેઓ આપણી સાથે બેસીને ઘરનો કોઈક પેચીદો સવાલ ચર્ચી રહ્યાં છે. એમની શૈલીમાં અનૌપચારિકતા છે, સ્નેહ-સૌહાર્દનો હાર્દિક સ્પર્શ છે. અને તેથી જ આ પુસ્તક કોઈ નવી ચર્ચા કે વિવાદ નથી જગાડતું, પણ હિંદુ-મુસ્લિમ પ્રશ્નના હાર્દને આપણી સામે છતું કરી જાય છે. અને આ વસ્તુ આ પ્રશ્નની ઢાંચાઢાળ ચર્ચામાંથી બહાર કાઢી લઈને આપણને નવેસરથી ચિંતન કરવા પ્રેરે છે.

આપણે અગાઉ જોયું તેમ પુસ્તકના 'અર્પણ'માં જ લેખિકાએ કહી પાડ્યું છે : "ઉન્હેં, જિન્હેં મુસલમાનોં સે સખ્ત નફરત હૈ." અને આવી નફરતનો આબેહૂબ ચિતાર પણ એમણે પુસ્તકમાં આપ્યો છે. કેટલાક કિસ્સા ટાંક્યા છે. લેખિકા કહે છે કે આ બધા સાચા કિસ્સા છે, હાલતાં-ચાલતાં કાને પડેલા છે, જોવા મળેલા છે. તેમાંનાં વાક્યોના શબ્દો તીરની ભૂમિકા ભજવી જાય છે, દિલ ઉપર ચોટ લગાડી જાય છે. તેમાંની કેટલીક વાનગી રજૂ કરીને બહેન નાસિરા પુસ્તકમાં પોતાની આગવી ઢબે તેની મર્મસ્પર્શી છણાવટ કરે છે —

"મલેચ્છ છે મલેચ્છ ! ચાર-ચાર લગ્ન કરશે, તો બચ્ચાં પણ ચાર ગણાં જ પેદા કરશે ને !"

"એમનો ધર્મ જ ખૂનખાર ટાઈપનો છે."

"આ મુસલમાનો ભારે હરામી હોય છે. એમનો કદી વિશ્વાસ ન કરાય."

"આ આખી કોમ જ તલવાર અને ખૂન-ખરાબા ઉપર વિશ્વાસ રાખનારી કોમ છે."

''આ સાલા મુસલમાન, ન પોતે સુખી રહી શકે છે, ન બીજાઓને સુખી જોઈ શકે છે.''

''આ મુસલમાન તો ગંદા એટલા કે જુમ્માના જુમ્માએ જ નહાય !''

ઘણી વાર ડૉ. શર્માની હાજરીમાં મુસલમાનોની જાતજાતની ઠેકડી ઉડાવાય છે. કાં તો ખબર નથી હોતી, કાં ધ્યાન નથી રહેતું કે ડૉ. શર્માનાં પત્ની મુસલમાન છે. ત્યારે ડૉ. શર્મા ઘરે આવીને કહે છે કે મારી જાતને કાબૂમાં રાખવી બહુ અઘરી થઈ પડી, ભારે માનસિક તાણ અનુભવી. જો કે હું કહું છું કે કેટલીક મજાકોને હળવેથી લેવી જોઈએ, તેનો બહુ ભાર રાખીને ન ફરવું. સાથે રહેવું એટલે બધું સારું-સારું જ બને, એ જરૂરી નથી. માણસની અંદર જે જાનવર છુપાયેલું છે, તેનું છેવટે શું થશે ? તેનું પણ ક્યારેક-ક્યારેક બહાર નીકળી જવું જરૂરી હોય છે, નહીં તો તે માણસને અંદર ને અંદર ખાઈ જશે ! એટલે હળવા હંસી-મજાક, ચુટકી, ગુસ્તાખીને બહુ ગંભીરતાથી ન લેવાં. આપણા ભોગેયે મજાક સહન કરી લેવી. ક્યારેક જરીક દુ:ખ પહોંચી જાય તોયે તેને યાદ કર્યા કરવું નહીં, ભૂલી જવું. સુખને જ યાદ રાખવું. નહીં તો નાહક કડવાશ ઘૂંટીશું, જે આપણા દિમાગને ખાઈ જશે. સાથે રહેવું એટલે માત્ર પ્યાર-મોહબ્બત જ નહીં, પરસ્પરને સહન કરી લેવાં.

નાસિરા આગળ કહે છે : જો કે ઘણી વાર મને થાય છે કે વાત-વાતમાં આપણે લોકો ધર્મને અને જાતને શું કામ આગળ કરતા હોઈશું ? સાવ જુદો જ મુદ્દો હોય, તેમાં ધર્મને શું કામ વચ્ચે ઘસડી લાવતા હોઈશું ? એક વાર ટ્રેનમાં એક ખ્રિસ્તી બહેન પોતાની નાની દીકરીને બર્થ ઉપર જ પેશાબ કરાવતી હતી અને તેનાં બાળોતિયાં વગેરે બારીના સળિયા ઉપર નાખતી હતી. અમે જરાક બોલ્યાં, અને તે ઊખડી જ પડી ! મુસલમાનો કેટલા ગંદા હોય છે, એની મોં-માથા વગરની જાતજાતની વાતો તેણે કહી નાખી ! એક વાર એક મા પોતાની દીકરીને કહી રહી હતી કે, જોજે હં, ત્યાં ન જતી, કૂતરો છે, અને તે પણ મુસલમાનનો કૂતરો ! ઘણી વાર ઘરમાં બાળકોને બાવા વગેરેની બીક બતાવાય છે, તેમ મુસલ્લાનીયે બીક બતાવાય છે ! આના ઘેરા સંસ્કાર બાળકના કુમળા માનસ ઉપર પડી જતા હોય છે. આખી કોમ વિશે કે ધર્મ વિશે આવી ઘૃણા જો એક વાર મનમાં પેસી જાય છે, તો તે પછી નીકળી નીકળતી નથી. મનમાં પેસી ગયેલ આવી બીક કે ઘૃણાનું કોઈ ઓસડ નથી.

મેં એવાં કુટુંબો જોયાં છે, જે અત્યંત સંસ્કારી હોય, શાંતિપ્રિય હોય, મધુરભાષી હોય. ક્યારેય ઊંચે સાદે બોલવાનું કે કોઈની સાથે ઝઘડો કરવાનું કે કોઈનાયે વિશે ઘસાતું બોલવાનું એમને આવડતું જ ન હોય. અને તેમ છતાં એવાં કુટુંબોમાં પણ ક્યારેક કોઈક વિશેષ ધર્મનો કાંઈક કડવો અનુભવ થઈ ગયો હોય એટલે અથવા તો પછી ગતાનુગતિક કોઈક ખોટી છાપ ઊભી થઈ ગઈ હોય એટલે આખી કોમ વિશે અને ધર્મ વિશે અભાવો અને પૂર્વગ્રહ જોવા મળે છે.

આવા એક હિંદુ પરિવારમાં બાળકોનો ઉછેર એવી રીતે થયેલો કે એમના ઉપર એવી છાપ કે મુસલમાન એટલે કાંઈક જુદી જ જમાત. એમની સાથે કદી ન ખાવાપીવાનું કે ન કદી ઊઠવા-બેસવાનું. એમનાથી અળગા જ સારા. પરંતુ નસીબનું કરવું તે એ કુટુંબના છોકરાને બહુ મોટી નોકરી સઉદી અરબસ્તાનમાં મળી. લાખોની આવકનો સવાલ હતો. તેને લાત પણ કેમ મારવી ? એટલે છોકરો ત્યાં ગયો. પહેલી વાર મુસલમાનોને, એમનાં કુટુંબોને અને મુસલમાનોના ધર્મના વાતાવરણને બહુ નિકટથી જોવાનો એને મોકો મળ્યો. એને તો ત્યાં બહુ ફાવી ગયું. ત્યાંના શેખો સાથે ઊઠવા-બેસવાનું, હળવા-મળવાનું થયું, ત્યારે એને જે અનુભવ થયો, તે અત્યાર સુધી તેના મનમાં ઊભી થયેલી મુસલમાનો વિશેની પરાયી અને ઘૃણાભરી છાપ કરતાં સાવ ઊલટો હતો. ત્યારથી પોતાના દેશના મુસલમાનો તરફ જોવાની દૃષ્ટિ પણ તેની બદલાઈ ગઈ.

આવા જ અનુભવો મુસલમાનોને પણ હિંદુઓ બાબત થતા રહેતા હોય છે. હુલ્લડો વખતે કયારેક હિંદુ કુટુંબો પોતાના જાનના જોખમે પણ મુસ્લિમોને બચાવતાં હોય છે, પોતાના ઘરમાં આશરો આપતાં હોય છે. ત્યારે ભારે વિપરીત વાતાવરણ વચ્ચેયે એમનો દૃષ્ટિકોણ બદલાઈ જાય છે. આખીયે કોમ વિશે જે ખોટી છાપ મનમાં ભરી રાખી હોય છે, તે ભુંસાઈ જાય છે.

આવું કેમ થાય છે ? આપણે બધા જ આ હિંદુસ્તાન દેશના રહેવાસીઓ હિમાલયમાંથી નીકળેલી ગંગાનું પાણી પીએ છીએ. જ્યાં ગંગા નથી વહેતી, ત્યાંના લોકો ગંગાજળ લઈને પોતાના ઘરમાં રાખે છે. આપણા તળાવ, કૂવા, નાની-મોટી અન્ય નદીઓનાં પાણી બધા જ ધર્મવાળા એક સરખાં જ પીએ છીએ. આ ધરતીનું જ જાડું-ઝીણું અનાજ આપણે સહુ ખાઈએ છીએ. એક જ આસમાન નીચે સૂઈએ-જાગીએ છીએ. એક જ સૂરજ-ચાંદના પ્રકાશથી જીવીએ છીએ. તો પછી એકબીજાથી આટલાં બધાં અળગાં કેમ થઈ જઈએ છીએ ? વચ્ચે વચ્ચે એકબીજા પ્રત્યે આટલાં ક્રૂર ને નિર્દયી કેમ બની જઈએ છીએ ?

આનું કારણ સંસ્કાર છે, જે આપણાં બાળકોને નાનપણથી આપણાં ઘરોમાં અપાય છે. સંસ્કાર, એકબીજા પ્રત્યે નફરતના સંસ્કાર ! સંસ્કાર, માણસના જીવનમાં સંસ્કાર કેટલો બધો ભાગ ભજવે છે ! દરેક માબાપ એમ ઇચ્છે છે કે પોતાનાં બાળકોને સારા સંસ્કાર મળે. દરેક માબાપ ઇચ્છે છે કે એમનાં બાળકો જુઠું ન બોલે, ગાળો ન શીખે, મોટાંને માન આપે, શિસ્ત શીખે, વગેરે વગેરે. એવી જ રીતે આ દેશનાં દરેક માબાપ એમ પણ કેમ ન ઇચ્છે કે પોતાનાં બાળકો કોઈનાયે પ્રત્યે ઘૃણા રાખતાં ન શીખે, કોઈનેયે નફરતથી ન જુએ. દરેક માબાપ જેમ પોતાનાં બાળકોને પોતાના ધર્મના સંસ્કાર આપે છે, તેની સાથે એવા સંસ્કાર પણ કેમ ન આપે કે અન્ય ધર્મો પ્રત્યે પણ સમભાવ રાખવો, અન્ય ધર્મીઓને પણ પોતાના ભાઈ જ માનવા, એમની રક્ષા કરવી તેને પણ આપણો ધર્મ જ માનવો ? આપણે કેમ આપણાં બાળકોને આપણા અન્ય દેશવાસીઓની, અન્ય ધર્મીઓની

પણ ખૂબીઓ નથી બતાવતા ? છેવટે આપણે આપણા પોતાના જ દેશવાસીઓ પ્રત્યે આટલા કંજૂસ કેમ છીએ ?

ખરેખર, આજે દેશમાં એક નવું વાતાવરણ ઊભું કરવાની જરૂર છે. તેને માટે આપણે સહુએ આપણું માનસ બદલવું પડશે. રાજકારણે અત્યાર સુધીમાં બહુ ઝેર જ ઝેર ઘોળ્યે રાખ્યું છે. તેને લીધે વાતાવરણ ભારે કલુષિત થઈ ગયું છે. એક વસ્તુ ન ભૂલીએ. આપણે બધાંએ સાથે જ રહેવાનું છે. લડીને રહીએ કે હળીમળીને રહીએ. હળીમળીને રહેવું હોય તો એવા સંસ્કાર આપણાં ઘરોમાં આપણાં બાળકોને નાનપણથી જ આપીએ. એમને એવા સંસ્કાર આપીએ કે આપણે સહુ પહેલાં હિંદુસ્તાની છીએ, અને પછી જ હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે. આ બધા રાજકારણીઓને કહી દઈએ કે અમને અંદરોઅંદર લડાવી મારવાનો તમારો ધંધો હવે બંધ કરો. કોઈ બીજો સારો કામધંધો શોધી લો. બીજાનાં ગળાં કાપવાનું ને કપાવવાનું બંધ કરો. બસ, હવે બહુ થઈ ગયું !

બહેન નાસિરા કહે છે કે આજે સંચાર માધ્યમોએ આપણને એકબીજાની કેટલા બધા નજીક આણી દીધા છે ! ઇન્ટરનેટ વગેરેએ તો કમાલ કરી છે. કશું કોઈથી છૂપું રાખી શકાય તેમ નથી. માણસ સંપૂર્ણપણે એક્સપોઝ થઈ ચૂક્યો છે. દુનિયા આખી તેના ઘરના આંગણામાં આવી ગઈ છે. આવા સંજોગોમાં તો માણસ-માણસ વચ્ચે મૈત્રી, પ્રેમ, સમજદારી, સદ્ભાવના વગેરે જ વધવા જોઈતાં હતાં. પરંતુ આજે બની રહ્યું છે તેનાથી સાવ ઊલટું ! દુનિયા આખી અશાંત-અશાંત છે. યુદ્ધ, આતંકવાદ, અસંતોષ, અસમાધાન, અસહિષ્ણુતા, અમાનવીયતા જ ચારેકોર વધી રહ્યાં છે. ત્યારે આપણે દરેકે દરેકે આજે વિચારવું એ જોઈએ કે આ વાતાવરણને ધરમૂળથી પલટવા આપણે શું કરવું જોઈએ ? આપણે દરેક જણ આ માટે શું કરી શકીએ ? ઇતિહાસની આંધળી ગલીઓમાં ભટકવાને બદલે આજના યુગ સાથે તાલમેળ બેસાડવાની દિશામાં કેવાં પગલાં ભરી શકીએ ?

શિક્ષણે આપણને મોટી મોટી વાતો કરતાં બહુ શીખવી દીધું છે, પણ શિક્ષણે આપણને અંદરથી બદલ્યાં કેટલાં ? આટલું બધું શીખ્યાં, છતાં એક જ જમીન ઉપર રહીનેયે એકબીજાને પૂરાં ઓળખી શક્યાં છીએ ખરાં ? આજે હિંદુ માનસમાં મુસલમાન પોતાની ઓળખ સંપૂર્ણપણે ગુમાવી બેઠો છે. સામાન્ય હિંદુના મનમાં મુસલમાન એટલે મલેચ્છ, ગંદો, પછાત. મુસલમાન એટલે ઝઘડાળુ, વાત-વાતમાં ચાકુ ઉછાળનારો, 'ઇસ્લામ ખતરામાં'ના નારા પોકારનારો. મુસલમાન એટલે સૂતળી બૉમ્બ રાખનારો, દાઉદ અને લાદેનનો સાગરિત. બસ, આટલી જ ઓળખ આજે મુસલમાનની બચી છે ! આવી સદંતર ખોટી છાપ ભૂંસીને મુસલમાનની સાચી છાપ ફરી કેમ ઊભી કરવી ? ઇસ્લામ વાસ્તવમાં એક સાચો મુસલમાન કોને કહે છે ? અરે, ઇસ્લામ જૂઠ, ફરેબ, બેઈમાનીને તો ધિક્કારે જ છે, પણ એટલે સુધી કહે છે કે કોઈનુંયે દિલ તોડવું એ કાબાને તોડવા બરાબર છે. કોઈ પણ ધર્મની કરોડરજ્જુ તેની નૈતિકતા જ છે. તેનાથી વિરુદ્ધ આચરણ ધર્મની વિરુદ્ધ જ છે.

માટે હવે જૂનું બધું ભૂલી જવું બહેતર છે. જે ભૂલો થઈ હોય તેને ફરી-ફરી કર્યે રાખવી એ મૂર્ખામી છે. આપણી જે કાંઈ કમી હોય, તે દૂર કરવામાં જ શાણપણ છે. માટે હિંદુ ને મુસ્લિમ બંનેએ રાષ્ટ્રના હિતને નજર સામે રાખીને પોતપોતાના આચરણનું ઝીણવટથી અવલોકન કરવું પડશે. આપણે એકબીજાને કેટલા ઓળખીએ છીએ ? અને એકબીજાને ઓળખતા જ નથી, તો એકબીજાને સમજી તો કેવી રીતે શકવાના ? તેથી સ્તો એકબીજા પ્રત્યે વાત-વાતમાં સળગી ઊઠીએ છીએ. એકબીજાને નુકસાન પહોંચાડવામાં પાછું વળીને જોતા નથી. એકબીજાની હજારો બુરાઈઓ જ હમેશાં શોધતા ફરીએ છીએ. આપણને ખબર નથી કે આમ કરીને આપણે એકબીજા ઉપર પ્રહાર કરતા નથી, પણ આપણી પોતાની જ જડ ખોદી રહ્યા છીએ, આપણા પોતાના જ દેશને કમજોર બનાવી રહ્યા છીએ, આપણા પોતાનાઓ પ્રત્યે જ ઘૃણા કરવાનું શીખવી રહ્યા છીએ. આમાં વાત દષ્ટિની છે, મોહબ્બતની છે, સમજદારીની છે, સહિયારા સહજીવનની સભાનતાની છે. એ ન ભૂલીએ કે આપણે સહુ એક જ દેશના રહેવાસી છીએ, આપણે સહુ ભારતીય છીએ. એટલા વાસ્તે એકબીજાને ઓળખવા, એકબીજાને સમજવા, એ આપણું પહેલું કર્તવ્ય હોવું જોઈએ, જો આપણને આપણા દેશ માટે પ્યાર હોય.

ઘણી વાર આપણા દિલમાં કશું હોય નહીં, છતાં પૂર્વગ્રહને કારણે અથવા માનસમાં પડી ગયેલી ખોટી છાપને કારણે અજાણતાં જ આપણે એવું કાંઈક કહી કે કરી બેસીએ છીએ, જે સામાના દિલને ઘેરી ચોટ પહોંચાડી જાય છે. એક વાર પોતાના નજીકના મિત્ર પ્રત્યે પોતીકાપણું દર્શાવવાના જોશમાં એક હિંદુ સજ્જન બોલી ગયા કે ''રહીમભાઈને હું કદી મુસલમાન માનતો જ નથી, એ તો મારા પોતાના છે.'' ત્યારે રહીમભાઈને ચોટ વાગી. એમણે કહ્યું, ''ખેર, તમે મને મુસલમાન માનવા છતાં પોતાનો કહેત, તો મને ખુશી થાત.'' વાત મામૂલી હતી, પણ સૂક્ષ્મપણે એક કોમ પ્રત્યે પૂર્વગ્રહની ચાડી ખાઈ જતી હતી.

હમણાં 'હિંદી દિવસ'ની ઉજવણી પ્રસંગે એક સમારંભમાં જવાનું થયું. તેમાં કોઈ સંદર્ભ વિના જ એક વકતા કશ્મીરની વાત ઉપર ચઢી ગયા અને બોલ્યા કે કશ્મીરનો મુદ્દો પળવારમાં ઊકલી જાય, જો મુસ્લિમ ભાઈઓ તેને 'કંડેમ' કરે. કેટલીક તાળીઓ પડી. સાંભળીને હું ચોંકી પડી. મન ખાટું થઈ ગયું. આવી રીતે કોઈ મોં-માથા વિનાની અધકચરી વાત નાહક કેવો દુર્ભાવ ફેલાવી જાય છે ! વક્તાનો એવો આશય નહીં હોય. મેં પાછળથી એમની સાથે વાત પણ કરી. પરંતુ મારે કહેવું એ છે કે ભાષા માણસની પાસે એક ભારે પ્રભાવશાળી માધ્યમ છે, જે તલવારની માફક કાપી પણ શકે છે, અને સોયની માફક જે ફાટેલાં દિલોને સાંધવાની શક્તિ પણ ધરાવે છે. ખાસ કરીને જેઓ વિચારક છે, લેખક-પત્રકાર-કટાર લેખક છે, એમણે તો આનું ખાસ ધ્યાન રાખવું ઘટે. કેમ કે લોકો એમને બહુ શ્રદ્ધાથી સાંભળતા-વાંચતા હોય છે. વક્તા, લેખક, સાહિત્યકાર વગેરેની ભારે મોટી જવાબદારી છે.

સવાલ આપણી ચેતનાની જાગૃતિનો છે, જે આપણી પોતાની જાતને હંમેશા તોળતી રહેતી હોય કે આપણે પોતે કેટલા પાણીમાં છીએ. જ્યારે-જ્યારે મેં મારી જાતને આવી રીતે

માપી-તોલી છે, ત્યારે નમ્રતાથી ને નિર્મળતાથી મન ભરાઈ આવ્યું છે. ખરું કહું તો, મારી પરેશાની એ છે કે ન હું હિંદુની બુરાઈ સાંભળી શકું છું, ન મુસલમાનની, ન શિખોની મજાક ઉડાવાતી જોઈ શકું છું, ન ખ્રિસ્તીઓ પ્રત્યેનો તિરસ્કાર ભાવ.

મને હમેશાં એમ લાગ્યું છે કે વર્તમાનમાં વર્તતી વખતે ભૂતકાળનો બોજ વેંઢારવાને બદલે ભવિષ્યનું ધ્યાન રાખવું બહુ જરૂરી છે. સર સૈયદ અહમદખાન ઉપર ફિલ્મ ઊતરી રહી હતી, જેમાં બેગમ સૈયદ અહમદની ભૂમિકા હું ભજવતી હતી. તેમાં એક વાકય વારંવાર આવ્યા કરતું જે ખ્રિસ્તીઓ પ્રત્યે અપમાજનક હતું, કેમ કે ફિલ્મના કથાનકમાં અંગ્રેજોની આલોચના હતી. અંગ્રેજો પ્રત્યેનો દ્વેષ તેમાં વ્યકત થતો હતો. પરંતુ આટલાં વરસો પછી તે વાકય કાનોને અખરતું હતું, કેમ કે આજના સંદર્ભમાં આપણા દેશના ખ્રિસ્તીઓ પ્રત્યે તે અસહિષ્ણુતા દર્શાવતું હતું. છેવટે અમે તે સંવેદનશીલ વાકય કાઢી જ નાખ્યું. આટલો વિવેક રાખીએ તો ભૂતકાળને કારણે વર્તમાનમાં ઊભી થતી ઘણી તકલીફો દૂર કરી શકીએ.

મૂળમાં મારે કહેવું એ છે કે આપણી નાની-મોટી વાતોમાં વારંવાર ધર્મ શું કામ વચ્ચે ટપકી પડવો જોઈએ ? વાસ્તવમાં, ખરી ચૂક ત્યાં થાય છે કે આપણે લોકો ન તો આપણી ભૂલોને સહિયારી માની શકીએ છીએ, ન તેનું પ્રાયશ્ચિત્ત પણ સાથે મળીને કરવાની શક્તિ ભેળી કરી શકીએ છીએ. બલ્કે, આપણે આપણી બધી જ શકિત એકબીજાને નીચા દેખાડવામાં જ લગાડી દઈએ છીએ. આરોપ-પ્રતિ આરોપની જાળમાંથી કયારે આપણને મુક્ત કરી શકીશું ? કયારે આપણે સમજી શકીશું કે માનવીય ગૂંચો માનવીય ઉપાયોથી જ ઉકેલી શકાશે ? જયારે આપણે સહુએ સાથે જ જીવવાનું છે, ત્યારે આપણે આપણી વચ્ચે નાહકની તાણભરી સ્થિતિ શું કામ ઊભી કરતા રહીએ છીએ ? તાણભરી ઉગ્ર અભિવ્યક્તિઓ આપણી સર્જનશક્તિને નિચોવી નાખે છે. માનસિક સંતાપમાં ડૂબેલા આપણે કાયમ એકબીજા પ્રત્યે શંકાશીલ રહીને એવી પળોને પકડી શકતા નથી, જે આપણને રાહત પહોંચાડી આપણી રચનાત્મક શક્તિઓ વધારીને આપણી આંતરિક દુનિયાને સૌંદર્યથી છલકાવી જઈ શકે છે.

આ તે કેવું મોટું દુર્દૈવ છે કે ભારત જેવા દરેક રીતે સંપન્ન એવા દેશમાં હોવા છતાં આપણે લોકો આવું દળદરી વ્યવહાર-વર્તન કરતા રહીએ છીએ ! આટલી સ્વતંત્રતા, આટલી ઉન્મુકત્તતા, આટલી વિવિધતા, આટલો વિસ્તાર, આટલી અનેકતા, આટલી વિભિન્નતા ભારત સિવાય બીજે કયાં છે ? જ્યાં મહાનગરોનાં કોંક્રીટનાં જંગલોથી લઈને હિમાલયનાં સઘન વનો સુધી કોઈ પણ ગમે તેવી અવસ્થામાં વિચરી શકે છે ! કોઈ પણ ધર્મને અપનાવીને, કોઈ પણ વિચારધારા મુજબ ચાલીને, કોઈ પણ વેશ ધારણ કરીને, કોઈ પણ ભોજન ગ્રહણ કરીને, કોઈ પણ ભાષા બોલીને, કોઈ પણ પ્રાંતમાં પોતાનું ઘર બનાવીને જીવી શકે છે ! શું આવો દેશ છે કોઈ બીજો વિશ્વના નકશામાં આ પૃથ્વીના પટ ઉપર ?

# ૬

# એક જ ધરતીનાં સંતાનોનો અતૂટ નાતો

**બ**હેન નાસિરા શર્મા કહે છે કે હું વિચારતી હતી કે આ પુસ્તકમાં શું લખું ? આમાં કયા મુદ્દા ઉપાડું ? રાજકારણીઓ, મુલ્લા-મૌલવીઓ, સમાજસેવકો વગેરેનાં કથનો, મંતવ્યો વગેરેને લઈને તેની ચર્ચા કરું ? તોફાનો, હુલ્લડો વગેરેને લીધે થયેલી બેહાલીનું વિવેચન કરું ? મને બિલકુલ રસ નહોતો કે હું વીતી ગયેલી કાલમાં અટવાઈ જાઉં અથવા તો વર્તમાનથી એકદમ પ્રભાવિત થઈ જઈને મનનો બધો આક્રોશ મારા લખાણમાં ઠાલવી દઉં. આને બદલે હું ઇચ્છતી એમ હતી કે એવું કાંઈક લખું કે જે મારા પોતાના અનુભવનું સાક્ષી હોય. મારી પોતાની આત્મપ્રતીતિની ભૂમિ પર ઊભી રહીને હું જે કાંઈ કહું તેમાં સચ્ચાઈનો રણકો ઊઠે. તેથી આ પુસ્તકમાં મુસલમાન એક સામાન્ય માણસની જેમ પોતાની ખૂબીઓ ને ખામીઓ સાથે મોજૂદ છે. મારાં પોતાનાં સંસ્મરણો દ્વારા વાસ્તવિકતાનું યથાર્થ દર્શન થઈ શકશે, એવો મને વિશ્વાસ છે.

નાસિરા આઝાદ ભારતમાં જન્મ્યાં છે. ૧૯૪૮માં ઈલાહાબાદમાં એમનો જન્મ થયો. એટલે રફીક ઝકરિયાની જેમ એમના માથે ન તો દેશના ભાગલાનો અપરાધબોધ છે, ન હિંદુ-મુસ્લિમ એકતા પરત્વે ગાંધી અથવા બીજા કોઈ પાસેથી ઝીલેલી પ્રેરણા છે. ભાગલા વિશે તો એમણે એક જગ્યાએ લખ્યું છે કે દેશના ભાગલા કેવળ મુસલમાનોને કારણે જ પડ્યા છે ? તેમાં હિંદુ-મુસ્લિમ બંનેની ભૂલ નહીં હોય ? શું બધો દોષ મુસલમાનોનો જ હતો ? અને માન્યું કે કદાચ એમ હોય પણ ખરું, તોયે દરેક ગુનાની સજા કેવળ એક વાર અપાય છે, એક જ ગુનાની સજા વારંવાર અપાતી હોય એવું તો કયાંય કદી જાણ્યું નથી !

એવી જ રીતે હિંદુ-મુસ્લિમ એકત્વ અંગેની એમની ભાવના પણ એમની પોતીકી છે. 'એકત્વ હોવું જોઈએ' —એમ નહીં, 'એકત્વ છે જ' —એવી એમની પ્રતીતિ છે. એ એકત્વ એમણે જાતે અનુભવ્યું છે, રોમ-રોમમાં અનુભવ્યું છે. એમની આ અનુભૂતિ પ્રેમના રસાયણથી રસાયેલી છે. ધર્મ, જાતિ વગેરેના ભેદ એમના અસ્તિત્વમાંથી ને એમના માનસમાંથી ઓગળી ગયા છે.

મુસ્લિમોમાં બે મુખ્ય ધારા છે —સુન્ની ને શિયા. પહેલાં બધા સુન્ની હતા. સુન્નીનો અર્થ છે, પયગંબરની કહેલી વાતોને માનનારા. પછી ૩૦૦ વરસની લાંબી અરબ ગુલામીથી તંગ આવીને ઈરાને ઇસ્લામનો સ્વીકાર કર્યો, પણ તેને રંગ આર્યોવાળો આપ્યો અને પોતાને અલી સાથે જોડ્યા. પોતાને એમણે શિયા કહ્યા. એમનામાં સૈયદોની કોમ પોતાને પયગંબરની બેટી હજરત સૈયદાના વંશવૃક્ષની માને છે. નાસિરા શિયા મુસ્લિમ છે અને સૈયદ ખાનદાનનાં છે.

પુસ્તકમાં નાસિરાએ પોતાનાં સંસ્મરણોનું એક ખાસ્સું લાંબું પ્રકરણ આપ્યું છે, અને તે અત્યંત રોચક ને બોધપ્રદ બન્યું છે. તેમાં એમના અંગત જીવનની સરસ ઝાંખી મળે છે. નાસિરાએ એક બ્રાહ્મણ પ્રાધ્યાપક ડૉ૰ રામચંદ શર્મા સાથે લગ્ન કર્યાં છે. પોતાનાં સંસ્મરણો કહેતાં-કહેતાં એક સિદ્ધહસ્ત કળાકારની ઢબે લેખિકાએ પોતાના ધર્મનિરપેક્ષ પ્રેમસભર સહજીવનનું સુરેખ રેખાચિત્ર દોરી આપ્યું છે. તેમાં સંતોષ-સમાધાન છે, આહ્લાદ છે, ખુમારી છે, એકત્વની સુવાસ છે. કોઈક સાહિત્યકૃતિ વાંચતા હોઈએ એ રીતે તે આપણને રસતરબોળ કરી જાય છે. અને સાથે જ પુસ્તકના વિષયને નજાકતપણે પ્રસ્તુત કરી જાય છે. આ વિવરણ જેટલું રસપ્રદ છે એટલું જ બોધપ્રદ પણ છે.

૧૯૭૦ની આસપાસ બંનેના લગ્નજીવનની શરૂઆત થઈ. લગ્ન વખતે ડૉ૰ રામચંદ શર્મા ઇલાહાબાદમાં ભૂગોળ વિભાગમાં પ્રાધ્યાપક હતા. પછી એમની નોકરી નિમિત્તે બંનેને જુદે જુદે સ્થળે રહેવાનું થયું. ઇગ્લંડમાંયે રહ્યાં અને નાગાલેન્ડમાંયે, પણ વધારે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં દિલ્લી રહેવાનું થયું. લેખિકા નોંધે છે કે દેશ-વિદેશમાં ફરવાથી અનેક અનુભવો મળે છે તથા દિમાગમાં એકત્વની એક માનવ-શૃંખલાયે નિર્માણ થાય છે.

પરંપરાગત સમાજમાં એમનું આંતરજાતીય, આંતરધર્મીય લગ્ન શરૂઆતમાં ભારે કુતૂહલનો વિષય હતું. લોકોને થતું, કોણ જાણે કેટલું નભશે, મિયાં-મહાદેવનો મેળ કેમ ને કેવોક જામશે ! પરંતુ મેળ બરાબર જામ્યો. લેખિકા કહે છે કે ધર્મ, વર્ગ, પ્રાંત, પરિવાર કશુંયે અમારા સંબંધમાં આડે નથી આવ્યું. હિંદુ-મુસલમાન વચ્ચેનો પ્રેમનો સેતુ અમે બંનેએ અમારી મરજીથી અને રાજીખુશીથી બાંધ્યો હતો, અને તે અતૂટ જ રહ્યો. અમે બંનેએ મળીને જે ઘરની બુનિયાદ નાખેલી, તેમાં કોઈ પણ પ્રકારનાં બંધન, પૂર્વગ્રહ, ગેરસમજ વગેરે માટે કશો અવકાશ જ નહોતો. અમારું સહજીવન નિરંતર નદીની જેમ ખળખળ વહેતું જ રહ્યું છે.

બંનેનાં કુટુંબોમાં શરૂ-શરૂમાં થોડો ઊહાપોહ જરૂર થયેલો, પણ સરવાળે બંનેને ઝાઝી પ્રતિકૂળતાનો સામનો નહીં કરવો પડ્યો. નાસિરાના કુટુંબમાં બહેન-બનેવીને પોતાની દીકરીનાં લગ્નની ચિંતા થઈ આવેલી કે તેને હવે પોતાના ઊંચા ખાનદાનનો છોકરો નહીં મળે. એની ભાભીને પણ થયેલું કે, નાસિરા એક હિંદુને પરણી ? પણ ત્યારે ભાઈએ કહી દીધું : ''મારા ઘરમાં એક હિંદુની બહુ જરૂર હતી.'' રામને નાસિરાના કુટુંબે પોતાના જ માનીને અપનાવી

લીધા. એમને શર્મા ખાલૂ (શર્મા માસા) અને શર્મા ફૂફા (શર્મા ફૂઆ) કહીને બોલાવતા. ઘરની નોકરાણી એમને 'દૂલ્હા મિયાં' કહેતી.

નાસિરાની માસીને કોઈ સંતાન નહોતું. તેણે રામને પોતાનો દીકરો માની લીધો. હમેશાં કહેતી કે, આ તો 'અલ્લાહ ભેજૂ' છે. બંને વચ્ચે બહુ પ્રેમભર્યો નાતો બંધાયો. માસીના મૃત્યુ વખતે મરદોમાં કેવળ રામ જ ઘરે હાજર હતા. એમણે જ બધી અંતિમ વિધિ પાર પાડી. પરંતુ કબરમાં ઉતારતા પહેલાં જ્યારે અંતિમ દીદાર (દર્શન) કુટુંબીઓને કરાવવા માટે મોં ખોલ્યું, ત્યારે ખબર પડી કે કોઈ અન્ય નિકટના કુટુંબીને બદલે રામ જ ત્યાં હાજર છે ! રામે વિધિ તો અદા કરી, પણ ત્યારે ત્યાં ઊભેલા શિયાઓના ચહેરા 'હિંદુ દામાદ'ને જોઈને બગડી ગયા હતા. વાસ્તવમાં, બંને વચ્ચે મા-દીકરાનો સંબંધ જ બંધાઈ ગયો હતો. ખાલા અમ્મા (માસીમા) જીવતાં હતાં, ત્યારે નાસિરાને ઘરે આવે તો એમને લઈને કયાંય જવું હોય કે ખરીદી વગેરે કરવી હોય, તો નાસિરા નહીં, મોટે ભાગે રામ જ એમની સાથે જતા, એ જ માસીને વધુ ને વધુ 'કંપની' આપતા ! કોણ હિંદુ અને કોણ મુસ્લિમ ? બે ઇન્સાન, અને એક વાર બંનેની વચ્ચે પ્રેમ પાંગર્યો કે ઇન્સાનિયતનો નાતો બંધાઈ ગયો !

નાસિરા કહે છે કે, આજે પણ યાદ આવતાં હસી પડાય છે તથા દિલ ને દિમાગમાં ગલગલિયાંભરી ખુશી લહેરાઈ જાય છે ! રામની મા એને બાળપણમાં સામેવાળા પડોશીને ત્યાં જવાની ના પાડતી કે બેટા, તેઓ મુસલમાન છે. રામ નાના હતા ત્યારે ઘરે કોઈ મહેમાન આવે, તો એમની સામે ઊભા રહીને હનુમાન ચાલીસા ને ગાયત્રી મંત્રનો પાઠ કરી બતાવતા અને શાબાશી મેળવતા. પણ પછી અજમેરમાં ઊછર્યા, તો ખ્વાજા સાહેબથી કેમ દૂર રહી શકે ? સાંજે ખ્વાજા સાહેબની દરગાહમાં જઈને કવ્વાલી સાંભળવી, એ એમની દિનચર્યાનો એક ભાગ બની ગયો હતો. એ જ ખ્વાજા સાહેબની દરગાહે એમણે કેટલીયે માનતા માનેલી, અને એમની કેટલીયે મુરાદો પૂરી થયેલી —જેમાંની એક મુરાદ નાસિરાને પત્નીરૂપે મેળવવાનીયે.હતી.

મુસલમાનથી દૂર રહેવાનું જેને કહેતી હતી, તે દીકરો જ મોટો થઈને મુસલમાનને પરણ્યો ! અને મુસલમાન વહુએ સાસુનું દિલ જીતી લીધું. રામનાં મા વચ્ચે-વચ્ચે દીકરાને ત્યાં રહેવા આવતાં. સાસુ-વહુ વચ્ચે ગાઢ પ્રેમનો નાતો બંધાતો ગયો. હિંદુ-મુસલમાનનો ભેદ તો કયાંય ભુંસાઈ ગયો. નાસિરા ગદ્‌ગદ્ ભાવે યાદ કરે છે કે, એ સાસુ નહીં, મારાં મા જ હતાં. કયારેય એમના મોઢે મેં કડવું વેણ નથી સાંભળ્યું. કામકાજમાં પૂરો સાથ આપે. હું મારાં નાનાં છોકરાંવની સાર-સંભાળમાં વ્યસ્ત હતી, ત્યારે તો એ મારી એટલી બધી કાળજી લે ! રામને ને મને સાથે જમવા બેસાડીને ગરમ-ગરમ રોટલી ખવડાવે ! નાસિરાની લખેલી એક નવલકથા છે, 'શાલ્મલી'. નાસિરા કહે છે કે તેમાંનું સાસુનું પાત્ર મારી આ સાસુ ઉપરથી જ રચાયું છે. નાસિરાએ પોતાની એ નવલકથા પોતાની સાસુ સરસ્વતીદેવીને જ અર્પણ કરી છે.

આવી જ રીતે નાસિરાનાં મા પણ વચ્ચે વચ્ચે એમને ત્યાં આવીને રહેતાં. મા ધાર્મિક પ્રકૃતિનાં હતાં, ધાર્મિક ક્રિયાકાંડોમાં એમને રુચિ, ધર્મસ્થળોએ જવાનું એમને ગમતું. દિલ્લીમાં નાસિરા એમને હજરત અલીની દરગાહે લઈ જતી. પરંતુ પછી એમની મિત્ર હિંદી લેખિકા વિનીતા અગ્રવાલ માને સાથ આપવા લાગી અને એમને બધે લઈ જવા લાગી. એમનો બંનેનો સરસ મેળ પડી ગયો. દીકરીને બહુ રસ નહીં એટલે અગાઉ પોતાની દીકરી સાથે જતાં ત્યારે તો મા માત્ર શમા, અગરબત્તી સળગાવીને મન મનાવી લેતાં. પણ હવે વિનીતાનો સાથ મળતાં બંને સાથે સાથે માતમ કરતાં, નૌહા ગાતાં, મન્નતોના ધાગા બાંધતાં અને છેવટે વિનીતા પોતાની રીતે માથું જમીનને અડાડીને પછી બે હાથ જોડી એક ભજન જરૂર ગાતી. તે વખતે નાસિરાનાં મા પણ એની સાથે એ જ રીતે હાથ જોડીને બેસતાં. નાસિરા લખે છે : ''આ કઈ ઝાંખી હતી, જે ન કોઈ ફિલ્મની હતી, ન પ્રચાર-પ્રસારની હતી. બસ, એક આરાધના હતી, નિષ્ઠા હતી, સન્માન હતું. આજે વિનીતા અને અમ્મા બેઉ આ દુનિયામાં નથી, પરંતુ એ બંનેએ જે વિશ્વાસ મને ગાંઠે બંધાવ્યો, તેણે મારો ભરોસો એ ભારતીય સભ્યતા-સંસ્કૃતિ ઉપર પાકો કર્યો, જે સરસ્વતીની માફક ત્રીજી નદી બનીને ક્યાંય અદશ્ય ધારા રૂપે આપણી ભારતીયોની અંદર નિરંતર વહેતી રહે છે. મને આનો એહસાસ થયો છે. મારી અંદર પણ કેટલીક ગાંઠો હતી, બંધન હતાં. તેને તોડવામાં મારા ચિંતન-વિચારણાએ જ નહીં, બલ્કે બીજાઓએ પણ ઘણી મોટી ભૂમિકા ભજવી છે.''

ધાર્મિક કર્મકાંડમાં નાસિરાને બિલકુલ વિશ્વાસ નહીં. માથું નમાવીને પ્રણામ કરવામાં માને નહીં. નમાજ-રોજામાં કોઈ રુચિ નહીં. તેમ છતાં બીજાઓની શ્રદ્ધા-વિશ્વાસની કદર કરે. ક્યારેય કોઈના ધર્મ વિશે ઘસાતું બોલવું અથવા પોતાના ધર્મનીયે મજાક ઉડાવવી કે તેનું અપમાન કરવું, એ એમના સ્વભાવમાં નહીં. એટલે જ્યારે એમના ટાઇપિસ્ટ બરમેશ્વર રામ મંદિર જવાનું કહેતા, તો એમની સાથે જતાં. બરમેશ્વર પૂજા કરતા, તો એ પણ કરતાં. એક વાર એમનો દીકરો સાથે હતો. અત્યારે ખૂબ વિસ્તરેલું એવું છતરપુર શક્તિપીઠ મંદિર તે વખતે સાવ નાનું હતું. તેઓ ત્યાં ગયાં, બાબાજીને મળ્યાં, બરમેશ્વરે એમનાં ચરણોમાં પડીને પ્રણામ કર્યાં. નાસિરા પહેલાં તો એમનેમ ઊભાં રહ્યાં, એમના મનમાં દ્વંદ્વ ચાલતો રહ્યો, પણ પછી એમણે પણ નમીને પ્રણામ કર્યાં. દીકરાએ જોયું. તેને ભારે આશ્ચર્ય થયું. પરંતુ માએ આંખ દેખાડી એટલે તેણે પણ પ્રણામ કર્યાં. અને પછી બધાંએ ભંડારામાં સૂકી રોટી અને પાણી જેવી દાળ ખાધી. હજીયે બરમેશ્વર નારિયેળ, પતાશા, પૂરી, હલવો, મોતીચૂરના લાડુ વગેર પ્રસાદ રૂપે લાવીને દે છે, તો નાસિરા કોઈ ખચકાટ વિના સ્વીકારે છે. એક વાર નાસિરાના ભાઈ બીમાર છે, એમ બરમેશ્વરે જાણ્યું. એમણે નાસિરાની માને કહ્યું કે મારી સાથે મંદિરમાં ચાલો. માએ નાસિરાને કહ્યું કે તું પણ ચાલ, રામજી જો મજહરને સારો કરી દેતા હોય, તો હું કેમ ન જાઉં ! શક્તિપીઠ મંદિરના દરેક ભાગમાં બરમેશ્વર સાથે જઈને માએ દુઆ માગી. નાસિરા લખે છે : ''દૂર ઊભી-ઊભી હું વિચારતી હતી કે માનું દિલ વિચાર, વાદ, ધર્મ કરતાં મોટું છે, પરંતુ હું કઈ માટીની બની છું કે સહેજે માથું નથી નમાવી શકતી !''

આ સંદર્ભમાં નાસિરાનું ચિંતન હજી વધુ ઊંડું ચાલે છે. નાસિરા કહે છે કે એ પણ એક સંજોગ જ છે કે હું ધર્મ-બંધનથી જેટલી દૂર ભાગતી રહી છું, તેટલો જ વધારે અવસર ધર્મ-સ્થળો પર જવાનો મને મળતો રહ્યો છે. શિખોના ગુરુદ્વારા, ખ્રિસ્તીઓનાં ગિરજાઘરો, મુસલમાનોની દરગાહો ને ઇમામવાડા, હિંદુઓનાં મંદિરો, બૌદ્ધ ને જૈનીઓનાં મઠો, સ્થાનિક દેવ-દેવીઓનાં પવિત્ર સ્થળો, બધે જ મારે જવાનું થયું છે. દેશ તેમ જ વિદેશમાં બધી જગ્યાએ મને પોતાની ગોદમાં લેવા તેઓ મારા સ્વાગત માટે હાથ ફેલાવીને ઊભાં છે. એ સ્થળોને ઐતિહાસિક દૃષ્ટિએ તો જોવા જાઉં જ છું, પણ તેની સાથોસાથ હું એમને સદાય પવિત્ર માનતી આવી છું, કેમ કે આ બધાં સ્થળો કરોડો માણસોની આસ્થા સાથે જોડાયેલાં છે.

એટલું કહી દઉં કે, પ્રાચીન શ્રદ્ધા-વિશ્વાસ પ્રત્યે જોવાનો મારો દૃષ્ટિકોણ બહુ સ્પષ્ટ છે. બેશક તેઓ આપણા વર્તમાન પ્રશ્નો તેમ જ સમસ્યાઓનું સમાધાન કરાવી શકશે નહીં તથા આપણી મુશ્કેલીઓની વર્તમાન જટિલતાને ઉકેલી શકશે નહીં. તેમ છતાં આ પરંપરા, કે જેની આપણને આદત પડી ગઈ છે અને જે શતાબ્દીઓથી આપણા ચિંતન-વિચારનો એક ભાગ બની ગઈ છે, તે આપણને એવે વખતે સંતોષ-સમાધાન કરાવવાની શક્તિ ધરાવે છે, જ્યારે આપણે આપણી પોતાની જાત ઉપરનો વિશ્વાસ ગુમાવી બેસતા હોઈએ. એવા ડગુમગુ સમયમાં આરાધના અને આસ્થા જ માણસને બળ આપી જાય છે, એનામાં ઊર્જાનો સંચાર કરી જાય છે. આ સ્થિતિ વિશ્વવ્યાપી છે. આ 'નિષ્ઠા-ભાવ' ઉપર નાહક પ્રહાર કરવો, એ ખરું જોતાં બીજા ઉપર 'આક્રમણ' કરવા જેવું છે. જ્યાં સુધી સામા માણસની 'આસ્થા' તમારા જીવનમાં કોઈ હસ્તક્ષેપ ન કરી રહી હોય, ત્યાં સુધી તેને વિશે ગમે તેવું કહેવા માટે મોં ખોલવું બિન-જરૂરી તો છે જ, સાથોસાથ માણસાઈ વિહોણું પણ છે. પોતાની મર્યાદામાં ન રહી શકવાને કારણે તથા બીજાઓ પ્રત્યે સન્માનભાવ ન રાખવાને કારણે ઘણું કરીને સ્થિતિઓ ઉગ્ર રૂપ ધારણ કરે છે અને દંગા-તોફાનમાં સરી જાય છે.

નાસિરાને પોતાને પણ હિંદુ-મુસ્લિમ રમખાણોને કારણે સહન કરવાનું આવ્યું હોય એમ લાગે છે. એમણે તેનો સીધો ઉલ્લેખ તો નથી કર્યો અથવા તે વિશે કશો આક્રોશ નથી ઠાલવ્યો કે જરીકે કડવાશ પણ નથી બતાવી. પરંતુ એક જગ્યાએ એમણે કહ્યું છે : ''અસામાજિક તત્ત્વોએ મારી માનું ઘર એની પાસેથી છીનવી લીધું હતું અને બીમાર ભાઈનો જાન પણ ખતરામાં હતો. હું એ બંનેને કોઈ પણ રીતે બચાવીને દિલ્લી લઈ આવી હતી. ઘર ઉપર પણ હુમલા શરૂ થયા. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીની સિક્યોરિટી પરેશાન. રામ શર્મિંદા અને પરેશાન. સાદા પોશાકમાં પોલીસ પહેરો પણ રખાયો. ફોન ઉપર ધમકી. ક્યાંક કંઈ થઈ ગયું તો ! છેવટે હું બંનેને અમારા ગામે છુપાવવા માટે લઈ ગઈ.''

બસ, આટલો જ ઉલ્લેખ કર્યો છે. આનાથી વિશેષ આની કોઈ બીજી ચર્ચા નહીં, ફરિયાદ નહીં, આક્રોશ નહીં, કડવાશ નહીં. લેખિકા આ બધું એક મુસલમાનની નજરે કે હિંદુની નજરે જોતાં જ નથી, નર્યા માણસની નજરે જ જુએ છે. તેથી 'હિંદુઓએ આમ

કર્યું' – એમ નથી કહેતાં, 'અસામાજિક તત્ત્વોએ કર્યું.' કોણે આ કર્યું અને કોણ આને માટે જવાબદાર, એવું બધું વિચારવાને બદલે માણસ જેવો માણસ ઊઠીને આવું કેમ કરે છે, તે વિશે જ એમનું ચિંતન ચાલે છે. તેઓ કહે છે કે દરેક વ્યક્તિને ક્યાંક અસલામતીની ભાવના સતાવે છે, અને તેથી તે સલામતીની શોધમાં પોતાની અંદરના સંકીર્ણ દાયરામાં સંકોચાતી જાય છે. તેનું માનસ જડ બનતું જાય છે, પોતાની ભાષા પ્રત્યે ભાવુક, ધર્મ પ્રત્યે કટ્ટર, ખાણીપીણી ને રહેણીકરણી બાબત સંકીર્ણ. સાથે જ બીજાઓ પ્રત્યે ક્રૂરતા સેવતી રહે છે કે જેથી પોતાનું સંરક્ષણ કરી શકે. તે પોતાના કોચલામાં પુરાતી રહે છે. પરંતુ આ વલણ ભારે સમસ્યારૂપ ત્યારે બની જાય છે, જ્યારે વાત આવે છે ભારત જેવા દેશમાં સાથે-સાથે જીવવાની. તે વખતે આ બધાં વલણોને કારણે આપણે મુક્ત આસમાનનું ખુલ્લાપણું ગુમાવી બેસીએ છીએ તથા આપણાં દિલમાં ગાંઠ પડી જાય છે. આપણે ભૂલી જઈએ છીએ કે 'જીવો અને જીવવા દો' એ જ જીવનનો નિયમ છે. આ ધરતીના તમે જેટલા હકદાર છો, તેટલા જ બીજા પણ છે. બાકી, હિંદુ ધર્મ એટલો સાંકડો નથી કે મુસલમાનોને ઊભા રહેવાની જગ્યા ન દે, અને ઇસ્લામ ધર્મ એટલો કટ્ટર નથી કે હિંદુઓને પોતાની સાથે ન રાખી શકે.

બહેન નાસિરા કહે છે કે એકબીજાનો થોડોક ખ્યાલ રાખીએ, એકબીજાની થોડીક ઇજ્જત રાખતા થઈએ, એકબીજા વિશેની સાચી સમજ કેળવીએ. કેવી અજબ વાત છે કે માણસ માણસથી ડરતો રહે, પોતાની જ નસ્લ વિરુદ્ધ સાવ નકામી ને બેહૂદી વાતો પોતાના દિમાગમાં ભરતો રહે ! આવું શું કામ ? આપણે સહુ હિંદુસ્તાનના જ બાશિન્દા, આપણી વચ્ચે ભેદની દીવાલ શું કામ ? ધર્મ જુદો હોય તો હોય, પણ આપણી સંસ્કૃતિ તો એક જ છે ને ! તેથી સ્તો મેં બિહારમાં મુસલમાનોને ધોતિયું પહેરતા અને હિંદુઓને રોજા રાખતા પણ જોયા છે. આ મેં નજરોનજર જોયેલી સચ્ચાઈ છે.

હિંદુસ્તાનની વિવિધતાનું મનભર વર્ણન નાસિરાએ પુસ્તકમાં વારંવાર કર્યું છે. દિલ્લીમાં યુનિવર્સિટીના કેમ્પસમાં તો આખું હિંદુસ્તાન વસી રહ્યું છે. તેથી ભોજનની જાતજાતની વાનગીઓ ત્યાં ભેળી થાય, તે સ્વાભાવિક છે. એકબીજા પાસેથી શીખવા મળતું રહે, એકબીજા વચ્ચે આદાનપ્રદાન થતું રહે. આવી વિધવિધ વાનગીઓનું લાંબું લિસ્ટ આપીને એક જગ્યાએ નાસિરા લખે છે : "......બંગાળીઓની ચિડચિડી, પંજાબીઓના છોલા-ભટૂરા, સાઉથના ઢોસા-ઈડલી, મરાઠીઓના શ્રીખંડથી લઈને મામલો કૉન્ટિનેંટલ સુધી પહોંચી ગયો, અને તોયે આખા ભારતને પોતાનામાં સમાવી લઈ ન શક્યો ! આજે પણ જ્યાં જાઉં છું, ત્યાં કોઈ નવો સ્વાદ, કોઈ નવી વાનગી ભોજનના ટેબલ ઉપર મળી જાય છે, અને મને એવો અહેસાસ થાય છે કે હિંદુસ્તાનને આખું પોતાનામાં સમાવી લેવા માટે એક જિંદગી ઓછી પડે !"

નાસિરાને એક જાપાની પ્રોફેસર મળ્યા હતા જે કહેતા હતા કે એક ધર્મ, એક જાતિ, એક ભાષાવાળાઓ સાથે રહેવાથી જીવન એકવડું થઈ જાય છે; પરંતુ ભારતમાં એટલા બધા રંગ અને શેડ છે કે જિંદગી વધારે ધબકતી, વધારે જીવંત, વધારે પ્રાણવાન લાગે છે. નાસિરાને પોતાની જિંદગી તરફ નજર નાખતાં ધન્યતાનો અનુભવ થાય છે.

પોતે કેટલી બધી વિવિધતા વચ્ચે જીવી શકી છે ! અને અંગત જીવનમાંયે બે ધર્મોનો કેવો સુભગ સંગમ સાધી શકી છે !

આજે આંતરજ્ઞાતીય અને આંતરધર્મીય લગ્નો વધી રહ્યાં છે, તેને નાસિરા બહુ જ આવકારે છે. આને લીધે બંને પરિવારો, બંને કોમ અને બંને ધર્મો વચ્ચે મેળ-મિલાપ વધે છે, પરસ્પર સદ્ભાવના, સ્નેહ-સૌહાર્દ ખીલે છે અને પરિણામે એક નવા સમાજની બુનિયાદ નખાઈ રહી છે, જે આજે વધતી જતી સાંપ્રદાયિકતા, સંકીર્ણતા, કટુતા વગેરેને ઓછાં કરવામાં મદદગાર થશે. અને એવાં ઘરોમાં સંતાનો સંપૂર્ણ ભારતને જીવી શકે છે. એમને આખે આખું ભારત મળે છે, જે અડધું-અડધું એમનાં માબાપ જીવે છે.

નાસિરાના દીકરા અનિલે ૧૯૮૪ના દંગા વખતે કહી પાડ્યું હતું : ''મમ્મી-અબ્બૂ, તમે લોકોએ મને કયાં ફસાવી દીધો !'' નાસિરા કહે છે —''એની આ અભિવ્યક્તિ એક હળવી વ્યંગ-મિશ્રિત મજાક હતી. પરંતુ વાસ્તવમાં સહુને સાથે લઈને જીવવાનું સુખ 'અસીમ' હોય છે. સાથે જ એ 'સહુ'ને પીડિત થતા જોઈએ, ત્યારે સમજમાં નથી આવતું કે અસીમિત દુ:ખ કેમ દૂર કરી શકાય; કેમ કે પારકાએ પારકાને નહીં, પોતાનાએ પોતાનાને ઘાયલ કર્યા છે !''

ભાઈ અનિલને અડધું-અડધું નથી જીવવું, એને તો આખે આખું જીવવું છે. એને તો મમ્મીયે જોઈએ અને અબ્બૂયે જોઈએ. એટલે નામ પણ એકના જ સંસ્કાર ઝીલેલું ન ખપે. તેથી છેવટે ૨૦૦૦માં અનિલે પોતાનું નામ બદલીને પોતાની મરજીથી *કૃષ્ણઅલી* રાખી લીધું છે. આખરે બંને વારસા એના પોતાના જ તો છે.

નાસિરાની દીકરી અંજુ. તેણે બિહારના એક સુન્ની મુસલમાન છોકરાને પસંદ કર્યો. છોકરીની મા ભલે મુસ્લિમ હતી, પણ બાપ તો હિંદુ હતો. અને મા પણ શિયા મુસ્લિમ. પરંતુ આમાંનું કશું આડે ન આવ્યું.

બહેન નાસિરાએ આ બધા અનુભવો વર્ણવતાં-વર્ણવતાં પોતાના ધર્મનિરપેક્ષ પ્રેમસભર સહજીવનનું સુરેખ રેખાચિત્ર આપણી સામે દોરી આપ્યું છે, અને તે દ્વારા અનાયાસ જ ભારતની સમન્વયી સંસ્કૃતિની વાચકને ઝાંખી કરાવી દીધી છે. નાસિરા કહે છે કે આ એ જ માનવીય પ્રક્રિયા છે, જે નાના સ્તરે આપણાં સંયુક્ત કુટુંબોમાં ચાલતી હોય છે. તેમાં બંધન ને ઘૂટન પણ છે તથા સ્વતંત્રતા ને સુરક્ષા પણ છે. તેમાં ઝઘડા-રિસામણાંયે છે તથા પ્યાર-મહોબ્બત પણ છે. અને સૌથી મોટી વાત છે, એકબીજા વિના જીવી નહીં શકવાની કેફિયત, લડી-ઝઘડીનેય ફરી એક થઈ જવાની આદત. આપણે સહુ પણ એક જ ધરતીનાં સંતાન. તો પછી જ્યારે લોહીનો નાતો નથી તૂટી શકતો, તો ધરતીનો નાતોયે કેમ તૂટી શકે ?

# ૭

# સહિયારી પ્રાચીન સંસ્કૃતિની નક્કર જમીન

**ના**સિરા શર્મા વિદૂષી બહેન છે. ફારસી ભાષા-સાહિત્યમાં એમ.એ. થયાં છે. પ્રસિદ્ધ હિંદી સાહિત્યકાર છે. છ નવલકથા, દસેક વાર્તા-સંગ્રહ, બે નાટકો, લેખ-સંગ્રહો અને અનુવાદોનાં અનેક પુસ્તકો એમનાં પ્રકાશિત થયાં છે. ૬ ટી.વી. ફિલ્મ અને ૩ ટી.વી. સિરિયલનાં તેઓ કથાકાર છે. કેટલાંક સંપાદનો પણ એમણે કર્યાં છે. આ ઉપરાંત, તેઓ પત્રકારત્વના ક્ષેત્રે પણ બહુ સક્રિય રહ્યાં છે. મધ્ય પૂર્વના દેશોનો પ્રવાસ એમણે કર્યો છે. ઈરાન, ઈરાક, અફઘાનિસ્તાન વગેરે દેશોના તેઓ વિશેષ જાણકાર ગણાય છે. આમ, સાહિત્ય, કળા, પત્રકારત્વ તેમ જ સંસ્કૃતિના ક્ષેત્રે એમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે.

આ પુસ્તકમાં એમણે કહ્યું છે કે મધ્ય પૂર્વના દેશો સાથેનો ભારતનો સંબંધ કેટલો જૂનો અને ઊંડો છે, તે જાણવું આજે ઘણા સંદર્ભોમાં જરૂરી બની ગયું છે તેથી તે અંગે એમણે ઘણી માહિતી આપી છે અને તે વિશે બે-ત્રણ પ્રકરણમાં ખાસ લખ્યું છે. આમાં ઘણી જાણકારી મળે છે, જે હિંદુ-મુસ્લિમ સંબંધને વધુ સ્વસ્થ ને દૃઢ બનાવવામાં ઉપયોગી થાય તેવી છે.

ઈસવી સનની સાતમી સદીથી અરબો ભારતના દક્ષિણ સમુદ્રકાંઠે વેપાર કરવા આવવા લાગ્યા હતા, અને આઠમીથી અગિયારમી સદી સુધી બંને વચ્ચે સાહિત્યિક ને સાંસ્કૃતિક સંબંધ અત્યંત ગાઢ રહ્યો. તે દિવસોમાં અરબો દુનિયામાં ચારે કોર મધમાખીની માફક જતા અને મધ એકઠું કરીને પાછા આવતા. આઠમી સદીના આરંભમાં અરબોએ ભારતના સિંધ ને મુલતાન ઇલાકા જીતી લીધા અને સારા પ્રમાણમાં ત્યાં વસી પણ ગયા. હવે સંબંધ માત્ર ધંધા-વેપારનો ન રહેતાં વધુ ગંભીર ને ગાઢ બનતો ગયો. તેને માનવીય ને સાંસ્કૃતિક રંગ ચઢતો ગયો. બંને વચ્ચે સાહિત્યિક ને સાંસ્કૃતિક આદાન-પ્રદાન પુષ્કળ ચાલ્યું. બંનેએ એકબીજાના ગુણોની પ્રશંસા પણ ખુલ્લા મને કરી. પોતાના 'આસાર-એ-અલબિલાદ' પુસ્તકમાં એક અરબ કવિ પોતાની ભાવનાઓ આ શબ્દોમાં વ્યક્ત કરે છે —

"જિંદગીના સોગન ! આ તો એવી ભૂમિ છે કે જ્યાં વર્ષાની દરેક બૂંદ અકિંચન માણસ માટે મોતી ને માણેક રૂપ બની જાય છે. અહીં કસ્તૂરી, અંબર, કપૂર, લોબાન જેવી

અનેક સુગંધિત વસ્તુઓ પેદા થાય છે. અહીં હાથીદાંત, જાયફળ, ચંદન વગેરે પુષ્કળ પ્રમાણમાં મળે છે. અહીં વાઘ, બબ્બર, ચિત્તા, સારસ, મોર, કબૂતર જેવાં પશુ-પંખીઓનો તોટો નથી. આ દેશની તલવારો અજોડ છે અને અહીં એવા ભાલા બને છે, જેને લીધે ભલભલી ફોજો ભાગી જાય છે.''

ભારતીય તલવારોનાં મોંફાટ વખાણ શાહનામામાં ફિરદૌસીએ પણ કર્યાં છે. નવમી સદીમાં થઈ ગયેલ એક અન્ય અરબ લેખક ઉમ્ર બિન બહરુલજાહજે પણ લખ્યું છે : ''હિંદવાસીઓએ ખગોળશાસ્ત્ર, અંકગણિત તેમ જ જ્યોતિષવિદ્યામાં બહુ પ્રગતિ કરી છે. આયુર્વેદના જ્ઞાનમાં એમણે કમાલ કરી છે. મુશ્કેલ ને જટિલ રોગોની ચિકિત્સામાં તેઓ ભારે કાબેલ છે. મૂર્તિકળશ, વાસ્તુશિલ્પ, ચિત્રકળા તેમ જ અન્ય લલિત કળાઓમાં એમણે ઉસ્તાદી પ્રાપ્ત કરી છે. એમનામાં શતરંજની રમત બહુ વ્યાપક છે, જેમાં બીજી રમતોની સરખામણીમાં વધુ સમજ ને અક્કલની જરૂર પડે છે. એમને એવા મંત્રોનું જ્ઞાન છે, જેનાથી શરીરમાંનું ઝેર બહાર આવી જાય છે. એમની સંગીતકળા ભારે મનહર છે. એમની નૃત્ય-શૈલીઓ પણ અનેક છે. એમની પાસે અસંખ્ય હસ્તલિપિઓ છે. દર્શન અને સાહિત્યમાં એમને વિશેષ રુચિ છે. ટૂંકમાં, બૌદ્ધિક કુશળતાથી પરિપૂર્ણ એવા ભારે હોશિયાર આ લોકો છે.''

આવું તો એક-બે નહીં, અનેક લેખકોએ લખ્યું છે. અહમદ બિન અલ યાકૂબીએ એક પુસ્તંક સંસ્કૃત ભાષામાં લખ્યું, જેમાં ભારતના સૂર્યસિદ્ધાંત, આયુર્વેદિક ઔષધિઓ તેમ જ ઑપરેશનો વગેરેનું વિસ્તારથી વર્ણન કર્યું છે. આ બધા ઉપરથી એમ સમજાય છે કે અરબ બુદ્ધિજીવીઓમાં ભારત અંગે અપાર જિજ્ઞાસા હતી. તેઓ ભારતને એક અદ્દભુત ધરતી માનતા અને તેના વિશે વધુ ને વધુ જાણવા માગતા, તેથી તેઓ ભારતીય ગ્રંથોની ખોજ કર્યા કરતા તથા તેને વાંચવા માટે તેમ જ તેનો અનુવાદ કરવા માટે મૂળ સંસ્કૃત ભાષા પણ શીખતાં અચકાતા નહીં.

આનો ઉત્તમ નમૂનો 'પંચતંત્ર'નો અનુવાદ છે. પહેલવહેલો તે અરબી ભાષામાં 'કલીલૌ દમના' નામે થયો. એક અરબ બાદશાહ અનુશેરવાન સંજીવની બૂટીની શોધમાં પોતાના મંત્રી બુરજવા તબીબને હિમાલયની તરફ મોકલે છે તો એ મંત્રી સંસ્કૃત ભાષાના જ્ઞાન તેમ જ 'પંચતંત્ર' નામના પુસ્તક સાથે પાછો ફરે છે અને બાદશાહને વાસ્તવિક સંજીવની બૂટી ભેટ ધરે છે. 'પંચતંત્ર'નો કેવળ ત્યારે જ નહીં, બલ્કે પ્રત્યેક રાજાના વખતમાં અરબી ને ફારસી ભાષામાં કયારેક ગદ્યમાં તો કયારેક પદ્યમાં અનુવાદ થતો રહ્યો છે અને આજે તેની વાર્તાઓ બાળકોના પાઠ્યક્રમમાં સામેલ થયેલી છે. સારાંશ કે, આ બધા મુસ્લિમ દેશોમાં જનમાનસ ભારતને હમેશાં માનવીય સંબંધોના પ્રતીક તેમ જ બૌદ્ધિક પ્રખરતાના માપદંડ રૂપે જોતું આવ્યું છે.

હારૂન રશીદના વખતમાં જ્યારે બ્રામકે મંત્રી-પદ પર નિમાયો, ત્યારે અરબોને હિંદના વિદ્વાનો સાથે સંબંધ સ્થાપિત કરવામાં બહુ સગવડ થઈ ગઈ. બ્રામકેનો પરિવાર ઇસ્લામ

ધર્મ અંગીકાર કર્યા પહેલાં એક બૌદ્ધ કેન્દ્રમાં વ્યવસ્થાપક હતો, તેથી તેના અનેક મિત્રો હતા અને બુદ્ધિજીવી વર્ગ સાથે તેને સારો સંબંધ હતો. આથી બ્રામકેના વખતમાં ભારતથી અસંખ્ય વિદ્વાનો બગદાદ પહોંચ્યા હતા. ઘણાએ પોતાની કુશળતાને કારણે ત્યાંના દરબારમાં સ્થાન મેળવ્યું. બ્રામકેએ એક હોસ્પિટલ બગદાદમાં ખોલી હતી, જેમાં આયુર્વેદિક પદ્ધતિએ ચિકિત્સા કરવાનું શરૂ કરેલું. મનકે નામનો એક વિદ્વાન અરબી ભાષામાં નિષ્ણાત થઈ ગયો અને તેણે ઇસ્લામી દર્શનનુંયે ઊંડું અધ્યયન કરી લીધું. પછી તેણે અનેક મહત્ત્વના ગ્રંથોનો સંસ્કૃતમાંથી અરબી, ફારસી ને પહલવી ભાષામાં અનુવાદ કર્યો.

આ કાળમાં જે સંસ્કૃત પુસ્તકોનો અનુવાદ થયો, તેની યાદી બહુ લાંબી છે. અરબ લેખકોએ જે ભારતીય વિદ્વાનો અને એમના ગ્રંથોનો ઉલ્લેખ પોતાને ત્યાં કર્યો છે, તેમાંના ઘણાની બાબતમાં આજના ભારતીય સંસ્કૃત પંડિતોને કોઈ જાતની જાણકારી નથી. તેનું એક જ કારણ મુખ્યત્વે હોઈ શકે કે તે પ્રાચીન ગ્રંથો કાં તો નષ્ટ થઈ ચૂકયા છે કે પછી એમના વિશે કોઈ પ્રકારની લેખિત માહિતી અત્યારે ઉપલબ્ધ નથી. આ દૃષ્ટિએ એ અત્યંત મહત્ત્વની વાત છે કે અરબીમાં ઉપલબ્ધ આ ગ્રંથો મૂળ સંસ્કૃત ગ્રંથોના અનુવાદના રૂપમાં આજેયે સચવાયેલા છે અને ભારતના આ પ્રાચીન ગ્રંથોની નામ-સૂચિ એક બહુ મહત્ત્વની ઐતિહાસિક સૂચિ છે. અલબરૂની પહેલાં જે વિદ્વાને ભારતની યાત્રા કરેલી, તેનું નામ અબુ મંસૂર હતું. તેણે ઈ.સ. ૧૦૫૫માં લખેલું પુસ્તક આજે ઑસ્ટ્રિયાના પુસ્તકાલયમાં મોજૂદ છે, જે ફારસીની પ્રાચીનતમ હસ્તલિખિત પાંડુલિપિ મનાય છે.

અલબરૂની અહીં આવ્યો તો હતો મહમદ ગઝનવી સાથે, પણ તેને ગઝનવીની લૂંટફાટમાં કોઈ રસ નહોતો. તેણે તો અહીં આવીને વિદ્વાનો સાથે મિત્રતા કેળવી, જ્ઞાન-વિજ્ઞાનની સંસ્થાઓનો સંપર્ક કર્યો અને બુદ્ધિજીવી વર્ગ સાથે વિચાર-વિમર્શ કર્યો અને તેણે વિદ્યા, દર્શન, લલિત કળા, વિજ્ઞાન વગેરે અનેકવિધ વિષયો પર નાનાં-મોટાં એક સો કરતાં વધારે પુસ્તકો લખ્યાં. તેનું પુસ્તક 'અલહિંદ' આજે પણ ઈ.સ. અગિયારમી સદી સુધીના ભારતીય જ્ઞાન-વિજ્ઞાન સંબંધિત મહત્ત્વનું ને ઉત્તમ પુસ્તક ગણાય છે.

અલબરૂનીએ ભારતીયોની બે કારણોસર આલોચના કરી છે. તેણે કહ્યું કે હિંદુસ્તાનીઓને તેની જરા પણ ચિંતા નથી કે એમની આસપાસ શું થઈ રહ્યું છે. બહારની દુનિયાથી એમણે પોતાની જાતને બિલકુલ કાપી નાખી છે. સંસ્કૃતમાંથી અરબી-ફારસીમાં આટલા અનુવાદો થતા હતા, ત્યારે અરબી-ફારસીમાંથી સંસ્કૃતમાં કાંઈ થતું નહોતું ! બીજી વાત એ કે એમણે પોતાની પ્રાચીન ઉપલબ્ધિઓ ભૂલી જઈને વિજ્ઞાનની જગ્યાએ દેવ-દેવીઓની કથાઓને પોતાના જ્યોતિષ જ્ઞાનમાં સ્થાન આપી દીધું છે. જો કે આટલી થોડી આલોચના છતાં અલબરૂની હિંદુસ્તાનથી બહુ પ્રભાવિત હતો.

અગિયારમી સદી પછી એમ જોવા મળે છે કે ભારતીય ગ્રંથોના અનુવાદો અરબી ભાષાને બદલે વધુ ફારસી ભાષામાં થવા લાગ્યા. ગીતા, રામાયણ, મહાભારત, ઉપનિષદ,

વેદ તેમજ અન્ય ગ્રંથોના અનુવાદો ફારસીમાં થયેલા છે. મુસ્લિમ બાદશાહોએ પણ આમાં ઘણો રસ લીધો છે. અલ્લાઉદ્દીન ખીલજીના દરબારમાં અનેક પંડિતો, જ્યોતિષી, વૈદ્ય વગેરે રહેતા. ફિરોજશાહ તુઘલકે જ્યારે નગરકોટ જીત્યું, ત્યારે ત્યાંથી ૧૩૦૦ સંસ્કૃત પાંડુલિપિઓ તે દિલ્લી લઈ આવ્યો અને તેમાંથી ફારસીમાં અનુવાદ કરાવીને ખગોળશાસ્ત્ર, જ્યોતિષ, શરીર-વિજ્ઞાન વગેરેના ગ્રંથો તૈયાર કરાવ્યા. મોહમ્મદશાહ વલી ગુજરાતે સંસ્કૃત ગ્રંથોના ફારસીમાં અનુવાદ કરાવવા એક ખાસ સંસ્થાન સ્થાપેલું. કશ્મીરમાંયે સુલતાન જૈનુલ આબેદીને આ જ ઉદ્દેશથી એક અનુવાદ કેન્દ્ર ખોલેલું.

મુગલોના વખતમાં આ કામ ઘણું આગળ વધ્યું. અબુલ ફજલ ફૈઝીએ મહાભારતનો અનુવાદ કર્યો, ત્યારે તેની ભૂમિકામાં લખ્યું : ''સમજદાર અને સૂક્ષ્મ દષ્ટિવાળા બાદશાહ અકબરે જોયું કે હિંદુઓ અને મુસલમાનોમાં એકબીજા વિરુદ્ધ ઘૃણા ને તિરસ્કાર બહુ જોવા મળે છે. આનું મૂળ કારણ એ છે કે બંને એકબીજાના સાહિત્યથી અજાણ છે, તેથી બાદશાહે નક્કી કર્યું છે કે એકબીજાના ગ્રંથોનો અનુવાંદ કરાવવો જેથી બંને એકબીજાનો સાચો પરિચય કેળવી શકે.''

આને માટે અકબરે ફતેહપુર સીકરીમાં એક અનુવાદ પીઠ ખોલેલી. દારા શિકોહની વાત તો જાણીતી છે. તેણે પોતે ૧૬૫૭માં ઉપનિષદોનો ફારસીમાં અનુવાદ કરેલો. નામ રાખેલું 'સિર્રે અકબર' (મહાન રહસ્ય). ડૉ૰ તારાચંદે ૧૯૫૭માં તેને ફરી તેહરાનમાં છપાવેલો, જ્યારે તેઓ ત્યાં ભારતના રાજદૂત તરીકે ગયેલા.

વાસ્તવિક હકીકત એ છે કે અંગ્રેજ વિદ્વાનોને પણ ભારતની મહાન પ્રાચીન કૃતિઓની તેમ જ ભારતના અન્ય અમૂલ્ય ગ્રંથોની ખબર અરબી-ફારસી અનુવાદો દ્વારા જ પડી. બ્રાઉને પોતાના પુસ્તક 'હિસ્ટ્રી ઑફ ઈરાની લિટરેચર'માં લખ્યું છે કે ભારતીય સાહિત્યના આ અનુવાદો જ્યારે ઇંગ્લંડ-યુરોપ પહોંચ્યા, ત્યારે ત્યાંના સાહિત્ય-પ્રેમીઓને તેમાં ભારે રસ જાગ્યો અને તેઓ તેના પ્રત્યે આકર્ષાયા. 'પંચતંત્ર'નો અનુવાદ જે ઈ૰સ૰ ૭૫૦માં સંસ્કૃતમાંથી અરબીમાં ઇબ્ને અલ્ મુકફ્ફાએ કરેલો, તેના પરથી દુનિયાની બીજી ભાષાઓમાં થવા લાગ્યો.

મતલબ કે, લગભગ ૧૪૦૦ વરસ પહેલાં જ્યારે બસરા બંદર એશિયાનું સૌથી મોટું વેપારી કેન્દ્ર હતું, તે વખતે ભારતીય મસાલા ને તેજાના સાથે ભારતીય સંસ્કૃતિ પણ બસરા ને બગ઼દાદ પહોંચી હતી તથા ત્યાંની અરબ સંસ્કૃતિ ભારત આવી હતી. અરબો સાતમી સદીમાં હિંદુસ્તાનના દક્ષિણ કાંઠે આવ્યા ત્યારથી જ બંને વચ્ચે વેપારી સંબંધની સાથોસાથ સાંસ્કૃતિક સંબંધ પણ બંધાયેલો અને વધુ ને વધુ ગાઢ થતો ગયેલો. ખાસ્સું એવું સાહિત્યિક ને સાંસ્કૃતિક આદાનપ્રદાન પરસ્પર થયેલું.

આ સંબંધ ઘણો બધો ભાવનાત્મક પણ રહ્યો છે. બહેન નાસિરાએ ૧૪૦૦ વરસ પહેલાં ઇરાકમાં થયેલી કરબલાની લડાઈનો બે-ત્રણ વાર ઉલ્લેખ કર્યો છે. તે હકની લડાઈમાં જે દત્ત બ્રાહ્મણોએ હજરત હુસેનને સાથ આપેલો, તેમના વંશજો આજે પણ હુસૈની બ્રાહ્મણના

નામે ઓળખાય છે. હુસૈની બ્રાહ્મણો શિયાઓની જેમ મોહર્રમ મનાવે છે. બનાવ કરબલાનો હતો. ઇમામ હુસેનને હિંદુસ્તાનની ભૂમિ ઉપર વિશ્વાસ હતો, તેથી શત્રુઓએ જ્યારે દરિયા ઉપર પહેરો લગાવી દીધો અને હુસેન ઉપર ભારે જોર-જબરદસ્તી કરવા લાગ્યા, ત્યારે હુસેને કહ્યું કે અમને હિંદુસ્તાન જતા રહેવાની રજા આપો, જેથી ઝઘડો ટળે; પણ એમની વાત માનવામાં ન આવી અને છેવટે લડાઈ થઈ જ અને હુસેન તેમાં શહીદ થઈ ગયા. ત્યારે હિંદુસ્તાનથી એમના સાઢુભાઈ ચંદ્રગુપ્તે પોતાની સેના પણ હુસેનની મદદ માટે મોકલી હતી, પણ બહુ લાંબું અંતર હોવાને કારણે તે ઘણી મોડી પહોંચી, જ્યાં સુધીમાં હુસેન શહીદ થઈ ચૂક્યા હતા. એમની શહીદીથી ઇસ્લામનો એક નવો અધ્યાય શરૂ થયો છે. સહુને આનું દુઃખ રહી ગયું કે કાશ ! હુસેન હિંદુસ્તાન ચાલ્યા ગયા હોત ! એમની અંતિમ ઇચ્છાને માતમના રૂપમાં આજે પણ શિયા મુસ્લિમો યાદ કરે છે. આવો એક ભાવાત્મક નાતો પણ ભારતની ભૂમિ સાથે છે.

ભારતની ભૂમિ, એટલે જ્યાં હત્યા કરવી એ પાપ ગણાય છે અને જ્યાં પ્રત્યેક જીવ-જંતુને સ્વતંત્રતાથી જીવવાનો અધિકાર છે તથા પ્રત્યેક ધર્મ, વિચાર, જાતિ, કોમને રહેવાની પૂર્ણ આઝાદી છે. મધ્ય પૂર્વ અને સેન્ટ્રલ એશિયાનાં લોકગીતોમાં ભારતને વફાની જમીનના રૂપમાં એટલે કે પ્રામાણિકતા, ઈમાનદારી, સુશીલતાની ભૂમિના રૂપમાં જોવાય છે અને ત્યારે ગાયિકા ઊંચા તાનમાં 'આશિક મિસ્લે હિંદુ'ની કામના કરે છે, એટલે કે એવો પ્રેમી ઇચ્છે છે, જે હિંદુ જેવો હોય ! આજે પણ આ દેશોમાં જ્યારે-જ્યારે રાજકીય જુલમની જાળ ફેલાય છે, ત્યારે-ત્યારે ત્યાંનો બુદ્ધિજીવી વર્ગ ભારતને યાદ કરે છે. આ કાંઈ બહુ વરસો પહેલાંના ભૂતકાળની વાત નથી. હમણાંની ઈરાન-અફઘાનિસ્તાનની ક્રાંતિ વખતે તેમ જ પાકિસ્તાનમાંના સરમુખત્યારશાહીના દિવસોમાં પણ આ દેશોના બુદ્ધિજીવીઓ ભારતના મુક્ત વાતાવરણને અચૂક યાદ કરે છે. ભારતની અને હિંદુની આવી એક છાપ મુસલમાન માનસમાં છે.

પરંતુ બહેન નાસિરા ભારે વ્યથા-વેદના અને અફસોસ સાથે નોંધે છે કે ભારતીય હિંદુની આ છબીને આજે ખાસ્સી ક્ષતિ પહોંચી છે. છેલ્લાં કેટલાંક વરસોથી એક સંકીર્ણ અને ભારતીયતા-વિરોધી હિંદુ માનસિકતા ઊભી થઈ છે, તે આ વ્યાપકતાની છબીને બટ્ટો લગાવી રહી છે. ખરું જોતાં, આ સંકીર્ણ હિંદુ માનસિકતા અસલ હિંદુપણાથી તેમ જ ભારતીય સંસ્કૃતિથી બિલકુલ વિરુદ્ધ છે. આ વ્યાપકતાની બુનિયાદ ઉપર તો ભારતીય સંસ્કૃતિ ઊભી છે, પરંતુ આની તે લોકોને કશી ગતાગમ નથી. તે લોકો રાષ્ટ્રવાદના નારા અવશ્ય લગાવે છે, પણ એમનો વ્યવહાર વાસ્તવમાં રાષ્ટ્ર-વિરોધી છે અને રાષ્ટ્રના તાણા-વાણાને વીંખી-પીંખી નાખનારો છે. સંકીર્ણ ને બેહૂદા રાજકારણ ઉપર જ તેઓ પોતાની રથયાત્રા ચલાવી રહ્યા છે. તેઓ બધા નથી જાણતા કે ભારતની સહિયારી સભ્યતા તેમ જ સંસ્કૃતિ કેવી હતી તથા તેના ઊંડા ને ગંભીર નાતા અગાઉ કયા દેશો સાથે કેટલા મજબૂત હતા, જેણે હિંદુસ્તાનને એક વિશેષ પહેચાન અને ઠોસ વ્યક્તિત્વ આપ્યું.

બહેન નાસિરા તો મધ્ય પૂર્વના દેશોનાં વિશેષજ્ઞ ગણાય છે. તેઓ વારંવાર એ વસ્તુ પર ભાર મૂકતા રહ્યા છે કે માત્ર સંકીર્ણ હિંદુ માનસિકતાવાળા લોકોનું જ નહીં, સરવાળે

આપણા સહુનું વલણ આ દેશો તરફ ઉપેક્ષિત અને પૂર્વગ્રહવાળું રહ્યું છે. એમના પ્રત્યેની આપણી વિદેશનીતિ પણ ઘણી ભૂલભરેલી રહી છે. આ બાબત આપણું મન સાફ નથી. એ બધા દેશોને આપણા નિકટના એશિયાઈ પડોશી દેશ માનવાની આપણી સાંસ્કૃતિક પરંપરા છોડી દઈને આપણે એમને માત્ર મુસ્લિમ દેશો રૂપે જ જોતા થઈ ગયા છીએ, અને આપણા મનમાં પાકિસ્તાન તરફનો આક્રોશ ભરેલો છે, તેની ચપેટમાં આ દેશો પણ આવી ગયા છે, પરંતુ આમ કરીને આપણે સેંકડો વરસની આપણી સાંસ્કૃતિક પરંપરાને અને આપણા સાંસ્કૃતિક વારસાને ખોઈ રહ્યા છીએ, તેનું આપણને ભાન નથી. આ બધા દેશો સાથે આપણો કેટલો બધો ઊંડો ને ગાઢ સંબંધ છે ! સાંસ્કૃતિક દૃષ્ટિએ આપણે એમની સાથે કેટલા બધા નિકટથી સંકળાયેલા છીએ !

આ વસ્તુનો યથાર્થ ખ્યાલ તો આ દેશોમાં થોડું ફરીને નજરોનજર જોઈએ ત્યારે જ આવે. નાસિરાએ પોતાની આવી અનુભૂતિનું મનભર વર્ણન પુસ્તકમાં કર્યું છે —

કળા-સાહિત્ય, સંગીત-નૃત્ય, રીત-રિવાજ, રહેણી-કરણી, બધે જ કાંઈક આપણું એમને ત્યાં અને કાંઈક એમનું આપણે ત્યાં જોવા મળે છે. કેટલા બધા ભારતીયો ધંધા-રોજગાર-નોકરી માટે આ દેશોમાં જઈને વસ્યા છે ! ઇરાક ગઈ, તો ત્યાં સડકો પર ને હોટેલોમાં એટલા બધા ભારતીયોને જોઈને હું કોઈ બીજા દેશમાં આવી છું એમ લાગ્યું જ નહીં. કોઈ બે-ચાર વરસથી, તો કોઈ આઠ-દસ-બાર વરસથી બગદાદમાં રહી રહ્યા છે. એમનાં બાળકો એ ધરતી પર જન્મ્યાં છે. તેઓ સરસ અરબી ભાષા બોલે છે અને અરબી નાચગાન પર એમનું અંગેઅંગ થનગની ઊઠે છે.

મુનીર બશીર મળ્યા. મેં એમને પૂછ્યું કે તમારી ભાષા ન જાણવા છતાંયે તમારું સંગીત મને અમારા ભારતીય સંગીતની બહુ નજીક લાગે છે, આવું કેમ ? તેઓ હસીને બોલ્યા, એકસો ચાલીસ રાગ મુખ્ય, તેમાંથી લગભગ પચાસ રાગનો ઉપયોગ થતો હોય છે, જેમાંથી અડધા ભારત, ઇરાક, તુર્કી, અજરબેજાન, સ્પેન વગેરેમાં વપરાય છે; તેથી તમને અમારી ધૂનો ને રાગમાં સમાનતા લાગે છે.

બસરામાં નાચ, સારંગી, તબલાં, ડફલી બધું જ ભારતનાં ગામોનાં લોક-સંગીત ને લોકનૃત્યની યાદ અપાવે છે. આવી સુંદર સાંસ્કૃતિક સમાનતાને કારણે ભારતવાસી ત્યાં બહુ પોતીકાપણાથી રહેતા જોવા મળે છે. બજારમાં ફરતાં સામેવાળાનો ચહેરો ભારતીય લાગે. આપણો દેશવાસી મળ્યો, એમ માનીને તેની સાથે વાત કરવા આગળ વધીએ, ત્યાં તો એ કહે, 'માફૂ' —એટલે કે નહીં, હું તમારી ભાષા નથી જાણતો. ત્યારે સમજાય કે અરે, આ તો અરબ હતો !

કુર્દી સ્ત્રીઓનાં હાથ-પગ-ચહેરા પરનાં છૂંદણાં આપોઆપ પોતીકાપણાનો ભાવ જન્માવે છે કે આ ફૂલ, પાંદડાં, મોર તો ભારતીય મહિલાઓનાં શરીર પર જોવાની આંખોને બાળપણથી આદત છે, તે જ અહીં કેવા સમાન રૂપે જોવા મળે છે !

અલ-રાવી ઇરાકના બહુ મોટા ચિત્રકાર છે. એમનું શોધકાર્ય ટાગોર ઉપર ચાલી રહ્યું છે. તેના પર પીએચ.ડી. કરવા માગે છે. ટાગોરની કવિતાઓ એમને હૃદયના ઊંડાણ સુધી સ્પર્શી ગઈ છે. એમને દુઃખ એ વાતનું છે કે પોતે બંગાળી જાણતા નથી, એટલે ટાગોરને અંગ્રેજીમાં વાંચવા પડે છે. એમને ખ્વાહેશ છે કે એક દિવસ ભારત આવીને શાંતિનિકેતનના વાતાવરણને પૂર્ણ ગરિમા ને સંવેદના સાથે ભાવનાત્મક ધરાતલ પર પોતે સમજશે.

અહીંની ધરતી અરબી ગઝલોની યાદ તાજી કરી દે છે. વાસ્તવમાં, ગઝલ અરબથી ઈરાન અને ઈરાનથી ભારત આવી છે. શાયરીની બાબતમાં અરબની ધરતી હંમેશાં બહુ ઉપજાઉ રહી છે. સંગીત ને શાયરી અરબી ધમનીઓમાં લોહીની જેમ વહે છે.

આ દેશોમાં ભારત પ્રત્યે આદર-સન્માન છે. આ દેશોના બુદ્ધિજીવીઓ પર ગાંધીનો ખાસ્સો પ્રભાવ રહ્યો છે. ગાંધીજીનું લગભગ બધું લખાણ ફારસી ભાષામાં ઉપલબ્ધ છે. સામાન્ય લોકો પણ તે વાંચે છે, કેમ કે અહિંસાની વાત એમને આકર્ષે છે. આજે પણ આ વિસ્તારના વિદ્વાનો ઋગ્વેદના મંડલ-મંત્ર-સૂક્તો ફારસીમાં વાંચે છે અને તેનું મનન કરવું જોઈએ એમ માને છે.

સરવાળે, બહેન નાસિરા કહે છે કે હિંદુ-મુસ્લિમનો નાતો આટલો બધો ઘનિષ્ઠ રહ્યો છે અને સેંકડો વરસોથી એમની એક સહિયારી સંસ્કૃતિ પાંગરતી આવી છે. નાસિરાનું એમ પણ કહેવું છે કે ભારતનો સમજદાર મુસલમાન એ વાત સમજે છે કે ભારતમાં હિંદુઓ સાથે રહેવાથી ભારતીય મુસલમાનની દૃષ્ટિમાં ને વિચારમાં વ્યાપકતા આવી છે તથા ભાવનાના સ્તરે તેનું ધૈર્ય વધ્યું છે, કેમ કે બીજા દેશોમાં એક જ ધર્મ, એક જ સંસ્કૃતિ, એક જ ભાષાવાળાઓ સાથે રહેવાથી અહીં જે લાભ મળે છે તે નથી મળી શકતો. હિંદુ ધર્મમાં એક ભગવાનની ઉપાસનાને બદલે અનેક ભગવાનો મનાય છે, તેને કારણે કટ્ટરતા ને સંકીર્ણતા ઘણી દૂર થાય છે. જમીન ઉપરવાળાની, બંદા ખુદાના, એ જ ચિંતન ભારતની માટીનો ગુણ હતો. જેણે સિંધુ નદી પાર કરી, તે ભારતનો થઈને રહ્યો. તેણે મોહબ્બત કરતાં શીખી અને શીખવી પણ. આ જ એકતા અંગ્રેજોને ગળાના કાંટાની જેમ ખૂંચી, તેથી 'ફૂટ પડાવો અને રાજ કરો'ની નીતિ અપનાવીને અંગ્રેજોએ આ એકતાને તોડી અને જતાં-જતાં દેશના ભાગલા પાડી જઈને એક સામાજિક વિખવાદ તેઓ આપણા માથે મારી ગયાં છે.

આજે જરૂર છે, આપણી સહિયારી સંસ્કૃતિના અને ઘનિષ્ઠ એકતાના આપણા ઉજ્જવળ ઇતિહાસને યાદ કરવાની અને એક નવો ઇતિહાસ રચવાની. ઇતિહાસમાં બૂરી ઘટનાઓનો પણ કાંઈ તોટો નથી. તેનું રટણ કર્યા કરીને વર્તમાનને રોળી-ચોળી નાખવો છે કે પછી માનવીય સંબંધોને પુષ્ટ કરતી ઘટનાઓને યાદ કરીને વર્તમાનમાં નવો ઇતિહાસ રચવો છે, તે આપણે નક્કી કરવાનું છે. આપણી સહિયારી પ્રાચીન સભ્યતા-સંસ્કૃતિની નક્કર જમીન હજી ત્યાંની ત્યાં કાયમ છે.

## ૮

# તાજગીભરી નિરામય હવાનો સ્પર્શ

**આ** બે મુસ્લિમ બિરાદરોનાં પ્રસ્તુત બંને પુસ્તકો એક નવી હવા લઈને આવે છે તથા હિંદુ-મુસ્લિમ વિખવાદની વાતને રાજકારણના આટાપાટામાંથી, કટ્ટરવાદની કલુષિતતામાંથી તેમ જ તાર્કિક ને બૌદ્ધિક વિવાદોમાંથી બહાર કાઢી લઈને આપણને નવેસરથી નવી ઢબે વિચારવા પ્રેરે છે. આજે રાજકારણનું છીછરાપણું યથાર્થનું દર્શન જ કરવા દેતું નથી. તે માણસ-માણસને નાહકનું લડાવી મારે છે, જાતજાતની ગેરસમજો ને ખોટી છાપ ઊભી કરી દઈને આપણા મગજમાં નર્યો કચરો જ ભરતું રહે છે. બૌદ્ધિક વાદ-વિવાદો પ્રશ્નને વધુ ગૂંચવતા રહે છે. આવા સંજોગોમાં આ બંને પુસ્તકો ઊંડી માનવીય નિસ્બત સાથે આ બાબતની સહૃદયતાપૂર્વક મર્મસ્પર્શી છણાવટ કરીને આપણને તાજગીભરી નિરામય હવાનો સ્પર્શ કરાવી જાય છે. તે સામાન્ય મુસલમાનને પણ આપણી સામે ખડો કરી દે છે તથા તેના સવાલોને યથાર્થપણે સમજવાની સંવેદનશીલતા આપણામાં જન્માવી જાય છે. બંને પુસ્તકો સ્નેહ-સૌહાર્દનું ને આત્મીય સમજદારીનું એક એવું વાતાવરણ ઊભું કરી આપે છે કે જેમાં આ ભારતભૂમિમાં સદીઓથી પાંગરતી આવેલી સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિની ઝાંખી આપણે કરી શકીએ છીએ.

ઝકરિયાએ ભારે વેદના-વ્યથા સાથે આ દેશના ભાગલા ભણી દોરી જતી પૂર્વ ઘટનાઓનું વર્ણન કર્યું છે. ગાંધીને આપણે છેહ દીધો. આઝાદીના પરોઢે જ્યારે કોઈકે ગાંધી પાસે જઈને વધાઈ ખાધી કે "બાપુ, આપણી અહિંસક સેનાએ મહા બળવાન અંગ્રેજોને આખરે કેવા બહાર ફેંકી દીધા !" —ત્યારે ગાંધી બોલ્યા : "હા, પણ સાથે તેણે પોતાના સેનાપતિનેય ફેંકી દીધો !"

કેટલું દર્દ હશે, એ માણસના દિલમાં ! ગાંધી હરગિજ દેશના ભાગલા થવા દેવા માગતા નહોતા. હિંદુ-મુસ્લિમ એકતા દેશની આઝાદી કરતાંયે એમને મન વધારે મહત્ત્વની વસ્તુ હતી. પરંતુ ઝીણાએ દ્વિ-રાષ્ટ્રવાદનું ઝેર ફેલાવ્યે રાખ્યું. અંગ્રેજો ઝીણાને થાબડતા રહ્યા અને બળતામાં તેલ રેડતા રહ્યા. માઉન્ટબેટને આવીને કામણ કર્યું. થાકી ગયેલા અને ધાંધાવાંધા થઈ ગયેલા નહેરુ અને સરદાર એમની ભૂરકીમાં આવી ગયા. પોતાના

સેનાપતિને બાજુએ રાખી દઈને એમણે ભાગલા સ્વીકારી લીધા. ગાંધી દેશને અહિંસક માર્ગે આઝાદી સુધી દોરી તો લાવ્યા, પણ આઝાદી આવી અને ગાંધી ફેંકાઈ ગયા.

દર્દભેર આ બધું વર્ણન કરીને ઝકરિયા કહે છે કે ભારતના ભાગલા એ હિમાલય જેવડી મોટી ભૂલ હતી. તેનાથી કોઈનેય લાભ નથી થયો, બધાંને નુકસાન જ નુકસાન થયું છે. તે દ્વિ-રાષ્ટ્રવાદની સાવ ખોટી થિયરી ઉપર થયા હતા. પાકિસ્તાન ભયમાં વિચારાયું હતું, કડવાશમાં જન્મ્યું હતું અને મૂર્ખામીમાં તૂટ્યું. ધર્મના નામે ભાગલા પાડ્યા. હિંદુ ને મુસ્લિમ સાથે રહી શકે જ નહીં. પણ પૂર્વ પાકિસ્તાનમાં જ્યારે મુસલમાનોએ જ મુસલમાનો પર કાળો કેર વર્તાવ્યો, ત્યારે ધર્મ-નિરપેક્ષ ભારત જ ત્યાંના મુસલમાનોની વહારે આવ્યું. તેણે એમને પોતાના જ સહધર્મીઓના લોખંડી સકંજામાંથી છોડાવ્યા અને બાંગ્લાદેશનો જન્મ થયો. કયાં રહી આમાં ધર્મના નામે ઊભી કરાયેલી દ્વિ-રાષ્ટ્રવાદની થિયરી ?

પરંતુ ભારતના ભાગલાએ આ ઉપખંડની અખંડતાને વેરણ છેરણ કરી નાખી અને મુસ્લિમ કોમને તો પારાવાર નુકસાન પહોંચાડ્યું. ભાગલા પડ્યા તે પહેલાં ૧૯૪૭માં ભારતમાંના મુસલમાનોની સંખ્યા આખી દુનિયાની મુસ્લિમ વસતીના ત્રીજા ભાગ જેટલી હતી. આખાયે ઉપખંડમાં છવાયેલી એમની સમાન સંસ્કૃતિ, રીતરિવાજ, ઇતિહાસ સાથેની એક કોમ હતી. તે હવે જુદા જુદા ત્રણ દેશોમાં વેરવિખેર થઈ ગઈ. ઝીણા કહેતા કે મારે મુસલમાનોને હિંદુઓના વર્ચસ્વ હેઠળ રહેવા દેવા નથી એટલે મારે અલાયદું પાકિસ્તાન જોઈએ છે. પરંતુ પરિણામ ઊલટું જ આવ્યું. મુસ્લિમ કોમે આ ઉપખંડમાંનું પોતાનું ખાસ સ્થાન અને રાજકીય સામર્થ્ય તો ગુમાવ્યું જ, પણ સાથે દુનિયામાં બીજા નંબરની મુસ્લિમ વસતી ધરાવતા ભારતમાં તો મુસલમાનો કાયમના એક લઘુમતીમાં જ આવી ગયા અને હિંદુ વર્ચસ્વના જોખમ હેઠળ જીવતા થઈ ગયા !

ઝકરિયા કહે છે કે હજી આજેયે પાકિસ્તાન ધર્મને આગળ કરીને એમ કહી રહ્યું છે કે મુસ્લિમ કાશ્મીર ભારતમાં શી રીતે રહી શકે ? પણ તો તેને કોઈ એમ પૂછે ખરું કે કાશ્મીરના ૬૦ લાખ મુસલમાનો જો ભારતમાં ન રહી શકતા હોય, તો બીજા ૧૨ કરોડ મુસલમાનો ભારતમાં શી રીતે રહેવાના ? માત્ર ૭૪ x ૨૪ માઈલ, એટલે કે માંડ ૧૮૦૦ ચોરસ માઈલની કાશ્મીરની ખીણ આજે આખાયે ઉપખંડની શાંતિને ડહોળી નાખી રહી છે, અને દક્ષિણ એશિયાના એકત્વની પ્રક્રિયામાંયે મોટી આડખીલી રૂપ બની રહી છે. આખા દક્ષિણ એશિયાને આનાથી અવર્ણનીય નુકસાન પહોંચી રહ્યું છે. આખાયે દક્ષિણ એશિયાનો આ વિસ્તાર એક ભૌગોલિક, આર્થિક ને સાંસ્કૃતિક એકમ રૂપ છે, અને આખાયે વિસ્તારની એકતા ધરતીમાં ઊંડી જડ ઘાલીને બેઠેલી છે. અને તેમાંયે ત્રણ બાજુ સમુદ્ર અને ચોથી બાજુ હિમાલય જેવા ઉત્તુંગ પહાડથી આવરાયેલો ભારતીય ઉપખંડ તો એક અખંડ ને અવિભાજ્ય કુદરતી એકમ જ છે. માટે આ દેશના ભાગલા તો કુદરતની સદંતર વિરુદ્ધ જ છે.

આમ, ઝકરિયાએ ભારતીય ઉપખંડની તેમજ આખાયે દક્ષિણ એશિયાની સાંસ્કૃતિક એકતાની વાતને બહુ ઘૂંટી છે, અને નાસિરાએ તો આમાં મધ્ય-પૂર્વ એશિયાના દેશોનેય સાંકળી લીધા છે. આ આખોયે વિસ્તાર ગાઢ સાંસ્કૃતિક સંબંધોથી બંધાયેલો છે તથા દુનિયાની પ્રાચીનતમ સંસ્કૃતિઓ અહીં વિકાસ પામેલી છે. આજે અમેરિકા દ્વારા આ પ્રાચીન સંસ્કૃતિઓ ઉપર કેવું જબ્બર આક્રમણ થઈ રહ્યું છે, તેની વ્યાપક ને સમીક્ષાત્મક છણાવટ નાસિરાએ પોતાના પુસ્તકમાં કરી છે. આ આપણી સામેની આજની સૌથી મોટી ચેલેન્જ છે, અને તેના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં આ સમગ્ર પ્રદેશમાં આવેલા બધા દેશોના એક સહિયારા મંચનો વિચાર થવો જોઈએ. હિંદુ-મુસ્લિમ સંબંધની વાતનેય આ સંદર્ભમાં જોવાથી એક નવું પરિમાણ પ્રાપ્ત થાય છે. અને તેના અનુસંધાનમાં આ બંને પુસ્તકો ઘણું બધું પ્રદાન કરી જાય છે. આ બંને મુસ્લિમ બિરાદરોએ હિંદુ-મુસ્લિમ સંબંધને આવા વ્યાપક સંદર્ભમાં જ જોયો છે અને આજના કેટલાક સવાલો પ્રત્યે પણ ઉદાર ને સહિષ્ણુતાભર્યું વલણ અપનાવ્યું છે.

ઝકરિયા કહે છે કે બાબરી મસ્જિદના પ્રશ્નને હવે કાયમને માટે દફનાવી દેવો જોઈએ. તેણે હિંદુ-મુસ્લિમ સંબંધને નાહક બહુ જ વણસાવી દીધો છે. મુસ્લિમોએ ત્યાં ફરી મસ્જિદ બાંધવાની વાત છોડી દેવી જોઈએ. એ જ જગ્યાએ કે નજીકમાંયે નહીં. પયગંબરે તો કહ્યું છે કે આ આખી પૃથ્વી એક મસ્જિદ છે, માટે જ્યારે સમય થાય ત્યારે તમે જ્યાં હો ત્યાં નમાજ પઢી લેજો. ત્યારે આ અમુક જ સ્થળનો આગ્રહ શા માટે ? ઇતિહાસમાં એવી ઘડી આવતી હોય છે, જ્યારે વિવેક દાખવવો એ જ ખરી વીરતા ને બહાદુરી હોય છે. માટે આ બાબતમાં કોણ સાચું ને કોણ ખોટું અથવા તો સર્વોચ્ચ અદાલતમાં કોણ જીતશે ને કોણ હારશે, તે નક્કી કરવાનો સમય હવે વીતી ગયો છે. આજે તો હવે જરૂર છે જરીકે વધુ વિલંબ કર્યા વિના હિંદુ-મુસ્લિમ સંબંધોને ફરી પ્રસ્થાપિત કરવાની, બંને વચ્ચે સુમેળ ને મૈત્રી ફરી સ્થાપવાની. કોઈને એમ થાય કે ઈશ્વરની પૂજાના એક પવિત્ર સ્થળને આમ છોડી થોડું દેવાય, પરંતુ લોકોના વ્યાપક વિશાળ હિતમાં આમ કરવામાં આવશે તો ખુદા પણ માફ કરી દેશે, એવી મને પાકી ખાતરી છે. કુરાન હમેશાં હિકમતનો મહિમા કરે છે.

ઝકરિયાએ અફસોસ વ્યકત કર્યો છે કે પ્રસાર માધ્યમો મુલ્લા-મૌલવીઓ અને ઈમામ બુખારી જેવાઓનાં કટ્ટરવાદી મંતવ્યોને તો એકદમ પ્રસિદ્ધિ આપે છે, પણ ઉદારમતવાદી મુસ્લિમોનાં મંતવ્યોની તેમ જ મુસ્લિમ વિચારકો ને સુધારકોની પ્રવૃત્તિઓની લગભગ ઉપેક્ષા જ કરે છે. કયાંક મુસ્લિમ કટ્ટરપણું કે પછાતપણું દેખાયું તો તે તુરત પહેલા પાનાના સમાચાર બની જાય છે, પણ પ્રગતિશીલતાની વાતની જાણ બહુ ઓછાને થાય છે. પ્રસાર માધ્યમોને તેમાં રસ જ નથી પડતો. આને લીધે મુસ્લિમો વિશેની એક ખોટી છાપ જ જનમાનસમાં ઘૂંટાતી રહે છે.

આનો એક દાખલો આપતાં ઝકરિયા કહે છે કે બાબરી ધ્વંશ બાદ ૧૯૯૩માં મુંબઈમાં બૉમ્બ વિસ્ફોટ થયો, ત્યારે તે હિચકારા આતંકવાદી કૃત્યને સખત શબ્દોમાં વખોડી કાઢતું નિવેદન અમે ૫૦ જેટલી મુસ્લિમ સંસ્થાઓના આગેવાનોની સહી સાથે બહાર પાડેલું. એ સહી કરનારાઓમાંના એક મૌલાના ઝિયાઉદ્દીન બુખારીનું ત્યાર બાદ કટ્ટરવાદીઓએ ખૂન પણ કરી નાખેલું. સુપ્રસિદ્ધ લેખક-કવિ જાવેદ અખ્તરે બૉમ્બ વિસ્ફોટનો વિરોધ કરતા એક નિવેદન ઉપર મુંબઈમાં ફરીને ૧૦ હજાર કરતાંયે વધારે મુસ્લિમોની સહી મેળવી હતી. પરંતુ છાપાંઓમાં કે ટીવીમાં આની કશી નોંધ પણ ન લેવાઈ. આ સંજોગોમાં બંને કોમ વચ્ચેની ગેરસમજો ને પૂર્વગ્રહો શી રીતે દૂર કરી શકાય ?

શાહબાનોના કિસ્સા વખતે બહેન નાસિરાએ પણ બંધારણમાં સુધારો ન થવો જોઈએ, તે માટે ભારે ઝુંબેશ ચલાવેલી. તે અંગે એમણે લેખો લખેલા અને સર્વોચ્ચ અદાલતના એડવોકેટ દાનિયલ લતીફી, શ્રીમતી સોનાખાન તથા આરિફ મોહમ્મદ અને એમની પત્નીની લાંબી અખબારી મુલાકાતો લઈને છાપેલી. તેમણે કહેલું કે તલાક પામેલી સ્ત્રીને ભરણપોષણ મળવું જ જોઈએ. કુરાનમાં સાફ-સાફ કહ્યું છે કે જેઓ ઓરતને નિરાધાર છોડશે એમના ઉપર ખુદાનો ખોફ ઊતરશે. મુલ્લા-મૌલવીઓ ઓરતનો જીવવાનો અધિકાર છીનવી લઈ શકે નહીં. નાસિરાનો પણ કુરાનનો ઊંડો અભ્યાસ છે, અને એમણે એવો અફસોસ વ્યક્ત કર્યો છે કે જે ઇસ્લામ ધર્મનો ઉદ્ભવ જ તે જમાનાની પ્રચલિત અનેક કુરુઢિઓ સામેના વિદ્રોહ રૂપે થયેલો, તે ઇસ્લામ આજે મુઠ્ઠીભર કટ્ટરવાદીઓના હાથમાં રૂઢિગ્રસ્ત હાલતમાં આવી પડ્યો છે ! તેઓ કુરાનનું સંકીર્ણ અર્થઘટન કરી રહ્યા છે.

નાસિરા દુ:ખપૂર્વક એમ પણ નોંધે છે કે ઇસ્લામમાં નાતજાત ને ઊંચનીચના ભેદભાવ બિલકુલ નહોતા. પરંતુ આજે દુર્ભાગ્યે ભારતના આર્થિક દષ્ટિએ સંપન્ન મુસલમાનોએ અહીંના સમાજ પાસેથી આ ઊંચનીચનો ભેદભાવ શીખી લીધો છે. તેઓ મહેનત-મજૂરી કરીને પેટિયું રળનારા મજૂર તેમજ કારીગર વર્ગ સાથે અકડાઈથી વર્તાવ કરતા થયા છે. આ ઇસ્લામની ભાવનાથી સદંતર વિરુદ્ધ છે. ઇસ્લામમાં કોઈ પ્રકારની છૂઆછૂત નથી કે કોઈ પણ કામ નીચું ગણાતું નથી. ત્યાં સુધી કે ભંગીકામ કરનાર સ્ત્રીને 'મેહતરાની' કહી, એટલે કે મહાનકર્તા, મહાન કામ કરનારી !

આનું સૌથી મોટું કારણ એ છે કે ઇસ્લામમાં શ્રમનું હમેશાં ગૌરવ કરવામાં આવ્યું છે. મહમ્મદ પયગંબર ખુદ મજૂરી કરતા. એમના જમાઈ, પયગંબરની બેટી સૈયદાના પતિ હજરત અલી પણ કાયમ મહેનત-મજૂરી કરતા. એટલે વર્ણ-વ્યવસ્થા કે વર્ગની અસમાનતા ઇસ્લામમાં છે જ નહીં. ઇસ્લામમાં દલિત કે અસ્પૃશ્ય વર્ગ નથી. અને છતાં આજે પછાત વર્ગ બહુ મોટો છે, જે શોષિત છે. ભારતીય મુસ્લિમોમાં આજે ૧૦ ટકા ઉચ્ચ વર્ગ અને ૧૦ ટકા મધ્યમ વર્ગ છે. બાકીનો ૮૦ ટકા બધો ખેડૂત, મજૂર અને નાનો-મોટો કામધંધો કરનાર કારીગર વર્ગ છે. આમ, ભારતીય મુસ્લિંમોમાં વર્ગની અસમાનતાની ચેતના છે ખરી.

ઝકરિયાના પુસ્તકમાં બે-ત્રણ વાત ખાસ વિચારણીય છે. એક તો એમણે 'સેક્યુલરિઝમ'ની થોડી વિગતે ચર્ચા કરી છે. એમનું કહેવું છે કે આજે 'સેક્યુલરિઝમ'નો પ્રભાવ સામાન્ય લોકો ઉપર ઝાઝો રહ્યો નથી. તે જાણે એક દંભ અને મિથ્યાચાર મનાવા લાગ્યો છે. હિંદુઓને હવે તેમાં રસ નથી રહ્યો અને મુસ્લિમોને તેમાં શ્રદ્ધા રહી નથી. આમેય તે એક વિદેશી પરિકલ્પના છે, જે આપણા જનમાનસમાં જડ પકડી શકી નથી. ઝકરિયા કહે છે કે હું તો ગાંધીને ભારતમાં 'સેક્યુલરિઝમ'ના પિતા માનું. પરંતુ પાશ્ચાત્ય માન્યતા મુજબ ગાંધી 'સેક્યુલર' કહેવાય ખરા ? ગાંધીને તો ધર્મ અને ઈશ્વર વિના ચાલે જ નહીં. ગમે તેવા દુન્યવી લાભ ખાતર ગાંધી પોતાની ધાર્મિક શ્રદ્ધા છોડવા તૈયાર ન જ થાય. તેથી ગાંધીએ 'સર્વ ધર્મ સમભાવ'ની વાત કરેલી. બધા જ ધર્મો પ્રત્યે સમભાવ રાખવો, એ જ એમને મન 'સેક્યુલરિઝમ'ની સાચી વિભાવના હતી. અને ભારત જેવા દેશમાં આ જ વિભાવના આપણે અપનાવવી રહી. બધા જ ધર્મો વિશે આદર રાખીશું, બધા જ ધર્મોની આમન્યા રાખીશું, અને રાજ્યના વહીવટમાં ધર્મની દૃષ્ટિએ નહીં વિચારીએ, રાજ્યનો વ્યવહાર ધર્મ-નિરપેક્ષ રાખીશું, સહુને પોતપોતાના ધર્મ મુજબ ઉપાસના કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હશે. આવો સર્વધર્મ સમભાવ આપણે ખરા અર્થમાં આચરી બતાવવો પડશે. અને તે માટે પ્રજાએ તેમજ વહીવટકર્તાઓએ અમુક પરહેજ પાળવી પડશે તથા જાહેર વહેવાર-વર્તનમાં વિવેક જાળવવો પડશે. મૂળમાં તો આ માટેનું તંદુરસ્ત માનસ કેળવવાની જરૂર છે. આપણે એમ પણ સમજવું પડશે કે એકબીજા સામે ધર્મના નામે સંગઠનો ઊભાં કરવાં એ પણ સર્વધર્મ સમભાવની મૂળ ભાવનાથી વિરુદ્ધ છે.

ઝકરિયાના પુસ્તકની પ્રસ્તાવના એમ૦ જે૦ અકબરે લખી છે, અને તેમાં એમણે એક વાત તરફ ધ્યાન ખેંચ્યું છે, તે વિચારવાલાયક છે. પહેલી વાત એમણે એમ કહી કે સવાલ લઘુમતી-બહુમતીનો, એટલે કે સંખ્યાનો નથી, સવાલ છે શક્તિકરણ (એમ્પાવરમેન્ટ)નો, અમુક સમૂહમાં તમારું કેટલું ઊપજે છે, તમારી વાત કેટલી સંભળાય છે, તમારો બોલ કેટલો ઝીલાય છે, તમે તમારી ભૂમિકા કેટલી શક્તિ સાથે ભજવી શકો છો, તે વાતનો છે. જ્યાં સુધી તમે મહત્ત્વની ને નિર્ણાયક અથવા તો કમ-સે કમ સમાન ભૂમિકામાં છો, ત્યાં સુધી તમારી સંખ્યા ઓછી-વત્તી છે તેનો કોઈ સવાલ ઊઠતો નથી; પરંતુ તમને જ્યારે લાગે કે તમે હાંસિયામાં ધકેલાઈ ગયા છો, ત્યારે તમે લઘુમતીમાં છો એવું તમને લાગવા માંડે છે, તમે તમારી સંખ્યા વિશે સભાન બનો છો. સવાલ સંખ્યાનો નહીં, પોતાના સામર્થ્યના, પોતાના રેકગ્નીશનના અભાવની ભીતિનો છે. શ્રી અકબર એમ પણ કહે છે કે ભારતના મુસલમાનને પોતાની સંખ્યા વિશે સભાન પહેલવહેલી વાર સૈયદ અહમદે કર્યા. પોતે લઘુમતીમાં છે એવો ભાવ મુસલમાનોમાં પહેલો એમણે જાગૃત કર્યો, અને એ જ ભાવને આગળ ખેંચી જઈને 'અમારે કાયમ બહુમતીના વર્ચસ્વ હેઠળ લઘુમતીમાં નથી રહેવું' એમ કહીને ઝીણાએ અલગ રાષ્ટ્રની માગણી કરી.

આ મુદ્દો સમજવા જેવો છે. લઘુમતીના માનસને સમજવામાં તેમ જ લઘુમતીના સવાલના નિવારણમાં આ અંગેની સમજ ઘણી ઉપયોગી થાય. મુસ્લિમ હોય, દલિત હોય

એમને સમાનતાની, ન્યાયપૂર્ણતાની પ્રતીતિ કરાવવી, એમને કશાયે ભેદભાવ કે ખચકાટ વિના આત્મીયતાથી સર્વમાં સમાવી લેવા, એ જ ઉકેલ છે.

આ ઉપરાંત, એક મુદ્દો ઝકરિયાએ પોતાના પુસ્તકમાં ઉઠાવ્યો છે, તે વધુ સૂક્ષ્મ છે અને તેના વિશે ગંભીરતાથી ઊંડી ચર્ચા થવી જોઈએ. ઝકરિયાએ અંગ્રેજ લેખિકા બીટ્રીસ લેમ્બને બે વાર ટાંક્યાં છે, જેમાં એમણે કહ્યું છે : ''અલબત્ત, બધા હિંદુઓનો એવો દાવો છે કે હિંદુત્વ સર્વસમાવેશક છે, સહિષ્ણુ છે, વિવિધ ધર્મોને અને પંથોને પોતાનામાં સમાવી લેવાની શક્તિ ધરાવે છે, એક વિશાળ માળખામાં દરેકને માટે એક ગોખલાની જોગવાઈ કરી આપે છે. પરંતુ કેટલાક લઘુમતી ધર્મોની દૃષ્ટિએ આ જ તો મુખ્ય મુશ્કેલી છે. જો કોઈ ધર્મને આ રીતે હિંદુત્વમાં સમાઈ જવું, ભળી જવું, અને વાસ્તવમાં મળી જવું અને છેવટે કદાચ રૂપાંતરિત થઈ જવું ન હોય, તો તેને માટે આ હિંદુ સહિષ્ણુતા કાંઈક વધારે પડતી માગણી કરનારી થઈ પડે છે. કેમ કે તે એવું ઇચ્છે છે કે તમે હિંદુ જીવન-દર્શન અને હિંદુત્વની પોતિકી ને વિશિષ્ટ એવી વિલયનની પ્રક્રિયાને પૂરેપૂરી અપનાવી લો.''

આ એક ગંભીર બાબત છે અને તેની વિશદ્ છણાવટ થવી જોઈએ. શું ભારતીય સંસ્કૃતિની સર્વસમાવેશકતા અને સમન્વયની પ્રક્રિયાની આવી મર્યાદા છે ? એ જ શું અન્યો માટે ભયસ્થાન રૂપ બની જાય છે ? બૌદ્ધ ધર્મનો અહીં સમન્વય ન થયો, બૌદ્ધ ધર્મ આવું ન કરી શક્યો, એટલે શું તેને અહીંથી હાંકી કઢાયો ? આ બધા સવાલોની તલસ્પર્શી સમીક્ષા થવી ઘટે. આજે હવે જ્યારે આપણે સ્થાનિક સમન્વયથી એક ડગલું આગળ ભરીને બૃહદ્ સમન્વય અને સંસ્કૃતિ-સંગમની દિશામાં આગળ વધી રહ્યા છીએ, ત્યારે તો આ વિશેષ જરૂરી ને ઉદ્‌બોધક બની જાય છે.

બહેન નાસિરાએ પણ કેટલાક સવાલ પોતાના પુસ્તકમાં પોતાની ઢબે ઉઠાવ્યા છે. એક જગ્યાએ એમણે કહ્યું છે કે પોતાના જ દેશમાં વળી આ બહુમતી ને લઘુમતી એટલે શું ? એવા ભેદભાવ શાને ? આપણે સહુ ભારતીય છીએ અને ભારતમાં જીવવાનો આપણને સહુને એક સરખો સમાન અધિકાર છે. એક જ દેશને આમ બહુમતી ને લઘુમતીમાં વહેંચી શું કામ નાખો છો ? તમને હિંદુ ને મુસ્લિમ, સવર્ણ ને દલિત એવા એવા ભાગલા કર્યા વિના સખ નથી વળતું ?

અને અખંડ ભારતની વાત કરતી વખતે પણ ખરું જોતાં તો તમે ભારતને ખંડ ખંડમાં વિભાજિત કરી નાખવાની રીતે જ તો વર્તો છો ! આજે દેશની અખંડતા, અનેકતા, વિવિધતાના નામે જ્યારે તમે અમુક લોકોને ઉપદેશ આપવા બેસો છો, ત્યારે વાસ્તવમાં તમે બહુમતીની માનસિકતાની નવી સંકીર્ણતા તો છતી નથી કરતા ને ! ભારત માત્ર તમારો દેશ છે અને તેને અખંડ રાખવા માટે લઘુમતીએ તમારામાં સમાઈ જવું જોઈએ ? દેશના જ અમુક લોકો તરફ કાયમ દ્વેષ ને ધિક્કારનું વાતાવરણ જન્માવતા રહીને તમે દેશની અખંડતા શી રીતે જાળવી શકવાના ? એકબીજાને ધમકાવવાની, એકબીજા તરફ ધિક્કાર ફેલાવવાની પરંપરા તો ભારતમાં

ક્યારેય નહોતી. એકબીજાને નષ્ટ કરવાની પેરવીઓ કર્યે રાખવાથી આ દેશને ક્યારેય અખંડ રાખી શકાય ખરો ?

માટે બહેન નાસિરા કહે છે કે સંકીર્ણ માનસમાંથી બહાર નીકળી જાવ. નહીં તો સેંકડો વરસનો આપણો સાંસ્કૃતિક વારસો આપણે ગુમાવી બેસીશું. અને પછી જેમ પાકિસ્તાનનો કોઈ પુરાતન વારસો નથી અને તેનો ઇતિહાસ ૧૯૪૭થી શરૂ થાય છે, તેમ આ કહેવાતા હિંદુ રાષ્ટ્રનો ઇતિહાસ પણ પુરાતન બધું ગુમાવી બેસીને બિલકુલ નવો આજથી શરૂ કરવો પડશે. ભારતને સંકીર્ણતા કદી સદી નથી, માફક આવી નથી. જ્યારે સંકીર્ણતા હદ બહાર વધી છે, ત્યારે દેશના ભાગલા પડ્યા છે અને ગાંધી જેવા મહાપુરુષની હત્યા થઈ છે. સંકીર્ણતા હિંદુત્વ અને ભારતીય સંસ્કૃતિથી સદંતર વિરુદ્ધ છે. એ ન ભૂલતા કે સમન્વયાત્મક સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિથી રસાયેલી એશિયાઈ માટી કોઈ પણ ધર્મ-વિચાર કરતાં વધારે પુરાતન, ઊંડી અને ઉપજાઉ છે.

આવી જ રીતે નાસિરા પોતાના મુસ્લિમ દેશબાંધવોને ઉદ્દેશીને કહે છે કે વિષમ પરિસ્થિતિમાં માણસ ધૈર્ય ગુમાવી બેસે છે અને તેના વિચાર ખોટી દિશામાં ચાલ્યા જાય છે. માનસિક સંતાપ તેને હિંસા તરફ ધકેલી દે છે. પરંતુ હિંસા કોઈ વાતનો ઉકેલ નથી લાવી શકતી. માટે ગમે તેવી પરિસ્થિતિમાં તમે તમારો દિમાગ ઠંડો જ રાખજો. નકામા વાદ-વિવાદમાં પડતા નહીં. બેહૂદા સવાલોના જવાબ દેવા બેસતા નહીં. ઝેરીલા કટાક્ષોથી ઉત્તેજિત થઈ જવાની કે બેફામ આરોપોથી કુંઠિત થવાની કોઈ જરૂર નથી. તમારી સામે એક જ ઉદ્દેશ રાખો કે પોતાની જાતનું ઘડતર કરવું અને દેશ પ્રત્યે સંપૂર્ણ સમર્પણની ભાવના સેવવી. હિંદુસ્તાનની ધરતી પર અતૂટ વિશ્વાસ રાખો કે અહીં કાંઈ પણ બદલાવાનું નથી, જે છે તે પોતાની પૂરી ગરિમા સાથે કાયમ રહેશે. આ જ ખાસિયત છે આ માટીની, જે પરંપરાને નિભાવતી આવી છે અને નકામી ચીજોને પાછળ છોડતી આવી છે. આ જ એની કરોડરજ્જુ છે, જેના ઉપર ભારતીય સમાજ ટકેલો છે.

રાજકારણીઓના હાથે હવે તમારું શોષણ હરગિજ થવા દેશો નહીં. મુસલમાનોનું સૌથી વધારે શોષણ 'ઇસ્લામ ખતરે મેં હૈ' –ના નારાએ કર્યું છે. ધર્મને આત્માનું જેલખાનું કે ગુણોનું કતલખાનું બનાવી મૂકવાનું નથી. બલ્કે, ધર્મનો તો એક એવી આંતરિક શક્તિના રૂપમાં ઉપયોગ કરવાનો છે, જે તમારી બધી બેડીઓ તોડવામાં મદદગાર થાય. ધર્મ ઉપર જેને વિશ્વાસ છે, ધર્મમાં જેને આસ્થા છે, તેણે સૌથી પહેલાં તો એક સારા માણસ બનવાનું છે, બુનિયાદી માનવીય ગુણો પોતાનામાં વિકસાવવાના છે. તો જ તે એક સાચો મુસલમાન બનશે. અને જે સાચો મુસલમાન બનશે, તે સાચો ને સારો નાગરિક પણ બનશે. તેને પછી રાજકારણીઓ ઘેટાંની માફક ગમે ત્યાં હાંકી જઈ શકશે નહીં.

બહેન નાસિરા કહે છે કે બાળપણથી જ ધાર્મિક કર્મકાંડમાં મને લગીરે વિશ્વાસ નથી. રોજ રાતે સૂતી વખતે બીજાં ભાઈ-બહેનોથી અલગ મને એવી આદત હતી કે હું

હમેશાં મારી અંદર ડોકિયું કરતી. આખા દિવસમાં થઈ ગયેલ ભૂલો ફરી ન થાય અને સારી ટેવો પાડવાની તમન્ના કરતી. બીજાઓ મારી મજાક પણ ઉડાવતા. નમાજ-રોજામાં મારું દિલ કદીયે લાગ્યું નથી, પરંતુ કોઈનું દિલ દુભવવું કે કોઈને નુકસાન પહોંચાડવું મને સારું નહોતું લાગતું. હું મારી જિંદગી બહુ સાફ-સુથરી અને સાદી ગુજારવા માગતી હતી.

સદ્નસિબે આવી જ જિંદગી એમની રહી છે. તેઓ કહે છે કે મારો ચહેરો કદાચ આંતરરાષ્ટ્રીય છે. કોઈ મને ઇટાલિયન કે પઠાણ, તો કોઈ ઈરાની, તો કોઈ પંજાબી કે પછી કાશ્મીરી કહી દે છે. હું ખુદાનો પાડ માનું છું કે મારી સિકલ ઇન્સાનોને મળતી છે ! અને ઇન્સાનો સાથે નર્યા ઇન્સાન તરીકે જીવવામાં જ જિંદગીની મજા છે. જીવવાની એ મજામાં માણસ ધર્મ, નાત-જાત, ભાષા, વર્ગ, કાળા-ગોરા બધું જ ભૂલી જાય છે.

અંતરની ઊંડી આરત સાથે છેલ્લે બહેન નાસિરા કહે છે : ''ઇસ્લામ આવ્યો તે પહેલાં કોણ શું હતું, ઇસ્લામ આવ્યા બાદ કયારે કોણે ધર્મ બદલ્યો, કોને ખબર ! પરંતુ એક સચ્ચાઈનો આપણે સહુએ સ્વીકાર કરવો પડશે કે કયારેક કયાંક આપણે સહુ એક હતા. કોઈ પણ ધર્મ કે વિચારધારાના આવતા પહેલાં સહુ એક જ હતા. અને છતાં આ જ સચ્ચાઈની વિરુદ્ધ જઈને આપણે આપણી શકિત નાહકના ઝઘડાઓમાં વેડફી રહ્યા છીએ !''

ખરેખર, આ બંને મુસ્લિમ બિરાદરોની આવી હૃદયસ્પર્શી નિખાલસ છણાવટ આપણા મનમાં ભરાયેલા રાજકારણી કચરાને સાફ કરી નાખીને આપણને એક નવી જ તાજગીભરી નિરામય હવાનો આહ્લાદક સ્પર્શ કરાવી જાય છે.

# ૯

# આપણો સનાતન વારસો

**ના**સિરાબહેનનું નારી-હૃદય કોમી રમખાણો વખતે સ્ત્રીઓએ જે ભયંકર યાતનાઓ સહન કરવી પડે છે, તે માટે ચિત્કાર કરી ઊઠ્યું છે. ગમે ત્યારે કોઈ ને કોઈ રૂપમાં આગ ભડકી ઊઠે છે. ખબર નહીં, કયો આક્રોશ આપણા મનમાં ઊકળતો રહે છે, જે જરીક મોકો મળતાં જ બહાર નીકળી પડે છે ! અને આપણે એકદમ ભૂલી જઈએ છીએ કે કાલ સુધી તો આપણે આમની જ સાથે વેપાર-વ્યવહાર કરતા હતા, પડોશમાં શાંતિથી રહેતા હતા, એકબીજાના સારા-નરસા પ્રસંગોમાં ભાગ લેતા હતા, એકબીજાના તહેવારો સાથે મળીને ઊજવતા હતા, ત્યારે એકાએક આ શું થઈ ગયું ? આનાથી આપણને મળ્યું શું ? આવે વખતે વિવેક ક્યાં ખોવાઈ જાય છે ? આપણી સૂધબૂધ આપણે કેમ ગુમાવી બેસીએ છીએ ?

નાસિરા કહે છે કે આ બાબત મારે હિંદુ અને મુસલમાન મરદોને જુદા પાડીને કોઈ વિશેષ સંપ્રદાયને ગુનેગાર ઠેરવવો નથી. બલ્કે, મારે તો આખરે પુરુષ-સમાજને પૂછવું છે કે આવી ઉન્માદી અવસ્થામાં સ્ત્રીઓની છાતીઓ કાપવી, એમની આબરૂ લૂંટવી, એમનાં માસૂમ બાળકોને એમની આંખ સામે રહેંસી નાખવાં, આ બધું એકાએક ક્યાંથી એમની અંદર આવી જાય છે ? ત્યારે તેઓ કેમ ભૂલી જાય છે કે આ સ્ત્રીઓ આપણા દેશની છે, એમનું રક્ષણ કરવું, એમનું માન-સન્માન સાચવવું, એ આપણી ફરજ છે ! નાના-મોટા ઝઘડા થાય, ત્યારે પણ પુરુષ વર્ગ કેમ મા-બહેનની ગાળો બોલતો થઈ જાય છે ? બહેન પાસે રાખડી બંધાવનાર પુરુષ કેમ એકદમ સ્ત્રી-જાતિ પ્રત્યે આટલો બધો દુર્વ્યવહાર કરી બેસે છે ? જે બાળકો માટે આપણે આટઆટલાં વલખાં મારીએ છીએ, આટઆટલી માનતાઓ માનીએ છીએ, જેઓ આપણો વંશવેલો આગળ વધારશે અને આપણા બુઢાપાની લાકડી બની રહેશે, એમ કહીએ છીએ, તે બાળકોને પણ ક્ષણિક આવેશમાં રહેંસી નાખતાં પુરુષોનો જીવ કેમ ચાલે છે ?

બહેન નાસિરા વલોવાતા હૃદયે પૂછે છે કે, પુરુષોની આવી માનસિકતા વિશે શું વિશ્વ-સ્તરે કોઈ સંશોધન થયું છે ? આવા પ્રસંગો માટે કોઈ દવા શોધાઈ છે ? કોઈ રસી

મૂકી દઈ શકાય છે ? હિંસાની આગ ભડકી ઊઠશે એવું લાગે કે તુરત પુરુષોને આવી રસી મૂકી દઈ શકાય કે આવી ગોળી ગળાવી દઈ શકાય ! પુરુષ વર્ગ શું બે ઘડી શાંતિથી એટલું વિચારશે કે અવારનવાર એ આવું જંગલીપણું કેમ આચરી બેસે છે ? પોતાને જન્મ આપનારી સ્ત્રી-જાતિ પ્રત્યે પુરુષો આટલો ઘોર અમાનુષી વહેવાર કેમ કરી શકે છે ? કોમી રમખાણોમાં નુકસાન બંને તરફ થાય છે, કોઈને વધુ, કોઈને ઓછું, પરંતુ એનો અર્થ એ નહીં કે એકને ઓછી સજા અપાય અને બીજાને વધુ. બલ્કે, બેઉ એકસરખી સજાને પાત્ર છે, કેમ કે બેઉ એકસરખા ગુનેગાર છે. બંનેએ સ્ત્રીને અપમાનિત કરી છે, બંનેએ સ્ત્રીને દોજખમાં નાખી છે. જે સ્ત્રી એની દીકરી છે, બહેન છે, પત્ની છે, પ્રેમિકા છે, મા છે; જે સ્ત્રી એને એક સુંદર, સુરક્ષિત, આરામદાયક ઘર વસાવી આપે છે, કે જ્યાં એ સુખ-શાંતિ પામે છે, એવી સ્ત્રી-જાતિના આત્માઓ પ્રત્યે આવો ક્રૂર વ્યવહાર બેહદ અમાનવીય છે. આવા પુરુષોને શી સજા મળવી જોઈએ, તે પુરુષો પોતે જ નક્કી કરે.

નાસિરાની આ બધી વાતો અત્યંત વેધક ને હૃદયસ્પર્શી છે. એમણે મુસ્લિમ સ્ત્રીઓની આજની હાલતનુંયે વેધક વર્ણન કરીને તેની સામે વિદ્રોહનો બુલંદ અવાજ ઉઠાવ્યો છે. મુસ્લિમ સ્ત્રીની કમનસીબી એ છે કે તેને પોતાના ધર્મનું ઝાઝું જ્ઞાન નથી અને તેને એમ જ પઢાવવામાં આવ્યું છે કે ધર્મની બાબતમાં મૌલવી સાહેબ જે કહે તે અને ઘરની બાબતમાં પતિદેવ જે કહે તે સાચું માનીને ચાલવું. નાસિરા આની સામે બંડ પોકારે છે. મુસ્લિમ સ્ત્રી ઉપર બુરખો શું કામ ઠોકી બેસાડવામાં આવ્યો છે ? ઇસ્લામમાં એવું ક્યાંય નથી. ઇસ્લામે શરીરને ઢાંકવાની વાત કરી છે કે પોશાક એવો પહેરો કે ધરતી પણ તમારી છાયા ન જોઈ શકે. આમાં ક્યાંય પણ બુરખો, ચાદર કે માથે રૂમાલ બાંધવાનો ઉલ્લેખ નથી. આ તો કોઈક સત્તાધારીના માથામાં તુક્કો ઊઠ્યો અને આ તૂત ચાલતું આવ્યું છે ! બુરખાનો બોજ મુસ્લિમ સ્ત્રીના માથેથી દૂર કરવો જોઈએ. કુરાન મોટું કે આ મુલ્લા-મૌલવીઓ ને રાજકારણીઓ ?

આવું જ બહુપત્નીત્વ બાબત. મધ્ય પૂર્વના દેશોમાં સૌથી પ્રગતિશીલ વિચારોનો દેશ ઇરાક છે. ત્યાં કોઈ પણ પુરુષને ન બીજી પત્ની કરવાની છૂટ છે, ન તલાક આપવાની. બલ્કે, આ બેઉ બાબતમાં તેણે ભારે કાનૂની કારવાઈમાંથી પસાર થવું પડે છે, નહીં તો જેલના દરવાજા ખુલ્લા છે. તલાક પણ શું બચ્ચાંનો ખેલ છે ? સ્ત્રી શું કોઈ માલ-સામાન છે કે ફાવે ત્યારે તેને ભંગારમાં કાઢી નાખી શકાય કે ઊકરડામાં ફેંકી દઈ શકાય !

સ્ત્રીની સ્વતંત્રતા હરી લેતી બધી જ બાબતો સામે નાસિરાએ અવાજ ઉઠાવ્યો છે. નાસિરા કહે છે કે હું બંગડી નથી પહેરતી, કેમ કે હાથમાં બંગડી સાથે મને લખવાનું ફાવતું નથી અને હું સેંથીમાં સિંદૂર નથી ભરતી, કેમ કે મારા પતિને તે ગમતું નથી. છતાં આવી બાબતો વિશે પણ નાહકનો કેટલો બધો ગોકિરો કરી મૂકવામાં આવે છે ! સ્ત્રી ઇચ્છે તો ભલે આ બધું કરે, પરંતુ આવું ન કરે તો તે મોટું પાપ કરી નાખે છે, એવું શા માટે ? વાસ્તવમાં, આ બધી બાબતોનો ઉપયોગ સ્ત્રીને બંધનમાં રાખવા માટે થતો હોય છે.

મુસ્લિમ પર્સનલ લૉમાં કોઈ ફેરફાર થઈ જ ન શકે, એ વાતનોયે નાસિરાબહેન ઇન્કાર કરે છે. દેશકાળની જરૂરિયાત મુજબ તેમાં ફેરફાર થતા જ આવ્યા છે અને થતા જ રહેવા જોઈએ. બાકી, અમુક રૂઢિચુસ્ત વર્ગ તો દરેક જમાનામાં ને દરેક સમાજમાં હોય જ છે; પણ ખરું જોતાં, ઇસ્લામનો ઉદ્‌ભવ જ સ્વસ્થ સામાજિક પરિવર્તન માટે થયેલો, અને ત્યારે આવા જ રૂઢિચુસ્ત વર્ગે તેમાં જાતજાતની બાધાઓ નાખેલી. એવા વર્ગને બાજુએ રાખીને સ્વસ્થ સામાજિક સુધારા હંમેશાં થતા જ રહેવા જોઈએ.

ઝકરિયા અને નાસિરાબહેન, બંને કુરાનના અભ્યાસી છે તથા બંનેએ ઇસ્લામને તેના શુદ્ધ સ્વરૂપમાં રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. બહેન નાસિરાએ એ વાત ઉપર પણ ભાર મૂક્યો છે કે કુરાન માત્ર મુસ્લિમો માટે જ નથી, દુનિયા આખી માટે છે. કુરાન-શરીફમાં દરેક જગ્યાએ આલમ (દુનિયા)ને સંબોધિત કરી છે, મુસલમાનને નહીં. પણ પાછળથી તેના અર્થઘટનમાં સંકીર્ણતા આવી ગઈ. કુરાનની પહેલી આયતમાં છે કે બધા ઇન્સાન એક ઉમ્મત (જમાત, પરિવાર)ના છે. એટલે કુરાન બધા માટે છે, માત્ર મુસલમાનોના એક સમુદાય-વિશેષ માટે નહીં. સુરઅતુલ બક્રની પહેલી આયત છે કે, ''જુઓ, આ કિતાબ છે, જેના પરથી મુતાકીન (સદાચારી) પાઠ ગ્રહણ કરે.'' માટે કુરાન સહુ સદાચારીઓને સંબોધે છે, માત્ર મુસલમાનોને નહીં. આ 'મુતાકીન' શબ્દનો બીજો અર્થ છે, એ વ્યક્તિ જે ખુદાથી ડરે.

ઝકરિયા અને નાસિરાબહેન, બંને પોતાના ધર્મમાં પાકી નિષ્ઠા ધરાવે છે, પરંતુ ધર્મઝનૂન કે સંકીર્ણતા બંનેમાં લગીરે નથી. ઝકરિયા કહે છે કે ધર્મભાવના દરેકમાં હોવી જોઈએ, પણ ધર્માંધતા નહીં. દરેકને પોતાનો ધર્મ ગળથૂથીમાંથી મળ્યો હોય, એટલે પોતાના ધર્મ પ્રત્યે દરેકને વિશેષ લગાવ હોય તે સ્વાભાવિક છે. દરેક વ્યક્તિ પોતાના ધર્મને શ્રેષ્ઠ માને, તો પણ કશો વાંધો નથી, પણ તેનો અર્થ એવો નહીં કે અન્ય ધર્મોને કનિષ્ઠ માનવા. મહાત્મા ગાંધી તો બધા જ ધર્મોમાં માનતા; અને છતાં એમણે કહ્યું છે કે, ''હિંદુ ધર્મ હું જેવો જાણું છું, તે મારા આત્માને પૂર્ણ સંતોષ આપે છે, મારા સમગ્ર અસ્તિત્વને ભરી દે છે તથા જે પરમ શાંતિ મને ભગવદ્‌ગીતા અને ઉપનિષદમાં મળે છે, તે મને ગિરિ પ્રવચનમાંયે નથી મળતી. કુરાન, બાઇબલ અને અન્ય ધર્મગ્રંથો માટે મારા દિલમાં અનહદ આદર છે, તેમ છતાં કૃષ્ણની ગીતા અને તુલસીદાસનું રામાયણ મને જેટલો સ્પંદિત કરી મૂકે છે, તેટલો આ બીજા ધર્મગ્રંથો નથી કરી શકતા.'' પરંતુ આના ઉપરથી ગાંધીજીને કોઈ ધર્માંધ નહીં કહે. આને લીધે એમના સર્વધર્મસમભાવને કશી આંચ આવતી નથી. ઝકરિયા એ વાત ઉપર ખાસ ભાર મૂકે છે કે સર્વધર્મ સમભાવ એટલે સહિષ્ણુતા નહીં, પણ સર્વ ધર્મ પ્રત્યે સમાન આદરભાવ.

ઝકરિયા અને નાસિરાબહેન, બંનેએ મુસ્લિમોને ધર્મઝનૂન ને ધર્માંધતામાંથી સંપૂર્ણપણે મુકત થઈ જવાનો અનુરોધ કર્યો છે. બંનેએ મુસ્લિમોને 'ઘેટ્ટો' માનસમાંથી બહાર નીકળી જવાની સલાહ આપી છે. વિચારવાની રીતમાં અને જીવવાની પદ્ધતિમાંયે જમાના અનુસાર પરિવર્તન કરવાની હિમાયત કરી છે. હિંદુઓ સાથે સંઘર્ષનો માર્ગ છોડો. રાષ્ટ્રજીવનમાં

ભળી જવા અને તેમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદાન કરવાની ભલામણ કરી છે. ઝકરિયા મુસ્લિમોને ઉદ્દેશીને કહે છે : ''કટ્ટર કોમવાદી હિંદુઓ તરફથી તમને ગમે તેટલા ઉશ્કેરવામાં આવે, છતાં તમે તમારો સંયમ છોડતા નહીં, તમે બદલો લેવાની ભાવના સેવતા નહીં. તમે તમારું ધૈર્ય જાળવી રાખજો.''

નાસિરાબહેને પણ કહ્યું છે : ''ભારતીય મુસલમાનોની ભૂમિકા ૧૮૫૭ થી લઈને ૧૯૪૭ સુધી દેશભક્તિથી પરિપૂર્ણ રહી, પરંતુ ૧૯૪૭ પછી દેશના ભાગલાએ ભારતીય મુસલમાનના પૂરા વ્યક્તિત્વ, નિષ્ઠા, આત્મસન્માન વિશે પ્રશ્નચિહ્ન ઊભું કરીને એમની સ્થિતિ સંદિગ્ધ બનાવી મૂકી છે. કર્યું આ બધું રાજકારણે, પણ બદનામ મુસલમાન થયા ! તેથી મુસ્લિમ બુદ્ધિજીવી વર્ગ ઉપર એ જવાબદારી છે કે પોતાના સમાજના આલોચક બનીને તેની બૂરાઈઓ જુએ અને તે નાબૂદ કરવા કટિબદ્ધ થાય. કોઈ પણ ધર્મ સૌથી પહેલાં આદર્શ અનુયાયીઓની અપેક્ષા રાખે છે. માણસ જો સાચો મુસલમાન હશે, તો તે એક સારો નાગરિક પણ બનશે. માટે ભારતીય મુસલમાને બેવડી ભૂમિકા ભજવવાની છે. તેણે બહેતર ઇન્સાન અને બહેતર ભારતીય નાગરિક બનવાનું છે. ભારત જ એમની માતૃભૂમિ છે. તેની દસ પેઢીનાં મુરદાં આ જ જમીનમાં દફનાવાયાં છે. દુનિયામાં એમની ઓળખ 'ભારતીય મુસલમાન' તરીકેની જ છે.''

આ બંને લેખકોએ રાજકારણની કૂપમંડૂકતા ઉપર આકરા પ્રહારો કર્યા છે. રાજકારણીઓ જ જાતજાતનાં કૌભાંડો રચે છે અને આ પ્રશ્નનો ઉકેલ જ આવવા દેતા નથી. તેથી રાજકારણીઓને બાજુએ રાખી દઈને આમ જનતાને જ જાગરૂક કરવાની જરૂર છે. ઝકરિયા તો નહીં નહીં તોયે પચીસેક વરસ રાજકારણમાં સક્રિય રહ્યા છે. પરંતુ ઝકરિયાએ સાફ-સાફ શબ્દોમાં કહી દીધું છે કે રાજકારણમાં મેં જે કાંઈ કર્યું છે, તેનાથી મને સંતોષ નથી. રાજકારણે જ આજની વિષમ પરિસ્થિતિ ઊભી કરી છે. આજે જે સંઘર્ષ છે, તે હિંદુ-મુસ્લિમ વચ્ચે નથી, પણ બંને કોમનાં ઉદારતાવાદી અને કટ્ટરવાદી તત્ત્વો વચ્ચે છે. ઝકરિયાએ એક જગ્યાએ અફસોસ સાથે નોંધ્યું છે કે અડવાણીની ભૂમિકા લગભગ એક સરખી રહી છે. એમનું આખુંયે જાહેર જીવન સાવરકરના પગલે-પગલે ચાલ્યું છે. સાવરકરની ફિલસૂફી જ એમના હૃદયને અને આત્માને શાંતિ અપાવે છે. સાવરકરની જેમ મુસ્લિમો પ્રત્યેનો દુર્ભાવ એમણે છુપાવ્યો નથી, જ્યારે વાજપેયી ખાસ્સી દ્વિધા અનુભવતા આવ્યા છે. સંઘ પરિવારમાં વાજપેયીનું સ્થાન ઘણું આદરભર્યું અને લોકપ્રિય છે. તે સાવરકરના આક્રમક હિંદુત્વથી આકર્ષાયા નથી. એમની માતૃભૂમિ ને પિતૃભૂમિ ને હોલી લેન્ડની વાત એમને માન્ય નથી, પરંતુ મૂળે ખોટ એ વાતની છે કે એમના નેતૃત્વમાંનો નહેરુ ઘણી વાર મૂંગો થઈ જાય છે અને સ્વામી વિવેકાનંદ પ્રત્યેનું એમનું વલણ બાજુએ સરી જાય છે. પરિણામે, રાજકારણ વાજપેયીનો કબજો લઈ લે છે. આ મોટી કમનસીબી છે.

આ બંને મુસ્લિમ બિરાદરોએ રાજકારણથી સદંતર દૂર રહીને જ આ સવાલની છણાવટ કરી છે. હિંદુ-મુસ્લિમ એકતા આ બંનેને મન પોતાના જીવનનો જ એક ભાગ છે, જીવનનું

એક મિશન છે. ઝકરિયા કહે છે કે કોઈ ચીજ મને આમાંથી નહીં ચળાવી શકે. છેલ્લા શ્વાસ સુધી હું આને માટે કોશિશ કરતો રહીશ. મને શ્રદ્ધા છે કે મારા અંતરતમની આ ઉત્કટ ભાવનામાં વાચકો પણ ભળશે. આપણે બધાં જ્યાં હોઈએ ત્યાં કોમી એકતા અને સંવાદિતાનાં પરિબળોને જ સુદૃઢ કરીએ. ભારતની ધરતીનો આ વારસો છે. આ એકતાને વ્યાપક કરીને આપણે વિશ્વ બિરાદરી સુધી વિસ્તારવી છે. ભારતીય સંસ્કૃતિ *'એકં સત્ વિપ્રા: બહુધા વદન્તિ'* અને વિવિધતામાં એકતાની ભાવનાને જ સદાય પોષતી આવી છે. ઇકબાલે ગાયું છે કે 'કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી.' આ સંસ્કૃતિમાં એવું કાંઈક છે, જે તેને કાયમ ટકાવી રાખે છે. આ 'કાંઈક' શું છે, તે આપણે સહુએ બરાબર સમજવાનું છે અને તેને જાળવી રાખવાનું છે. આપણો આ સનાતન વારસો છે. ખરા-ખોટાના ઝમેલામાં ન પડો. એકતા કેમ પુષ્ટ થાય, એ જ જુઓ.

# ૧૦

# સમાપન વેળાએ એક સમગ્ર નજર

**ગુ**જરાતમાં ૨૦૦૨માં ગોધરામાં અને ગોધરા બાદ અમદાવાદ વગેરેમાં જે કાંઈ અજુગતું બન્યું, તેણે ઘણું બધું પાયામાંથી હચમચાવી મૂક્યું હતું. સવાલ માત્ર તત્કાલીન કોમી વિખવાદ અને તેને લીધે ઊભા થયેલ રાજકીય વિતંડાવાદનો નહોતો. સવાલ મૂળમાં ભારતના સનાતન મિશનનો હતો, ભારતીય સંસ્કૃતિનો હતો, હજારો વરસથી આ ભારતભૂમિમાં જે એક માનવીય ને સાંસ્કૃતિક પરંપરા ચાલી રહી છે, તેની અખંડતાનો હતો. સમન્વય અને સંસ્કૃતિ-સંગમ એ આ ભારતભૂમિની દુનિયા આખીને એક સૌથી મોટી દેણ છે. ક્ષણિક ઝનૂન, સંકુચિત દષ્ટિ, સંકીર્ણ ખ્યાલો, ટૂંક નજરિયા આપમતલબી રાજકારણી ઊધમાતો વગેરેથી આપણી ભારતીય સંસ્કૃતિના આ મૂળ મિશનને કોઈ જફા ન પહોંચે, તે આજની ઘડીએ ઊંડી ને ગંભીર નિસ્બતની બાબત છે. આવી નિસ્બત સાથે છેલ્લાં ત્રણ વરસથી એક વિચારયજ્ઞ ચાલી રહ્યો છે, તેનું આજના તબક્કે એક સમાપન થઈ રહ્યું છે.

જે કાંઈ અજુગતું બનેલું, તે ધર્મના નામે અને ધર્મ વિશેના ખોટા ને વિકૃત ખ્યાલોને કારણે બનેલું. એટલે સમાજ સમક્ષ ધર્મની વિભાવના તેના શુદ્ધ, નરવા, સ્વસ્થ સ્વરૂપમા રજૂ થવી જોઈએ. સર્વ ધર્મોના પરમ ઉપાસક એવા વિનોબાજીની તપ:પુત વાણીમાં તે રજૂ થઈ. ડંકાની ચોટે વિનોબાજીએ કહ્યું કે ઝઘડો બે ધર્મો વચ્ચે કદાપિ નથી થતો, ઝઘડો હમેશાં બે અધર્મો વચ્ચે જ થાય છે. માટે અધર્મને હાંકી કાઢી શુદ્ધ ધર્મ અને એ બધા પરિશુદ્ધ ધર્મોના સમન્વય રૂપ માનવધર્મ જ હવે પાંગરી રહો !

સાંસ્કૃતિક રાષ્ટ્રીયતાની વાતો થઈ રહી હતી. એટલે ભારતીય સંસ્કૃતિની અસલ વિભાવના સમાજ સમક્ષ મુકાવી જોઈએ. વિનોબાનું વ્યકિતત્વ ભારતીય સંસ્કૃતિના પરિશુદ્ધ પરિપાક સમાન છે. એમના દ્વારા થયેલી ભારતીય સંસ્કૃતિની ઊંડી ને મર્મગ્રાહી છણાવટ રજૂ થઈ. તેમાંથી આપણી ભારતીય સંસ્કૃતિનું એક સુચારુ, સુરેખ ને સમગ્ર ચિત્ર ઊપસી આવ્યું.

હિંદુત્વનું ગૌરવ થઈ રહ્યું હતું. દેશના પુનરુત્થાન માટે તેમ જ દુનિયાભરમાં ભારતના ગૌરવગાન માટે હિંદુત્વને આગળ કરાઈ રહ્યું હતું, તેથી હિંદુત્વનોયે સમ્યક્ ખ્યાલ લોકોને અપાવો જોઈએ. હિંદુત્વની અસલ તેમજ આજના યુગની માંગને અનુરૂપ સમત્વયુક્ત વિભાવના

સમાજ સમક્ષ મૂકવાનો પ્રયાસ થયો. મૂળમાં તો હિંદુત્વના પરમ જ્યોતિર્ધર એવા વિવેકાનંદ-રામકૃષ્ણના મિશનને ઉજાગર કરવામાં આવ્યું. બધા જ ધર્મો મૂળમાં એક છે, એવો રામકૃષ્ણ પરમહંસનો સાક્ષાત્કાર છે. સર્વ ધર્મોના સમન્વયનો બુલંદ ઉદ્‌ઘોષ વિવેકાનંદે જગતના ચોકમાં જઈને કરેલો છે. તેમાં જ હિંદુત્વનું પૂર્ણ પ્રફુલ્લીકરણ છે અને ભારતીય સંસ્કૃતિનું પરમ સાર્થક્ય છે.

આજના વિષમ ને કલુષિત વાતાવરણમાં આ વાત સતત ઘૂંટાતી રહેવી જોઈએ. વૈચારિક રીતે અત્યંત ડહોળાઈ ગયેલ વાતાવરણમાં તાર્કિક દલીલબાજી, બૌદ્ધિક વિતંડાવાદ અને પક્ષીય સંકીર્ણતા વચ્ચે આ વાત અટવાઈ જવી ન જોઈએ. કટ્ટર હિંદુવાદી, કટ્ટર મુસ્લિમવાદી, કટ્ટર સેક્યુલરવાદી ને કટ્ટર એન્ટી-સેક્યુલરવાદી અભિગમોથી ભિન્ન અને નિરપેક્ષ એવો પંચમ અભિગમ —કશાયે લેબલ વિનાના નર્યા માણસ તરીકેનો નિરુપાધિક અભિગમ બુલંદ બનવો જોઈએ. પરમ કૃપાળુને પ્રાર્થના કરીએ કે —''દ્વાર દયા કા જબ તૂ ખોલે, પંચમ સૂર મેં ગૂંગા બોલે !''

તેમ છતાં વચ્ચે-વચ્ચે આશંકાઓ ઊઠતી રહી –આ બધું ફિફાં ખાંડવા જેવું છે, વાંઝિયો આશાવાદ છે, મિયાં ને મહાદેવનો મેળ કદાપિ પડે જ નહીં ! આવે વખતે સામાન્ય સધિયારા કે તર્ક કે બુદ્ધિ કરતાં કાંઈક વિશેષની, પરમહંસ ને મહાત્મા જેવા મહાપુરુષોની પ્રેરણા કરતાં કાંઈક વિશેષની, એમના ઉપરની આસ્થા કરતાં કાંઈક વિશેષની જરૂર જણાતી હતી. એ જરૂર પૂરી પાડી બે સામાન્ય મુસ્લિમ બિરાદરો —ડૉ. રફીક ઝકરિયાએ અને બહેન નાસિરા શર્માએ, એમનાં પુસ્તકો દ્વારા. એમણે એવી પ્રતીતિ કરાવી કે આપણે એકલા નથી, કાંઈ કેટલાંયે જાણ્યાં-અજાણ્યાં માનવહૈયાં આવું જ કાંઈક ઝંખે છે, આવું જ કાંઈક થાય તે માટે તલસે છે તથા પોતપોતાની રીતે આ માટે યત્કિંચિત્ મથતાં રહ્યાં છે. બંનેએ હિંદુ-મુસ્લિમ એકતા માટે તીવ્ર ને ઉત્કટ ભાવનાથી તથા ઊંડી અનુકંપા ને સંવેદનશીલતા સાથે લખ્યું છે. બંનેને હિંદુ-મુસ્લિમના સહિયારા સહજીવન બાબત તેમજ આ દેશની સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિ બાબત અવિચળ ભરોસો છે તથા આપણો આ અણમોલ વારસો અક્ષુણ્ણ રહેવાનો છે, તે વિશે અતૂટ વિશ્વાસ છે. આપણા જેવા જ સામાન્ય જનોની આવી અચળ શ્રદ્ધા અને પ્રતિબદ્ધતા આશંકા ખંખેરીને નવો ઉત્સાહ આપી ગઈ છે અને ફરી એક વાર એવી પતીજ પાડી ગઈ છે કે મિયાં ને મહાદેવનો મેળ પડશે જ પડશે.

આ ત્રણ વરસ દરમ્યાન આ આખીયે બાબતના બહુ ઊંડાણમાં જવાનું થયું, ઘણું અધ્યયન થયું, ઘણું ચિંતન ચાલ્યું. આજના તબક્કે આ વિચારયજ્ઞની સમાપન વેળાએ આ બાબત સમગ્રપણે મને જે સમજાયું છે, તે સાર રૂપે સંક્ષેપમાં રજૂ કરી દેવા કોશિશ કરું છું.

અમુક તથ્યો મારી સામે આવ્યાં છે, જે બરાબર સમજી લઈએ અને સ્વીકારી લઈએ, તો આ બાબત સ્વસ્થ, સમત્વયુક્ત વિચારણામાં ઘણાં મદદરૂપ થાય તેમ છે.

(૧) હિંદુ-મુસ્લિમ સંબંધનો ઇતિહાસ સામાન્ય રીતે ઈ.સ. ૧૧૦૦-૧૨૦૦ના

સમયગાળાથી જાણીતો છે, જ્યારે અહીં લૂંટારાઓ અને બાદશાહો આવ્યા, પરંતુ તે પહેલાંનો પૂરાં ૫૦૦ વરસનો ઇતિહાસ બહુ જ ઓછો જાણીતો છે. ખરું જોતાં, મહમ્મદ પયગમ્બર ઈ.સ. ૬૩૨માં ગયા ત્યાર બાદ તુરત હિંદુ-મુસ્લિમ સંબંધની શરૂઆત થઈ છે. સાતમી સદીથી જ આરબો હિંદુસ્તાનમાં વેપાર માટે આવ્યા અને આઠમીથી અગિયારમી સદી સુધી બંને વચ્ચે સાહિત્યિક ને સાંસ્કૃતિક સંબંધ અત્યંત ગાઢ રહ્યો. સૂફી સંતો ને ફકીરો અહીં આવ્યા અને પ્રજાજીવન સાથે એકરસ થઈ ગયા. ઇસ્લામનો સુમધુર પરિચય એમણે જ પહેલવહેલો અહીંની પ્રજાને કરાવ્યો. બંને વચ્ચે સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિનાં બીજ આ રીતે વવાયાં છે.

(૨) આ ગાળો એ દુનિયામાં પણ ઇસ્લામનો સુવર્ણ યુગ હતો. ઇસ્લામનો ઉદ્‌ભવ જ વહેમ, અજ્ઞાન, કુરૂઢિઓ વગેરે સામેના વિદ્રોહ રૂપે થયેલો તથા તે તત્કાલીન સમાજના પરિવર્તન અને પુનરુત્થાનના પ્રભાવકારી પરિબળ રૂપે જ પાંગર્યો હતો. વિશ્વની નવજાગૃતિમાં તેમ જ માનવ-સંસ્કૃતિના વિકાસમાં ઇસ્લામે બહુ મહત્ત્વનો ફાળો આપ્યો છે તથા આ ગાળામાં ઘણી મોટી ઐતિહાસિક ભૂમિકા ભજવી છે. તે વખતે યુરોપ તો હજી અંધકારમાં સબડતું હતું. ત્યારે જ્ઞાન-વિજ્ઞાન, સામાજિક-રાજકીય વ્યવસ્થા વગેરે ક્ષેત્રમાં પ્રગતિની મશાલ ઇસ્લામે જલતી રાખેલી. રેનેસાં માટેની ઘણી બધી પૂર્વ-ભૂમિકા પણ ઇસ્લામે પૂરી પાડી છે. વિશ્વ-ઇતિહાસના જાણકાર નિષ્ણાતોએ આ બાબતની ભારપૂર્વક નોંધ લીધી છે.

(૩) હિંદુસ્તાન ઉપર આક્રમણ કરનાર અફઘાનો, તાર્તારો, પઠાણો વગેરેએ ઇસ્લામનું નામ લીધું હતું, પણ એમને હકીકતમાં ઇસ્લામ સાથે કોઈ સંબંધ નહોતો. તેઓ લૂંટારાઓ હતા, આક્રમકો હતા, તેમાં હિંદુ વિરુદ્ધ મુસ્લિમનો કોઈ સવાલ નહોતો. ઇતિહાસના અભ્યાસી એવા રામમનોહર લોહિયાએ લખ્યું છે કે તૈમૂર લંગે અહીં આવીને ચાર-પાંચ લાખ માણસોની કતલ કરી નાખી, ત્યારે તેમાંથી ત્રણ લાખ મુસલમાન હતા. આંબેડકરે પણ નોંધ્યું છે કે અફઘાનો અહીં તાર્તારોનો સફાયો કરવા તથા મુગલો અહીં અફઘાનો ને તાર્તારોનો સફાયો કરવા આવેલા. તેઓ બધા મુસલમાન કહેવાતા, છતાં એકબીજાના જીવલેણ દુશ્મન હતા. આમાં હિંદુ-મુસ્લિમ સવાલ સાથે કોઈ લેવાદેવા નથી.

(૪) મુગલો અહીં આવ્યા અને એમણે સામ્રાજ્ય સ્થાપ્યું. પરંતુ આ મુગલકાળને આ દેશના ગુલામીકાળ તરીકે જોવો, તે સદંતર ખોટું છે. તેઓ અંગ્રેજોની જેમ આ દેશને પોતાનો ગુલામ બનાવવા નહોતા આવ્યા. અંગ્રેજો તો આ દેશને ચૂસી ગયા, અહીંથી બધું બહાર ઉસેડી ગયા, અહીંનું ઘણું બધું તોડી-ફોડી ગયા; જ્યારે મુગલો અહીં આવ્યા અને અહીંના થઈને રહ્યા, આ દેશના વિકાસ અને પ્રગતિમાં અનોખું પ્રદાન કરતા રહ્યા. આ દેશના કળા-સાહિત્ય-સ્થાપત્ય-સંગીત-સંસ્કૃતિ વગેરેને સમૃદ્ધ કરવામાં એમનોયે મૂલ્યવાન ફાળો રહ્યો. આ દેશમાં અનેક રાજાઓનાં રાજ થયાં, તેમ મુગલોનું પણ રાજ થયું. અન્ય રાજાઓનો પોતપોતાનો ધર્મ હતો, તેમ મુગલોનો પોતાનો ઇસ્લામ ધર્મ હતો એટલું જ. એટલે મુગલરાજને ગુલામીકાળ હરગિજ ન કહેવાય.

ભારતીય સંસ્કૃતિના એક જ્યોતિર્ધર એવા શ્રી અરવિંદે કહ્યું છે : ''મુગલ સામ્રાજ્ય એ એક મહાન અને ભવ્ય રચના હતી, અને તેના સર્જન, સંવર્ધન ને સંગોપન પાછળ અપાર રાજકીય પ્રતિભા તેમજ કૌશલ્ય લાગેલાં હતાં. તે એક શાનદાર, પ્રતાપી, શકિતશાળી ને લોકો માટે લાભદાયી એવું સામ્રાજ્ય હતું. એટલુંયે ઉમેરવું જોઈએ કે ઔરંગઝેબ જેવાના ધર્માંધ ઝનૂન છતાં, બીજા કોઈ મધ્ય યુગીન કે સમકાલીન યુરોપિયન રાજ્યની સરખામણીમાં ધર્મની બાબતમાં મુગલ સામ્રાજ્ય ઘણું બધું વધારે ઉદાર અને સહિષ્ણુ હતું.''

સ્વામી વિવેકાનંદનું પણ આવું જ વલણ હતું. વિવેકાનંદે આ કાળને ભારતીય સાંસ્કૃતિક વારસાના એક અંગ રૂપ જ ગણાવ્યો હતો. સિસ્ટર નિવેદિતાએ નોંધ્યું છે કે સ્વામીજી મુગલકાળના કળા-સંસ્કૃતિના વારસા માટે ભારે ગૌરવ અનુભવતા તથા હિંદુ સ્ત્રીઓને પોતાની પત્ની બનાવવાના એમના વલણનીયે પ્રશંસા કરતા કે જેથી આ દેશના રાજકર્તાઓના પિતા મુસ્લિમ અને માતા હિંદુ હતાં.

(૫) કેટલાક મુસલમાન બાદશાહોએ કટ્ટર ધર્મઝનૂન અને ધર્માંધતાયે દાખવેલાં. એમનાં ઘણાં દુષ્કૃત્યો નિંદનીય છે, પરંતુ આને માટે ઇસ્લામને અને આખીયે મુસલમાન કોમને જવાબદાર ઠેરવવી ઉચિત નથી. જેમ ખરાબ બાદશાહો હતા, તેમ સારા બાદશાહો પણ હતા અને એમણે સારાં કામો પણ કરેલાં. કેટલાક બાદશાહોએ મંદિરો તોડેલાં, તો કેટલાક બાદશાહોએ મંદિરોના નિભાવ માટે જમીનો પણ આપેલી અને જાગીરો પણ બાંધી આપેલી.

(૬) ભારત કાયમ એક ભાતીગળ દેશ રહ્યો છે. અહીં પાર વિનાની વિવિધતાવાળો સમાજ સાથે જીવતો આવ્યો છે. મુસ્લિમો આવ્યા તે પણ શરૂના થોડા સંઘર્ષ બાદ અહીંના સમાજમાં ભળી ગયેલા. હિંદુ-મુસલમાન વચ્ચે કાયમી દુશ્મનાવટનું વાતાવરણ રહ્યું નહોતું. લડાઈઓ થયેલી, પણ તે હિંદુ-મુસ્લિમ લડાઈઓ નહોતી, હિંદુ રાજા અને મુસલમાન રાજા વચ્ચેની લડાઈઓ હતી. તેમાં હિંદુ રાજાના સૈન્યમાં મુસ્લિમ સૈનિકો પણ હતા અને મુસલમાન રાજાના સૈન્યમાં હિંદુ સૈનિકો પણ હતા. એટલે કે હિંદુ સૈનિક સામે હિંદુ સૈનિક અને મુસ્લિમ સૈનિક સામે મુસ્લિમ સૈનિક પણ લડેલા. અકબરના લશ્કરમાં ૬૦ હજાર મુગલો અને ૪૦ હજાર રજપૂતો હતા. પ્રતાપના ઘણા સૈનિકો મુસલમાન હતા. તેનો તોપખાનાનો સરદાર મુસ્લિમ હતો. શિવાજીનાં યુદ્ધો પણ કાંઈ ધર્મયુદ્ધ નહોતાં. તેના લશ્કરમાં અનેક મુસ્લિમ સરદારો હતા. તેનું તોપખાનું અને નૌકાદળ મુસ્લિમ સરદારો સંભાળતા. શિવાજીનો અંગરક્ષક મુસ્લિમ હતો. શિવાજી અને ઔરંગઝેબ વચ્ચે સુલેહ માટે વાટાઘાટો ચાલી, ત્યારે ઔરંગઝેબનો દૂત એક બ્રાહ્મણ વકીલ હતો અને શિવાજીનો દૂત કાઝી હૈદર હતો !

(૭) સારાંશ કે, ઓગણીસમી સદીના અંત સુધી હિંદુ વિરુદ્ધ મુસ્લિમ એવી કોઈ સ્થિતિ જ નહોતી. ત્યાં સુધી ધર્મના નામે કોમી હુલ્લડ એક પણ વાર થયું નહોતું. ૧૮૫૭માં બંને ખભેખભા મિલાવીને અંગ્રેજો સામે લડેલા. પ્રજાજીવનમાં બંને કોમ એકબીજા સાથે શાંતિ ને સુમેળથી જીવતી હતી. બંનેની એક સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિ પાંગરી રહી હતી.

(૮) આ બધી ઇતિહાસની ન ઉવેખી શકાય એવી નક્કર હકીકતો છે. ઓગણીસમી સદીના અંતે એક શકવર્તી ઘટના બની, જે આજે પણ પ્રસ્તુત છે, બલ્કે આજે તો સવિશેષ પ્રસ્તુત છે. માણસની સાંસ્કૃતિક ઉત્ક્રાંતિની દૃષ્ટિએ આ ઘટનાનું મહત્ત્વ આપણા દિલમાં ખાસ વસવું જોઈએ.

ત્યારે દુનિયા પડખું બદલી રહી હતી. માણસ એકબીજાની નજીક આવી રહ્યો હતો. આખીયે માનવજાતનું ભાવિ પરસ્પર એકબીજા સાથે ગુંથાઈ જઈ રહ્યું હતું. માણસ હવે છૂટોછવાયો પોતપોતાના સીમિત દાયરામાં વેરવિખેર જીવી શકવાનો નહોતો. આની સાથોસાથ દુનિયાના જુદા જુદા ભાગોમાં પાંગરેલાં ધર્મો અને સંસ્કૃતિઓ પણ એકબીજાની નજીક આવી રહ્યાં હતાં. આવા સંજોગોમાં તે બધાં વચ્ચે સંઘર્ષ થશે કે તે બધાંનો સમન્વય થશે ? જો સંઘર્ષ થાય, તો ધર્મ-ભાવના ને સંસ્કૃતિ-સાધનાના પરિણામસ્વરૂપ માનવજાતે અત્યાર સુધીમાં જે કાંઈ મેળવેલું ને સિદ્ધ કરેલું, તે બધું વેરાઈ-વિખેરાઈ જાય. પરંતુ આ બધાંનો જો સમન્વય થઈ શકે, તો એક માનવધર્મ અને એક વિશ્વ-કુટુંબની દિશામાં આગળ વધવા માટેની અનુકૂળતા ઊભી થઈ શકે. આવા વ્યાપક પરિપ્રેક્ષ્યમાં આ ઘટનાને જોવી જોઈએ.

આ ઘટના ભારતમાં બની તેનુંયે કાવ્યમય ઔચિત્ય છે. આ સમન્વયની ભૂમિ છે. આ ભૂમિમાં પાંગરેલા સર્વ ધર્મો ને પંથોના સમન્વય બાદ હવે આગળનું પગલું વિભિન્ન ભૂમિઓમાં ને સંસ્કૃતિઓમાં પાંગરેલા ધર્મોના બૃહદ્ સમન્વય તેમજ સંસ્કૃતિ-સંગમનું હતું. ભારત આને માટેની પ્રયોગભૂમિ બની રહે, તે સર્વથા ઉચિત હતું. અહીં તે માટેનો તખ્તો તૈયાર હતો.

રામકૃષ્ણ પરમહંસની સર્વ ધર્મોની એકતા અંગેની સાક્ષાત્ અનુભૂતિએ બૃહદ્ સમન્વય અને સંસ્કૃતિ-સંગમની પ્રક્રિયાનો આરંભ કરી દીધો. આ એક અદ્‌ભુત ઘટના છે. સર્વ ધર્મોની એકાત્મતા માત્ર બૌદ્ધિક સ્તરે જ નહીં, એક વ્યક્તિના રોમરોમની સાક્ષાત્ અનુભૂતિ રૂપે પ્રતિપાદિત થઈ ગઈ. *'એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ'*—ભારતીય સંસ્કૃતિના આ વેદમંત્રને રામકૃષ્ણ પરમહંસ સગુણ સાકાર જીવતો કરી ગયા.

આ મહા સમન્વયના નવા યુગનો ઉદ્‌ઘોષ વિવેકાનંદ ૧૮૯૩માં શિકાગોની સર્વ ધર્મોની વિશ્વસભામાં કરી આવ્યા. વિવેકાનંદે 'વેદાંતી મગજ અને ઇસ્લામી દેહવાળા ભવ્ય ને અજેય એવા ભાવિ હિંદ'નું સપનું જોયું. એમણે કહ્યું કે, ''સર્વ ધર્મોની એકતા માનવજાત સમક્ષ પ્રગટ કરવી, એ મારા ગુરુનું મિશન છે.'' ૧૮૯૭માં રામકૃષ્ણ મિશનની સ્થાપના વખતે જાહેર કર્યું કે, ''શ્રી રામકૃષ્ણદેવ જે કાર્યનો આરંભ કરી ગયા છે, તેને આગળ ચલાવવું, એ આપણા આ રામકૃષ્ણ મિશનનું વ્રત હશે.'' ૧૮૯૮માં બેલુર મઠની સ્થાપના વખતે ફરી દોહરાવ્યું કે, ''આ સ્થળ સર્વ ધર્મો અને પંથોના સમન્વયનું કેન્દ્ર બનશે.''

(૯) પરંતુ દુર્ભાગ્યે વીસમી સદીમાં આ બૃહદ્ સમન્વયની પ્રક્રિયા ઉપર ભારે મોટા કુઠારાઘાત થયા, તેને લીધે આ પ્રક્રિયા કુંઠિત થઈ ગઈ અને તેમાં એક સો વરસનો ભારે

મોટો વિક્ષેપ આવી ગયો. હિંદુ-મુસ્લિમ સંબંધની દૃષ્ટિએ પૂરાં સો વરસનો એક અંધકાર યુગ આવી ગયો. સમન્વયને બદલે વિઘટનનાં પરિબળો હાવી થઈ ગયાં.

આમાં અંગ્રેજોની કુટિલ રાજનીતિ એક સૌથી મોટું નકારાત્મક, વિપરીત ને વિઘાતક પરિબળ બની રહ્યું. એમણે 'ફૂટ પડાવો અને રાજ કરો' –ની રાજનીતિ અપનાવી. ૧૮૫૭ના વિદ્રોહ વખતે હિંદુ-મુસ્લિમ એકતાની જે ઝલક દેખાઈ હતી, તે જ ખંધા અંગ્રેજોને પોતાના માટે સૌથી મોટા ખતરા રૂપ લાગી, તેથી તેમણે આ એકતાને છિન્નભિન્ન કરી નાખવાનો મનસૂબો ઘડ્યો અને તે માટે અધમમાં અધમ કારસા રચ્યા.

આવા વાતાવરણમાં બંને કોમનાં માનસ વધુ ને વધુ દૂષિત થતાં રહ્યાં. બંને બાજુ કટ્ટરવાદી ને ધર્મઝનૂની તત્ત્વો માથું ઊંચકતાં રહ્યાં અને પરસ્પર દ્વેષભાવ, અવિશ્વાસ ને નફરત પેદા કરતાં રહ્યાં.

(૧૦) કેટલાંક કટ્ટર કોમવાદી તત્ત્વોએ વિઘટનની ને વિભાજનની એક જડબેસલાક ફિલસૂફી જ ઊભી કરી દીધી. તેમાં એમ કહેવાયું કે બંને કોમ એટલી જુદી જુદી છે કે સાથે રહી જ શકે નહીં. તે બંને જાણે જુદાંજુદાં રાષ્ટ્રો જ છે.

આ દ્વિરાષ્ટ્રવાદની થિયરીનું તાર્કિક શાસ્ત્ર પહેલવહેલું ૧૯૨૩માં સાવરકરે ઊભું કરી દીધું, અને પાછળથી ૧૯૪૦માં મુસ્લિમ લીગે આ દ્વિરાષ્ટ્રવાદની થિયરીને ઉપાડી લઈને દેશના ભાગલાની માગણી જોરશોરથી કરી.

આ સર્વસમાવેશક (all-inclusive) ભારતીય સંસ્કૃતિની નહીં, સંસ્કૃતિ-સંઘર્ષની અલગાવવાદી (exclusive) ફિલસૂફી હતી. આ સમન્વયની નહીં, વિઘટનની ને વિભાજનની ફિલસૂફી હતી.

(૧૧) પૂરાં ૫૦ વરસનો ઇતિહાસ એ મુખ્ય ચાર પરિબળો વચ્ચેના આઘાત-પ્રત્યાઘાત અને આંતરદ્વંદ્વ દ્વારા રચાયો છે. આ ચાર પરિબળો છે —પ્રજાકીય પરિબળ, કોમી કટ્ટરવાદી પરિબળ, રાજકારણી પરિબળ અને રાષ્ટ્રવાદી પરિબળ. આ છેલ્લા રાષ્ટ્રવાદી પરિબળને વિવેકાનંદ-માર્ગી પરિબળ પણ કહી શકાય, કે જેણે વિવેકાનંદની સમન્વયકારી પ્રક્રિયાને આગળ વધારવાની સતત કોશિશ કર્યા કરી. પરંતુ કોમી કટ્ટરવાદી તેમજ રાજકારણી પરિબળો વધુ બળૂકાં પુરવાર થયાં.

એમ જોવા મળે છે કે પરિસ્થિતિ એકદમ હાવી થઈ ગઈ અને વ્યક્તિઓને પોતાનાં પ્યાદાં રૂપ બનાવી ગઈ. કેટલીક વ્યક્તિઓ એક તબક્કે સમન્વયની પ્રક્રિયાની પ્રખર સમર્થક હતી, પણ પાછળથી પરિસ્થિતિનાં પ્યાદાં રૂપ બની જઈને એની એ વ્યક્તિઓ સાવ વિરુદ્ધ ભૂમિકા ભજવી ગઈ. આમાં વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા, પૂર્વગ્રહો, પરસ્પર અવિશ્વાસ, રાજકારણની ક્ષુદ્ર ગણતરીઓ ને ચાલબાજી વગેરેએ ઘણો બધો ભાગ ભજવ્યો. આ બધું છેવટે સમન્વયની પ્રક્રિયાને ગળે ટૂંપો દઈને દેશના ભાગલા ભણી દોરી ગયું તથા કોમી દાવાનળમાં

દેશને હોમી ગયું. એમ કહી શકાય કે દેશના ભાગલા પડ્યા, તે ધર્મના કારણે નહીં, રાજકારણને કારણે પડ્યા.

(૧૨) ગાંધી પરિસ્થિતિ સામે ઝૂક્યા નહીં, આખરી દમ સુધી ઝૂઝતા રહ્યા. પરિસ્થિતિ એમના ઉપર હાવી થઈ જઈ શકી નહીં. જો કે છેવટે ગાંધી પરિસ્થિતિને પલાણી શક્યા નહીં; પરંતુ પરિસ્થિતિ પણ એમને પલાણી શકી નહીં. ગાંધીએ પ્રાણાર્પણેય રામકૃષ્ણ-વિવેકાનંદની સમન્વયની પ્રક્રિયાના છૂટેલા તંતુને આગળ વધારવાની કોશિશ કર્યે રાખી.

(૧૩) જોવા એમ મળે છે કે જે લોકો દેશની આઝાદીના બૃહદ્ ને ઉદાત્ત રાજકારણમાં પડેલા અને કોમવાદી સંકીર્ણ રાજકારણથી ખરડાયેલા નહોતા, તેઓ સંપૂર્ણપણે બિન-સાંપ્રદાયિક જ હતા તથા હિંદુ-મુસ્લિમ એકતાના હૃદયથી ઉપાસક રહ્યા હતા. પરંતુ જેઓ આ રાષ્ટ્રીય આંદોલનોમાં ન ભળ્યા, તેઓ જ આઝાદીના જંગથી અળગા રહીને કોમવાદી ઝનૂન તથા વિભાજન અને વિઘટનની પ્રક્રિયાને ઘૂંટતા રહ્યા. કદાચ અંગ્રેજો કરતાંયે અન્ય કોમવાળાને એમણે પોતાના વધારે દુશ્મન માન્યા ! આ કોમવાદી તત્ત્વોનું સંકીર્ણ રાજકારણ દ્વિરાષ્ટ્રવાદની થિયરીને જ ઘૂંટતું રહ્યું અને દેશના ભાગલા ભણી દોરી ગયું.

(૧૪) દેશની આઝાદીનાં આંદોલનોમાં મુસ્લિમોએ પણ ઊલટભેર ભાગ લીધો હતો. ૧૯૨૦-૨૧ના અસહકારના આંદોલન વખતે તો ખિલાફત ચળવળ પણ સાથે હતી. ત્યારે જેલમાં જનારાઓમાં અને પોતાની મિલકત જપ્ત થઈ જવા દેનારાઓમાં હિંદુઓ કરતાં મુસ્લિમોની સંખ્યા વધારે હતી. સરકારી નોકરી અને સ્કૂલ-કૉલેજ છોડી દેનારાઓમાં મુસ્લિમોની સંખ્યા હિંદુઓ જેટલી હતી. ત્યાર બાદ ૧૯૩૦નાં અને ૧૯૪૨નાં આંદોલનોમાં ખિલાફત જેવી ધાર્મિક અપીલ ન હોવા છતાં આંદોલનમાં ભાગ લઈને જેલ જનારાઓમાં મુસ્લિમોની સંખ્યા ઓછી નહોતી. ૧૯૩૦માં જેલમાં જનારાની કુલ સંખ્યા ૯૦ હજારની હતી, તેમાં ૨૯ હજાર જેટલા મુસલમાનો હતા.

ભાગલાની માંગણી ઊઠી, ત્યારે ઘણા મુસ્લિમ નેતાઓ અને સંગઠનોએ પાકિસ્તાનનો અલગ દેશ બનાવવાનો ઘોર વિરોધ કરેલો. આમાં સૌથી વધુ નોંધપાત્ર દાખલો સિંધના અલ્લાહબક્ષનો છે. એમણે ભાગલાના પ્રશ્ને જાનનું જોખમ વહોરીને શહીદી પણ વહોરી લીધી. મુસ્લિમ લીગે ૧૯૪૦માં પાકિસ્તાનની માગણી કરતો ઠરાવ કર્યો કે તુરત એમણે દિલ્લીમાં એક 'આઝાદ મુસ્લિમ પરિષદ' ભરી, જેમાં દેશભરમાંથી વિવિધ ક્ષેત્રના ૧૪૦૦ જેટલા મુસ્લિમ આગેવાનોએ ભાગ લીધો. પરિષદે "પાકિસ્તાનની યોજના બિલકુલ અવાસ્તવિક છે અને દેશને માટે તેમજ ખાસ કરીને મુસ્લિમો માટે ખૂબ જ હાનિકારક છે" એવો ઠરાવ કરીને ભાગલાનો ઘોર વિરોધ કર્યો. પછીયે કોમી એકતાની અને અખંડ હિંદુસ્તાનની વાત તેઓ બુલંદીથી કહેતા રહેતા હતા. મુસ્લિમ લીગને તેઓ આંખમાંના કણાની જેમ ખૂંચતા. છેવટે ૧૯૪૩માં એમનું ખૂન કરાવી નાખવામાં આવ્યું. અખંડ હિંદુસ્તાન કાજે તેઓ પહેલા શહીદ બન્યા.

(૧૫) ભાગલા બાદ જે કાંઈ બન્યું, તેણે દ્વિરાષ્ટ્રવાદની થિયરીના ભાંગીને ભુક્કા કરી નાખ્યા. ભારત છોડીને જે મુસ્લિમો હોંશે હાંશે પાકિસ્તાન રહેવા ગયા, એમનું સ્થાન ત્યાં દુય્યમ દરજ્જાના નાગરિક તરીકેનું જ રહ્યું. તેઓ ત્યાં 'મુહાજિર' —બહારથી હિજરત કરી આવેલા કહેવાયા.

એક જ ધર્મના હોવા છતાં પૂર્વ અને પશ્ચિમ પાકિસ્તાન એક રહી શક્યાં નહીં. પૂર્વ પાકિસ્તાનમાં જ્યારે મુસલમાનોએ જ મુસલમાનો પર કાળો કેર વર્તાવ્યો, ત્યારે ધર્મ-નિરપેક્ષ ભારત જ ત્યાંના મુસલમાનોની વહારે આવ્યું, અને ધર્મ એક જ હોવા છતાં અલગ બાંગ્લા દેશનો જન્મ થયો.

આજે મુસ્લિમ વસ્તી પાકિસ્તાન કરતાં ભારતમાં વધારે છે. દુનિયામાં સૌથી વધુ મુસ્લિમ વસ્તી ધરાવતા દેશોમાં ઇન્ડોનેશિયા પછી ભારત બીજા નંબરે છે.

(૧૬) ભારતે બિન-સાંપ્રદાયિક બંધારણ બનાવ્યું. હિંદુ-મુસ્લિમ સહુને સમાન નાગરિક અધિકાર અપાયો. આને લીધે મુસ્લિમો પણ દેશના જાહેર જીવનમાં તેમ જ અન્ય ક્ષેત્રોમાં પોતાનું પ્રદાન કરતા રહ્યા. ઘણાએ દેશનાં સર્વોચ્ચ પદોની જવાબદારી પણ નિભાવી અને રાષ્ટ્રપતિ સુધ્ધાં બન્યા. સામાજિક ને સાંસ્કૃતિક ક્ષેત્રે પણ અનેક મુસ્લિમોનું અનોખું પ્રદાન મળતું રહ્યું.

(૧૭) તેમ છતાં ભારતની વિવિધરંગી પ્રજાના સમન્વયની દિશાનું વિધાયક કામ ઝાઝું થયું નથી. તે માટે પ્રતિબદ્ધ ને દષ્ટિવંત નેતાગીરીનો અભાવ વર્તાય છે. સૌથી મોટી કમનસીબી એ થઈ છે કે આજના પક્ષીય રાજકારણે સમન્વયને બદલે વિઘટનની પ્રક્રિયાને જ પ્રોત્સાહન આપ્યું છે. તેણે આ બાબતમાં અત્યંત વરવો, અનર્થકારક અને નિંદનીય ભાગ ભજવ્યો છે. હિંદુ-મુસ્લિમ વિખવાદને સળગતો રાખીને પોતાના રોટલા શેકતા રહેવાનું ગોઝારું ઘૃણાસ્પદ કામ જેટલું અંગ્રેજ સરકારે કરેલું, તેના કરતાં વધારે સ્વતંત્ર ભારતના રાજકીય પક્ષો તેમજ વામણા રાજદ્વારી નેતાઓએ કર્યું છે. પોતાની વૉટબૅન્કને ધીકતી રાખવા ગમે ત્યાં સુધી જવા અને ગમે તેવાં જઘન્ય કૃત્યો કરવા તેઓ તૈયાર છે. કટ્ટર કોમવાદી ને ધર્મઝનૂની વર્ગ દ્વારા દ્વેષ, વૈમનસ્ય ને નફરતનું વાતાવરણ પણ ઊભું કરાતું રહે છે.

—આ બધાં તથ્યો સમગ્રપણે નજર સામે રાખીને સ્વસ્થ ને સમત્વયુક્ત વિચારણા થવી જોઈએ.

## ૧૧

# મિયાં ને મહાદેવ મેળ પાડ્યા વિના રહી જ કેમ શકે ?

**આ** જે તથ્યો છે, તે ન ઉવેખી શકાય એવી નક્કર ઐતિહાસિક હકીકતો છે. આનાથી વિરુદ્ધ કે વિપરીત આ બાબત વિશે જે કાંઈ કહેવાય છે, લખાય છે, ગોખાવાય છે, તે બધું ખોટું છે. તે બધું ખોટા દૃષ્ટિકોણથી જોવાયું છે, સંકીર્ણ માનસથી ઝિલાઈને ખોટી રીતે ઘૂંટાયે રખાયું છે. તે બધું ગેરમાર્ગે દોરનારું છે, જાતજાતનાં સ્થાપિત હિતોને પોષનારું છે, સત્યને સોનેરી આવરણોથી ઢાંકી દેનારું છે, આપણી આંખોમાં ધૂળ નાખનારું છે. તે બધાં આવરણો દૂર કરી નાખીએ. ઉઘાડી આંખે અને સ્વસ્થ મન સાથે, કપાળે કશાયે લેબલ વિના નિરુપાધિક નર્યા માણસ થઈને આ બાબતનું ધરમૂળથી પુનરાવલોકન કરવા, નવેસરથી જોવા-મૂલવવા કોશિશ કરીએ. તો કશાયે ખચકાટ વિના કે કશીયે આશંકા વિના આપણું અંતર સાખ પૂરશે કે મિયાં ને મહાદેવનો મેળ પડશે જ પડશે.

આ નક્કર તથ્યો એમ કહી જાય છે કે ઇસ્લામના ઉદ્ભવને ૧૪૦૦ વરસ થયાં તથા હિંદુ-મુસ્લિમ સંબંધ પણ લગભગ ઇસ્લામના ઉદ્ભવકાળથી જ બંધાયો છે. આ ૧૪૦૦ વરસોમાં માત્ર છેલ્લાં ૧૦૦ વરસના અંધારયુગને બાદ કરતાં ક્યારેય એવો સવાલ ઊભો થયો નથી કે મિયાં ને મહાદેવનો મેળ પડશે કે નહીં. માત્ર છેલ્લાં ૧૦૦ વરસમાં જ આ સવાલ ઊભો થયો છે. તે સિવાય હિંદુ ને મુસલમાન એકબીજા સાથે જીવતા આવ્યા છે, એકબીજાનો સંપર્ક વધારતા આવ્યા છે, એકબીજા પાસેથી શીખતા અને એકબીજાનું સારું-સારું ગ્રહણ કરતા આવ્યા છે. તેમાંયે છેલ્લાં ૮૦૦-૯૦૦ વરસથી તો બંને કોમ પ્રજાજીવનમાં નિકટથી હળતી-ભળતી આવી છે, એકબીજાની રીતરસમો અપનાવતી આવી છે, એકબીજાના તહેવાર-ઉત્સવમાં ઊલટભેર ભાગ લેતી આવી છે. આ બંને કોમના સંયુક્ત યોગદાનથી આ દેશની સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિ વધુ ને વધુ સમૃદ્ધ થતી રહી છે. આ બંને કોમ વચ્ચે ઓગણીસમી સદીના અંત સુધી ક્યારેય કાયમની દુશ્મનાવટ રહી નથી અથવા તો ધર્મના નામે સંઘર્ષ થયા નથી. બંનેનું સહજીવન એટલું બધું સુમેળભર્યું હતું કે ઓગણીસમી સદીના અંતે વિવેકાનંદ જેવા હિંદુત્વના મહાન જ્યોતિર્ધરે વેદાંતના મગજ અને ઇસ્લામના શરીરવાળા ભાવિ હિંદનું સપનું સેવેલું. હિંદુ-મુસ્લિમ સંબંધમાં જે કાળાં વાદળો ઘેરાયાં છે, તે બધાં માત્ર છેલ્લાં ૧૦૦ વરસમાં જ.

અને આ ૧૦૦ વરસમાંયે કાળાં વાદળો વચ્ચે પ્રકાશની કોર જ નહીં, પ્રકાશનાં પુંજના પુંજ પણ જોવા મળે જ છે. આ ૧૦૦ વરસમાંયે બધું અંધારું જ અંધારું નથી. તેમાંયે ઘણો પ્રકાશ જોવા મળે છે, આખાયે પટને અલોકિત કરી મૂકતો પ્રકાશ જોવા મળે છે. આ પ્રકાશના કેન્દ્રમાં ગાંધી છે. ગાંધી કોમી એકતાના એક પરમોજ્જવલ પ્રતીક છે. રામકૃષ્ણ પરમહંસ જેમ સર્વધર્મોના સમન્વયના જીવતા જાગતા ઉદાહરણ રૂપ હતા, તેમ ગાંધી કોમી એકતાની સગુણ સાકાર મૂર્તિ સમા હતા. મુસલમાનો સાથે કાયમ એમનો ઘનિષ્ઠ નાતો રહ્યો. જાહેર જીવનની શરૂઆતમાં દક્ષિણ આફ્રિકામાં અબ્દુલ્લા શેઠથી લઈને જિંદગીના છેલ્લા શ્વાસ સુધી ખાન અબ્દુલ ગફારખાન જેવા એમના પરમ સાથી રહ્યા છે. અને આ બે વચ્ચે તો કંઈ કેટલાયે ! કોને કોને યાદ કરીએ ? ગાંધીના આશ્રમમાં તેમ જ ગાંધીના જાહેર જીવનમાં વિભિન્ન ધર્મવાળાઓના એટલા બધા સંબંધો મ્હોર્યા છે, જેમાં ધર્મના ભેદભાવ સદંતર ભૂંસાઈ ગયા છે.

ગાંધીએ રામકૃષ્ણ-વિવેકાનંદના તંતુને જે રીતે આગળ વધાર્યો, તેને લીધે આ દેશમાં સમન્વયની તેમ જ સહિયારી સંસ્કૃતિની વાતની જડ વધુ ને વધુ મજબૂત થતી રહી છે. અને તેથી સ્તો વચ્ચે આટઆટલા ઝંઝાવાત આવી ગયા, છતાં આજે એ જ વાત બુલંદપણે ફરી-ફરીને ઘૂંટનારાં ડૉ૰ ઝકરિયા ને બહેન નાસિરા જેવાં આજેયે આપણી વચ્ચે છે.

આજે ઘણું બગડી ગયું છે. વિપથગામી પરિબળો ઘણાં માતેલાં બની જઈને આ વાતમાં ભારે વિક્ષેપ ઊભો કરી રહ્યાં છે. કટ્ટરવાદી તત્ત્વો વિદ્વેષ ને વૈમનસ્ય વધારી રહ્યાં છે તથા ઘૃણા ને નફરત ફેલાવી રહ્યાં છે. અને તેમ છતાં આપણી સહિયારી સંમિશ્રિત ભારતીય સંસ્કૃતિ આજે પણ અખંડિત છે, અને તેના વિકાસમાં બંને કોમનું યોગદાન મળી રહ્યું છે.

એવો ગોકીરો મચાવાઈ રહ્યો છે કે મુસ્લિમો આ દેશના મધ્ય પ્રવાહથી અળગા ને અળગા જ રહે છે, પોતાના કોચલામાં જ પુરાયેલા રહે છે, એમને આ દેશની સંસ્કૃતિ સાથે કાંઈ લેવાદેવા નથી, એમનું તો જુદું જ રાષ્ટ્ર છે. પેલી દ્વિ-રાષ્ટ્રવાદની બેહૂદી ફિલસૂફીને ફરી ઉખેળાઈ રહી છે.

પરંતુ આ દ્વિ-રાષ્ટ્રવાદની થિયરી સાવ ખોટી છે, પાર વગરનો અનર્થ કરનારી છે, આ દેશના આત્માને વહેરી નાખનારી છે. ખરેખરી વાસ્તવિકતા શી છે ? બહેન નાસિરા કહે છે કે ભારતના મુસ્લિમ સમાજમાં ૧૦ ટકા ઉચ્ચ વર્ગ છે, ૧૦ ટકા મધ્યમ વર્ગ છે અને બાકીના ૮૦ ટકા ગરીબ મજૂર, ખેડૂત અને ખૂબ મહેનત-મજૂરી કરીને માંડ-માંડ પેટિયું રળતા કારીગર વર્ગના છે. તેઓ ગરીબ છે, અશિક્ષિત છે અને રૂઢિચુસ્તતા ને ધર્માંધતાના ઝટ શિકાર બની જાય છે. મુલ્લા-મૌલવીઓ અને કટ્ટરવાદીઓ આ લોકોનો પૂરેપૂરો ગેરલાભ ઉઠાવતા રહે છે. ડૉ૰ ઝકરિયાએ પણ નોંધ્યું છે કે અઝીઝ પ્રેમજી જેવા ધનાઢ્ય અને ઉચ્ચ વર્ગના મુસ્લિમોને આ ગરીબી ને અજ્ઞાનમાં સબડતા પોતાની કોમના ભાઈઓની કાંઈ જ પડી નથી. આવી પરિસ્થિતિમાં મુસ્લિમ સમાજનો

બહુ મોટો વર્ગ દેશના જાહેર જીવનમાં ઝાઝો ભાગ ન ભજવતો હોય અથવા ન ભજવી શકતો હોય, તો તે માટે તેને કસૂરવાર ઠરાવીને દોષ દેવો, એ તો દાઝ્યા ઉપર ડામ દેવા બરાબર છે. બલ્કે, એમના દેશબાંધવો તરીકે આપણને એમની કમનસિબી પ્રત્યે સહાનુભૂતિ થવી જોઈએ કે રાજા રામમોહન રાયથી લઈને ગાંધી સુધીના સમાજ-સુધારકો જેવા સુધારકો એ કોમમાં ન પાક્યા. ઉપરાંત, મુસલમાનોના બહુજન સમાજને આવી કંગાળ પરિસ્થિતિમાંથી શીઘ્રાતિશિઘ્ર બહાર કેવી રીતે કાઢવા, તેની ગંભીર નિસ્બત આપણે અનુભવવી જોઈએ.

ખેર, આની સાથે જ ન ઉવેખી શકાય એવી હકીકત એ છે કે આવી કંગાલિયત ને વિષમ પરિસ્થિતિમાં સબડતો ન હોય એવો મુસ્લિમ સમાજ આપણા રાષ્ટ્રજીવનમાં પોતાનું યોગદાન આપવામાં લગીરે પાછળ નથી રહ્યો. બલ્કે, અનેક ક્ષેત્રોમાં મુસ્લિમ બિરાદરોનું પ્રદાન અત્યંત ઉચ્ચ કોટિનું ને ગૌરવવંતું રહ્યું છે. આપણી સહિયારી સંમિશ્રિત ભારતીય સંસ્કૃતિના વિકાસમાં મુસ્લિમોનો પણ ફાળો અનેરો રહ્યો છે. સંગીત, ચિત્રકળા, સ્થાપત્ય, સાહિત્ય, ફિલ્મ, રમતગમત વગેરે ક્ષેત્રમાં હિંદુ-મુસ્લિમ જેવા કોઈ ભેદ રહ્યા નથી. અને કેટલીક બાબતમાં તો મુસ્લિમોનું પ્રદાન વિશેષ નોંધપાત્ર રહ્યું છે.

સારાંશ કે, સો વરસના આ અંધકારયુગમાંયે મિયાં-મહાદેવના મેળની પ્રક્રિયા થોડી ક્ષીણ ભલે થઈ હોય, સુપ્ત ભલે રહી હોય, તે લુપ્ત નથી થઈ. દેશના પ્રજાજીવનમાં અને સાંસ્કૃતિક જીવનમાં તે પ્રક્રિયા નિરંતર ચાલુ જ રહી છે. ભાન ભૂલેલાં કટ્ટરવાદી પરિબળો તેમ જ રાજકીય પરિબળોએ તેને કુંઠિત કરી નાખી છે, પરંતુ એ હરગિજ લુપ્ત થવાની નથી. કારણ કે બહેન નાસિરા આત્મપ્રતીતિ સાથે કહે છે તેમ હિંદુસ્તાનની ધરતીની એ ખાસિયત છે કે તે પોતાની અહમિયતને કદી બદલવા દેતી નથી, તે પરંપરાને નિભાવતી આવી છે અને નકામી ચીજોને પાછળ છોડતી આવી છે. આ જ એની કરોડરજ્જુ છે, જેના ઉપર ભારતીય સમાજ ટકેલો છે.

તેથી જ નાસિરાબહેને આપણને સહુને આહ્વાન કર્યું છે કે આ બધા રાજકારણીઓને કહી દઈએ કે અમને અંદરોઅંદર લડાવી મારવાનો તમારો ધંધો હવે બંધ કરો. કોઈ બીજો સારો કામધંધો શોધી લો. બીજાનાં ગળાં કાપવાનું ને કપાવવાનું બંધ કરો. બસ, હવે બહુ થઈ ગયું !

આમ, આપણે સહુ મળીને છેલ્લાં ૧૦૦ વરસના અંધારયુગને ખતમ કરીએ. તે દરમ્યાન ઊભી થયેલી અનેકાનેક ગેરસમજો ને વિકૃતિઓ, પરસ્પર ઘૃણા ને અવિશ્વાસ, ખોટાં કૃત્યો ને અજુગતી ઘટનાઓ, બધું જ બધું ભૂલી જઈએ, દૂર કરીએ. સ્નેહ-સૌહાર્દ ને આત્મીય સમજદારીનું એક એવું વાતાવરણ ફરી ઊભું કરીએ કે જેમાં આ ભારતભૂમિમાં સદીઓથી પાંગરતી આવેલી સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિ વધુ ને વધુ પુષ્ટ થાય. રામકૃષ્ણ-વિવેકાનંદે આરંભેલી બૃહદ્ સમન્વય ને સંસ્કૃતિ-સંગમની પ્રક્રિયાનો તૂટેલો તંતુ ફરી સાંધી લઈએ. ભારતીય

સંસ્કૃતિની વિશ્વ આખાને આ સૌથી મોટી દેણ છે, અને આજના વિશ્વીકરણના યુગમાં તેની તાતી જરૂર છે.

આજની ઘડીનો આ તકાદો છે. માટે બધી જ શંકા-આશંકાઓ છોડી દઈને કહીએ કે મિયાં ને મહાદેવનો મેળ પડશે જ પડશે. બલ્કે, 'પડશે જ પડશે' એટલુંયે નહીં 'પાડવો જ પડશે.' તેના વિના છૂટકો નથી. આજની પરિસ્થિતિની એ અનિવાર્ય માંગ છે.

આજની ઘડીની વાસ્તવિકતા આવી છે —

(૧) હિંદુ ને મુસલમાન, બંનેએ આ દેશમાં સાથે જ રહેવાનું છે. તેમાં કશો મીનમેખ થઈ શકે તેમ છે જ નહીં. ઇન્ડોનેશિયાને બાદ કરતાં દુનિયામાં મુસલમાન-વસ્તી ધરાવનારો બીજા નંબરનો દેશ ભારત છે. પાકિસ્તાન કરતાંયે વધુ મુસલમાનો આપણે ત્યાં વસે છે. તે બધા આ ધરતીનાં જ સંતાનો છે, અને અહીં જ રહેવાનાં છે. તો લડતા-ઝઘડતા રહેવાને બદલે હળી-મળીને શાંતિ ને સુમેળથી શું કામ ન રહીએ ?

(૨) એક જ ધરતીનાં સંતાનોને વિભાજિત કરતી દ્વિ-રાષ્ટ્રવાદની ફિલસૂફી દેશની ધરતીમાંથી એક ટુકડો કપાવી ગઈ અને તે ટુકડાને આપણા માટે કાયમનો એક વિદેશ બનાવી ગઈ. એવી જ રીતે હવે 'ભારતીય રાષ્ટ્ર' નહીં, 'હિંદુ રાષ્ટ્ર'નો ફરી એક જ ધરતીનાં સંતાનોને વિભાજિત કરતો રાષ્ટ્રવાદ પણ દેશના વધુ ટુકડા જ પડાવતો જશે.

એ તો સાવ સામાન્ય સમજની વાત છે કે બંને જો સાથે નથી રહી શકતા, તો બંનેની સહિયારી એવી ધરતીને બે ટુકડામાં વહેંચી દઈને બંનેએ પાસે પાસે રહેવું પડશે. અને જેટલી નફરત એકબીજા પ્રત્યે ઘૂંટી હશે, તેટલા એકબીજા પ્રત્યે ઘૂરકિયાં કરતાં-કરતાં અને એકબીજાનો ભય સેવતાં-સેવતાં જીવવું પડશે. ખરું જોતાં, દેશના આ બીજા ભાગલા જ હશે. એ ભાગલા અગાઉ જેવા પ્રદેશના ભાગલા નહીં હોય, ખરેખરા દેશના જ ભાગલા હશે, દેશના ચપ્પા-ચપ્પાના ભાગલા હશે. પેલા ભાગલાથી તો દેશના અમુક પ્રદેશો, અમુક ભાગો દેશથી છૂટા પડી જઈને અલગ પાકિસ્તાન બની ગયા, એટલું જ માત્ર થયું. આજે હવે જે ભાગલા પડશે, તે દેશની અંદર જ ગામેગામ અને નગરે નગરે અમુક ભાગ અલાયદા બની જઈને ત્યાં પાકિસ્તાન ઊભાં થશે.

આ વસ્તુસ્થિતિ દેશની અંદર જ બે રાષ્ટ્ર ઊભાં કરશે. દેશનું પ્રજાકીય પોત આને લીધે ફિસ્સું બનશે. દેશ નબળો બનશે. દેશની સાંસ્કૃતિક રાષ્ટ્રીયતા વીંખાઈ જશે. સર્વસમાવેશક ભારતીયતામાં મ્હોરેલું હિંદુત્વ કરમાઈ જશે, સંકીર્ણ બની જશે. તેજસ્વી, ગૌરવશાળી અને જગતવ્યાપી સંસ્કૃતિ-સંગમ સાધવા મથતા હિંદુત્વનું રામકૃષ્ણ-વિવેકાનંદનું સપનું રોળાઈ જશે. જગતના ચોકમાં વિવેકાનંદે લહેરાવેલા સમન્વયકારી ને સુસંવાદી હિંદુત્વના વાવટાના લીરા-ચીરા ઊડી જશે.

માટે એક જ ધરતીનાં સંતાનો સાથે રહીને સુમેળભર્યું સહજીવન વિકસાવે, એ જ એકમાત્ર ઉપાય છે.

(૩) આ બાબતને થોડા વ્યાપક પરિપ્રેક્ષ્યમાંયે જોવી જોઈએ. આપણે એ વિશે સભાન બનવું જોઈએ કે આજે આપણી સામે એક બહુ મોટો પડકાર ઊભો થયો છે. એક ભૌતિકવાદી સભ્યતાની બોલબાલા આજે ચારે કોર વધી રહી છે. આ દેશની સંસ્કૃતિ સામે આજે મુખ્ય પડકાર કોઈ ધર્મનો નહીં, પણ આ ભાન ભૂલેલી અર્થવાદી ને ભૌતિકવાદી સભ્યતાનો છે. તેની ખોટી ને વિઘાતક ફિલસૂફીનું ઘોડાપૂર આજે દુનિયા આખીમાં માનવીય ને સાંસ્કૃતિક મૂલ્યોનો સફાયો કરી નાખે એવો ખતરો આજે દુનિયાને માથે ઝળૂંબી રહ્યો છે. પૃથ્વી પરથી કેટલીક સ્પીસીસ—પંખીઓ, પ્રાણીઓ વગેરેની કેટલીક પ્રજાતિઓ નેસ્તનાબૂદ થઈ જાય તેની ભારે ચિંતા ને ભીતિ આજે સેવાઈ રહી છે. પરંતુ તેનાથીયે કેટલાય ગણો મોટો ભય તો અમેરિકાના આ ઘોડાપૂરમાં આપણા જેવી હજારો વરસની અનેક સંસ્કૃતિઓ નામશેષ થઈ જાય તેનો છે. અમેરિકાના આ અતિશય વિધ્વંસક ને અનિષ્ટકારક ઘોડાપૂરનો સામનો કેવી રીતે કરવો, એ આજની ઘડીનો સૌથી મોટો પડકાર છે.

(૪) આ પડકાર ઝીલી લેવા માટે પ્રચંડ સંઘશક્તિની જરૂર પડશે. યુરોપિયન સંઘના પ્રત્યક્ષ દાખલામાંથી બોધપાઠ લઈ દક્ષિણ-પૂર્વ એશિયાના બધા દેશોનો મહાસંઘ રચીને જ આજે આ પડકારને ઝીલી શકાશે. આ મહાસંઘમાં સાર્કના આજના બધા દેશો ઉપરાંત બ્રહ્મદેશ, મલેશિયા, ઇન્ડોનેશિયા વગેરે દેશો પણ હોય. ભારતમાંથી બૌદ્ધ તેમ જ હિંદુ સંસ્કૃતિ આ સમસ્ત પ્રદેશમાં વરસોથી ઘણી ફેલાયેલી છે. ત્યાંના લોકજીવનમાં આપણે ત્યાંનાં અનેકવિધ સાંસ્કૃતિક મૂલ્યો ઠીક ઠીક પ્રમાણમાં રસાઈ ગયાં છે. આને લીધે આવો મહાસંઘ સ્વાભાવિક અને વ્યવહારુ પણ બની રહેશે.

આ ઉપરાંત આ મહાસંઘ સાથે અફઘાનિસ્તાન, ઈરાન, ઈરાક અને અન્ય આરબ દેશોનુંયે એક લચીલું બૃહદ્ સંગઠન રચાય. આ બધા મધ્ય પૂર્વના દેશો સાથેનો આપણો સંબંધ પણ ઘણો જૂનો ને ઊંડો છે. વરસોથી આ આખાયે પ્રદેશમાં પરસ્પર સાહિત્યિક, વ્યાપારી ને સાંસ્કૃતિક આદાનપ્રદાન પુષ્કળ રહ્યું છે. બહેન નાસિરા તો કહે છે કે આ આખાયે પ્રદેશમાં સહિયારી પ્રાચીન સભ્યતા-સંસ્કૃતિની નક્કર જમીન હજી કાયમ છે. સમન્વયાત્મક સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિથી રસાયેલી એશિયાઈ માટી કોઈ પણ ધર્મ-વિચાર કરતાં વધારે પુરાતન, ઊંડી અને ઉપજાઉ છે.

આવું કાંઈક કરીએ, તો જ અમેરિકાના વિધ્વંસક ઘોડાપૂર દ્વારા ઊભા થયેલ આજના પ્રચંડ પડકારનો સામનો કરી શકાશે.

(૫) રામકૃષ્ણ-વિવેકાનંદનો છૂટી ગયેલો તંતુ ફરી પકડી લઈને તેને આગળ વધારવાનો છે. સર્વ ધર્મોનો સમન્વય સાધતાં-સાધતાં એક માનવધર્મ તરફ આગળ વધવાનું છે. રામકૃષ્ણ-વિવેકાનંદે આરંભેલી બૃહદ્ સમન્વય અને સંસ્કૃતિ-સંગમની પ્રક્રિયા છેલ્લાં ૧૦૦ વરસમાં કુંઠિત થઈ છે, તેને ફરી ધબકતી કરીને એક સહિયારી સંમિશ્રિત માનવ-સંસ્કૃતિ પાંગરે, તે માટે મથવાનું છે.

(૬) આવા સાંસ્કૃતિક સામંજસ્યની આજે તાતી જરૂર છે. વિશ્વીકરણના આજના જમાનામાં આવો એક બહુ મોટો પડકાર આપણી સામે છે. વિશ્વ એક થઈ રહ્યું છે. દુનિયાભરની વિવિધ સંસ્કૃતિઓ તથા વિધવિધ સમાજો ને ધર્મો આજે એકદમ નિકટ આવી રહ્યા છે. ત્યારે એમની વચ્ચે કુસ્તી થશે કે દોસ્તી ? જો કુસ્તી થાય, તો ધર્મભાવના અને સંસ્કૃતિ-સાધનાના ક્ષેત્રે અત્યાર સુધી જે કાંઈ સંચિત થયેલું છે, તે બધું વેરાઈ-વિખેરાઈ જાય. પરંતુ દોસ્તી થાય, તો એક માનવધર્મ, એક માનવ-સંસ્કૃતિ અને એક વિશ્વ-કુટુંબની દિશામાં આગળ વધવા માટેની અનુકૂળતા ઊભી થાય. ભિન્ન-ભિન્ન સંસ્કૃતિઓ વચ્ચે સંઘર્ષ નહીં, સમન્વય. વિભિન્ન ધર્મો ને સંસ્કૃતિઓ વચ્ચે દ્વેષ, ઘૃણા, નફરત જ ચાલતાં રહે, તો દુનિયા વિભાજિત થતી જશે, કાયમ સંઘર્ષરત રહેશે અને દુનિયામાં કયારેય સુખ ને શાંતિ સ્થાપી શકાશે નહીં. માટે વિવિધ ધર્મો, સભ્યતાઓ ને સંસ્કૃતિઓ વચ્ચે clash (સંઘર્ષ) નહીં, પણ congruence (સામંજસ્ય) અને confluence (સંગમ, સંમિલન). આ જો સાધવું હશે, તો ભારતીય સંસ્કૃતિનું સમન્વયનું મિશન જ કામમાં આવશે. ભારતીય સંસ્કૃતિમાં સહુને સમાવી લેતી, આત્મસાત્ કરતી રહેતી સમન્વયની પ્રક્રિયા અખંડ ચાલતી રહી છે. અનેકવિધ તાત્ત્વિક વિચારભેદ અને પાર વિનાના આચારભેદને પચાવી જવાની તથા વિવિધતામાં એકતા સાધવાની અદ્ભુત શક્તિ ભારતીય સંસ્કૃતિએ દાખવી છે. હવે આવો જ બૃહદ્ સમન્વય આખા વિશ્વના ફલક ઉપર સાધવાનો પડકાર આજે આપણી સામે છે. તો જ સંસ્કૃતિઓ વચ્ચેનો સંઘર્ષ ટાળી શકાશે. અને આ દિશામાં આગળ વધવા માટે ભારતે સૌથી પહેલાં પોતાની ભૂમિમાં આવો બૃહદ્ સમન્વય તેમ જ સંસ્કૃતિ-સંગમ સાધી બતાવવાનો છે, મિયાં ને મહાદેવનો મેળ પાડવાનો છે, અને દુનિયા આખીને એક ઉદાહરણ પૂરું પાડવાનું છે. ભારત આખરે વિશ્વની એક લઘુ આવૃત્તિ સમાન છે. વિશ્વ જયારે એક કુટુંબ બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે માનવજાતને ભારતનું આ જ શ્રેષ્ઠ યોગદાન ગણાશે.

— આમ આ આખીયે બાબતને આવા વ્યાપક ને સમગ્ર પરિપ્રેક્ષ્યમાં જોવી પડશે. તેને માટે જરૂર છે, વ્યાપક દિલની અને દીર્ઘ દષ્ટિની. સ્નેહ-સૌહાર્દનું ને આત્મીય સમજદારીનું એક નવું વાતાવરણ ઊભું કરવાનું છે તથા થોડુંક દૂર જોવાનું છે. *'દીર્ઘ પશ્ય, મા હ્રસ્વ'* —દૂરનું જુઓ, કોચલમાં પુરાઈ ન રહો. થોડુંક દૂરનું જોઈશું, તો જણાશે કે હજીયે સંકીર્ણ માનોદશામાં કેદ રહીને નાહકના સંઘર્ષોમાં આપણી શક્તિ વેડફી નાખવાને બદલે આજે તાતી જરૂર છે એક નવું પ્રકરણ શરૂ કરવાની. આને માટે નવું ચિત્ત જોઈશે ને નવું ચિંતન જોઈશે. આને માટે નવાં અરમાન જોઈશે ને નવો અભિગમ જોઈશે. આને માટે જૂનું ઘણું છોડવું પડશે ને નવું ઘણું ઝીલવું પડશે. આને માટે ભારતીય સંસ્કૃતિના અસલ સમન્વયના મિશનનું પૂર્ણ પ્રફુલ્લીકરણ કરવાની નિષ્ઠાપૂર્વકની તમન્ના જોઈશે અને હૃદયપૂર્વકની નિસ્બત જોઈશે. આને માટે છેલ્લાં સો વરસમાં સંકીર્ણ રાજકારણ તેમજ અન્ય વિપરીત પરિબળો દ્વારા ઊભા થયેલા

કમનસીબ વિક્ષેપને દૂર કરીને તથા રામકૃષ્ણ-વિવેકાનંદના તૂટી ગયેલા તંતુને ફરી સાંધી લઈને બૃહદ્ સંસ્કૃતિ-સંગમની પ્રક્રિયાને પૂર્ણપણે ખીલવવાનો દૃઢ સંકલ્પ ને ભગીરથ પુરુષાર્થ જોઈશે.

બહેન નાસિરા કહે છે : ભારત જેવા દરેક રીતે સંપન્ન એવા દેશમાં હોવા છતાં આપણે લોકો હજીયે દળદરી ને સાવ ના-સમજ વ્યવહાર-વર્તન કરતા રહીશું ? આટલી સ્વતંત્રતા, આટલી ઉન્મુકતતા, આટલી વિવિધતા, આટલો વિસ્તાર, આટલી અનેકતા, આટલી વિભિન્નતા ભારત સિવાય બીજે કયાં છે ? શું આવો દેશ છે કોઈ બીજો વિશ્વના નકશામાં આ પૃથ્વીના પટ ઉપર ? ભારતીય સંસ્કૃતિની સમન્વયની અને સહિયારા સંમિશ્રિત સહજીવનની પ્રક્રિયા તે એ જ માનવીય પ્રક્રિયા છે, જે નાના સ્તરે આપણાં સંયુકત કુટુંબોમાં ચાલતી હોય છે. તેમાં બંધન ને ઘૂટન પણ છે તથા સ્વતંત્રતા ને સુરક્ષા પણ છે. તેમાં ઝઘડા-રીસામણાંયે છે તથા પ્યાર-મહોબ્બત પણ છે. અને સૌથી મોટી વાત છે, એકબીજા વિના જીવી નહીં શકવાની કેફિયત, લડી-ઝઘડીનેય ફરી એક થઈ જવાની આદત. આપણે સહુ પણ એક જ ધરતીનાં સંતાન. તો પછી જયારે લોહીનો નાતો નથી તૂટી શકતો, તો ધરતીનો નાતોયે કેમ તૂટી શકે ? —મિયાં ને મહાદેવ મેળ પાડ્યા વિના રહી જ કેમ શકે ?

---

**'Indian Muslims — Where have they gone wrong'**
by Rafiq Zakaria.
Popular Prakashan & Bhartiya Vidya Bhavan.
Pages 620, Rs. 495

**'राष्ट्र और मुसलमान'**
—નાસિરા શર્મા.
કિતાબઘર પ્રકશન, ૨૪, અંસારી રોડ, દરિયાગંજ, નવી દિલ્લી-૧૧૦૦૦૨.
પૃષ્ઠ ૨૬૪ કિ.રૂ. ૨૫૦.


Acc. No. 130262
Date 9-9-2010
SIMLA

# આજે તાતી જરૂર છે, વિચારશુદ્ધિ-યજ્ઞની

ગોધરામાં અને ગોધરા બાદ જે કાંઈ બન્યું, તે નરદમ અવિચારનું પરિણામ હતું.
ધર્મના નામે અને ધર્મના સાવ ખોટા ખ્યાલથી માણસ પોતાની બધી જ માણસાઈ ખોઈ બેઠો.

વિનોબા કહેતા, આપણી પાસે બે શક્તિ છે – એક વિચારની શક્તિ અને બીજી પ્રેમની શક્તિ.
માટે પ્રેમપૂર્વક સાચો ને શુદ્ધ વિચાર સમજાવવો પડશે.

એવા વિચારશુદ્ધિ યજ્ઞ રૂપે નીપજેલું થોડુંક સાહિત્ય :



ડંકાની ચોટ પર વિનોબાનું કહેવું છે કે
ઝઘડો બે ધર્મો વચ્ચે નથી થતો,
ઝઘડો બે અધર્મો વચ્ચે જ થાય છે.
ત્યારે ખરેખરો ધર્મ શું છે,
ધર્મની વિભાવના તેના અસલ શુદ્ધ સ્વરૂપમાં શી છે,
તે સર્વ ધર્મોના ઉપાસક એવા વિનોબાજીની
તપ:પૂત પ્રજ્ઞાશીલ નિર્મળ વાણીમાં જાણીએ.

**ગર્વથી કહું છું, હું હિંદુ છું-મુસલમાન છું-ખ્રિસ્તી-બૌદ્ધ-શીખ-જૈન છું**
**– વિનોબા પાન ૬૪ રૂ. ૧૦**




સહુનું ભરણપોષણ કરનારો ભૂખંડ, એટલે ભારત.
આ ભારતભૂમિમાં પાંગરી છે, સર્વ સમન્વયકારી ભારતીય સંસ્કૃતિ.
આજે દુનિયામાં બૃહદ્ સાંસ્કૃતિક સમન્વયનો પડકાર ઊભો છે,
ત્યારે ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર એવા વિનોબાજીના શબ્દોમાં
ભારતીય સંસ્કૃતિને તેના સાચા શુદ્ધ સ્વરૂપમાં સમજીએ
અને રામકૃષ્ણ-વિવેકાનંદે આરંભેલ સંસ્કૃતિ-સંગમની પ્રક્રિયાને આગળ વધારીએ.

**ભારતીય સંસ્કૃતિ – વિનોબા પાન ૬૪ રૂ. ૨૦**




ભારતની સહિયારી સંમિશ્ર સંસ્કૃતિમાંથી મ્હોરેલું અસલ
હિંદુત્વ કેવું હોય, તે લોકોને અધ્યયનપૂર્વક ને પ્રેમપૂર્વક સુપેરે સમજાવવું પડશે.
કટ્ટર હિંદુવાદી, કટ્ટર મુસ્લિમવાદી, કટ્ટર સેક્યુલરવાદી, કટ્ટર એન્ટી-સેક્યુલરવાદી
—આ ચારેય અભિગમોથી ભિન્ન અને નિરપેક્ષ એવો પંચમ અભિગમ—
નિરુપાધિક નર્યા માણસ તરીકેનો અભિગમ જ આ દોજખમાંથી આપણને બહાર કાઢી શકશે.
ભગવાનને પ્રાર્થના કરીએ –દ્વાર દયા કા જબ તૂ ખોલે, પંચમ સૂર મેં ગૂંગા બોલે !
આ પંચમ સૂર હિમાલયની ચોટી પરથી પોકારી-પોકારીને કહેશે
—મિયાં ને મહાદેવનો મેળ પડશે જ પડશે !

**હિંદુત્વ - એક અધ્યયન**
**- કાન્તિ શાહ પાન ૧૧૨ રૂ. ૩૦**

**મિયાં ને મહાદેવનો મેળ પડશે જ પડશે**
**- કાન્તિ શાહ પાન ૮૦ રૂ. ૨૦**

**યજ્ઞ પ્રકાશન ભૂમિપૂત્ર હુગરાતપાગા વડોદરા ૩૯૦ ૦૦૧**



હિંદૂ કહત હૈ રામ હમારા, મુસલમાન રહમાના
આપસ મેં દોઉ લડે મરત હૈં, મરમ કોઈ નહીં જાના.

માલા પહિરે ટોપી પહિરે, છાપ-તિલક અનુમાના
સાખી સબ્દૈ ગાવત ભૂલે, આતમ ખબર ન જાના.

હિંદૂ ધ્યાવૈ દેહરા, મુસલમાનહૂ મસીત
દાસ કબીર તહાં ધ્યાવહીં, જહાં દોનોં કી પરતીત.

હિંદૂ કહૂં તો મૈં નહીં, મુસલમાન ભી નાહિં
પાંચ તત્ત્વ કા પૂતલા, ગૈબી ખેલે માહિં.

અલખ ઈલાહી એક હૈ, નામ ધરાયા દોય
કહૈ કબીર દો નામ સુનિ, ભરમ પરૌ મતિ કોય.

રામ રહીમા એક હૈ, નામ
કહૈ કબીર દો નામ સુનિ, ભ

કાશી કાબા એક હૈ, એકૈ
મૈદા એક પકવાન બહુ, બૈ

Library IIAS, Shimla
GJ 891.478 SH 136 M
00130262

એક નિરંજન અલહ મેરા, હિંદૂ તુરક દુહૂ નહી મેરા
પૂજા કરું ન નિમાજ ગુજારું, એક નિરાકાર હિરદૈ નમસ્કારું
ના હજ જાઉં ન તીરથ પૂજા, એક પિછાંણ્યા તૌ કા દૂજા.
કબીરં ભરમ સબ ભાગા, એક નિરંજનસૂં મન લાગા.

SABARMATI ASHRAM
000785 Ahmedabad
MIYA NE MAHADEVNO MEL
PADSHI J PADASHE GUJ.
MRP : Rs. 30

વહી મહાદેવ વહી મહંમદ, બ્રહ્મા-આદમ કહિયે
ઈ હિંદૂ કોઈ તુરક કહાવૈ, એક જમીં પર રહિયે.